રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈ તાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

લોકભારતી કૃષિવિજ્ઞાન કેન્દ્ર, ખેતીવાડી-શાખા તથા જિલ્લા પંચાયતના સંયુક્ત ઉપક્રમે

## આંતરરાષ્ટ્રીય તૃણધાન્ય વર્ષ ૨૦૨૩

## જિલ્લાકક્ષાનો ઉત્સવ તથા કૃષિપ્રદર્શન




સ્થળ : સારસ્વત ભવન

તારીખ : ૨૮-૦૨-૨૦૨૩, મંગળવાર

વર્ષ: ૭૬ | અંક : ૦૯ | ૧૫ એપ્રિલ, ૨૦૨૩

## આંતરરાષ્ટ્રીય તૃણધાન્ય વર્ષ ૨૦૨૩ અંતર્ગત જિલ્લા કક્ષાનો ઉત્સવ અને કૃષિપ્રદર્શન










## રાષ્ટ્રીય મસાલા સંશોધન કેન્દ્ર, અજમેર અને કૃષિ બાગાયત સંશોધન કેન્દ્ર, મણારના સંયુક્ત ઉપક્રમે યોજાયેલો રાષ્ટ્રીય મસાલા-પાક પરિસંવાદ





# કોડિયું

વર્ષ : ૭૬ એપ્રિલ : ૨૦૨૩ અંક : ૦૯


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | **અમેરિકાના એરોનોટિકસમાં નિગ્રો સ્ત્રીઓનું પ્રદાન**<br>મુનિ દવે | ...૩૭૮ |
| ૦૨ | **સમાજમાં કિશોરીઓના ઉછેરમાં થતો ભેદભાવ**<br>રેખાબા સરવૈયા | ...૩૮૧ |
| ૦૩ | **ઈતિહાસદષ્ટિથી સાચા ધર્મની પરખ**<br>મનસુખ સલ્લા | ...૩૮૫ |
| ૦૪ | **કળાવિદ્ જોરાવરસિંહ જાદવ**<br>ડૉ. દિનુ ચુડાસમા | ...૩૮૭ |
| ૦૫ | **કચ્છમાં હોળીની વિવિધ પરંપરાઓ**<br>માવજી મહેશ્વરી | ...૩૯૧ |
| ૦૬ | **'માલપરા' કહો..કે..કહો - 'માટલિયાભાઈ'! બંને એકબીજાના પર્યાય બની ગયા!**<br>હીરજી ભીંગરાડિયા | ...૩૯૩ |
| ૦૭ | **'હું એકે વાદમાં બંધાઉં એવી નથી...' : ધીરુબહેન પટેલ**<br>સોનલ પરીખ | ...૩૯૮ |
| ૦૮ | **ગુજરાતી લેખનશૈલી**<br>ડૉ. બળવંતભાઈ તેજાણી | ...૪૦૧ |
| ૦૯ | **'ગાંધી ચિત્રકથા' ૧૯ ભાષામાં પ્રકાશન અને લોકાર્પણ**<br>ભૂષણ ઓઝા | ...૪૦૩ |
| ૧૦ | **જિંદગીની વાત જીવથી...**<br>રણછોડ શાહ | ...૪૦૫ |
| ૧૧ | **વૈષ્ણવજન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે..**<br>મહેશ પઢારિયા | ...૪૦૭ |
| ૧૨ | **ઉમદા ચારિત્ર**<br>મહેન્દ્રભાઈ સી. જોષી | ...૪૧૦ |
| ૧૩ | **સંસ્થા સમાચાર**<br>પ્રશાંત મહેતા | ...૪૧૧ |

**આદ્યતંત્રીઓ :**

સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**

ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**

ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**

સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**

શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**

ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**

ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**

ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા


### ◆ સૂચના ◆

- ‘કોડિયું’ દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- ગમે તે મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

### ◆ લેખ મોકલવા માટે ◆

‘કોડિયું’ કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

### ◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર ◆

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

### ◆ લેખકોને ◆

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

### ◆ લવાજમ ◆

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

વૈજ્ઞાનિકોના મતે આજથી વીસેક અબજ વર્ષ પહેલાં બ્રહ્મઅણુ ફાટ્યું અને તેમાંથી કાળક્રમે બ્રહ્માંડ રચાયું. આજથી ત્રણેક અબજ વર્ષ પહેલાં પ્રથમ જીવબિંદુ પ્રગટ્યું અને ઉત્ક્રાંતિની કાળગંગામાં આજથી એકાદ લાખ વર્ષ પહેલાં માણસ ઊભો થયો. ૮૮ હજાર વર્ષ તો એ અન્ય જીવોની જેમ ભટકતું જીવન જ જીવ્યો. પૃથ્વી પરની કુલ ૧૦ કરોડ જેટલી પ્રજાતિઓમાં એક માનવજાતિ વિકસવા લાગી. વૈજ્ઞાનીઓનાં સંશોધનોના પરિણામે ઘણા પ્રયત્નો છતાં માત્ર ૧૭ લાખ પ્રજાતિઓને ઓળખી શકાઈ છે! ૧૨ હજાર વર્ષથી સ્થિર જીવન જીવતો થયેલ માણસ માત્ર ૬ હજાર વર્ષથી ઠેકાણે પડ્યો છે. પ્રાકૃતિક જીવમાંથી એ સંસ્કારોના સહારે સંસ્કૃતિને અધીન થતો ગયો. આમ, તમામ પ્રાકૃત જીવો વચ્ચે એકમાત્ર માણસ જ સંસ્કૃત થયો છે. તેમ છતાં એક રસિક તારણ એવું નીકળ્યું છે કે તમામ જીવોનો હેતુ તો એક સરખો જ છે, અને તે છે મોજ કરવી. તમામ જીવો પોતપોતાનું સુખ શોધવા-માણવા માટે જ જીવી રહ્યા હોય તેવું સ્પષ્ટ જણાયું છે. આ સુખના સ્રોત અલગ અલગ હોઈ શકે પણ લક્ષ તો સ્પષ્ટ જ રહ્યું છે. પ્રારંભમાં માત્ર અસ્તિત્વ ટકાવવાની માથાકૂટમાં રહ્યો. શક્તિશાળી પ્રાણીઓ અને પ્રાકૃતિક પ્રકોપોથી બચવાનું હતું. સ્વબચાવની અથાક મથામણના પરિણામે અગ્નિ, પૈડું અને ખેતીનો આવિષ્કાર થયો. માણસ સુરક્ષિત થયો અને ખેતીએ તેને સ્થિર કર્યો. માણસને હવે નવરાશ મળવા લાગી અને પરિણામે એ વિચારે ચડ્યો!

આ નવરાશનો મહત્તમ લાભ ભારતીય ઋષિઓએ લીધો. ઋષિઓ એટલે શોધકો, વૈજ્ઞાનીઓ, તપસ્વીઓ. ઋષિઓ દ્વારા ખગોળથી માંડી આયુર્વેદ જેવાં અનેક શાસ્ત્રો શોધાયાં. આવાં શાસ્ત્રો તો ઘણાં શોધાયાં પરંતુ એ આંતરિક સુખ આપવામાં નિષ્ફળ રહ્યાં!! ભૌતિક સુખ ભરપૂર આપ્યું. મનુષ્યની મહત્ત્વની પ્રવૃત્તિ કોઈ રહી હોય તો તે છે 'સુખની શોધ' કરવી! અગ્નિની શોધથી AI સુધીની શોધનો હેતુ માત્ર ભૌતિક સુખ વધારવાનો જ રહ્યો છે! સુખ તો મળે છે પણ તે ટકતું નથી, શાશ્વત નથી.

ભારતીય ઋષિઓએ સખત તપશ્ચર્યા કરીને, અભ્યાસ કરીને, વિશ્વને સમજાવ્યું કે શાશ્વત સુખનું પગેરું 'આત્મજ્ઞાન'માં સમાયેલું છે. ઋષિઓ જયારે આત્મજ્ઞાનની ખોજમાં આંતરિક જગત સુધી પહોંચ્યા ત્યારે તેમણે શાશ્વત આનંદની અનુભૂતિ કરી. મનને પાર કરીને ચેતના સુધી પહોંચી ગયા. તપશ્ચર્યાનું પરિણામ તેમના વાણી-વર્તન-વ્યવહારમાં આવ્યું. આ અવર્ણનીય- અલૌકિક અનુભૂતિની અભિવ્યક્તિને તેમણે 'વેદ' નામ આપ્યું. વેદના બે ભાગ પાડ્યા. એકમાં કર્મકાંડ અને બીજામાં શુદ્ધ જ્ઞાન. આ જ્ઞાન-વિભાગને તેમણે 'ઉપનિષદો' નામ આપ્યું. ઉપનિષદોએ સમજાવ્યું કે સાચું અને સ્થાયી સુખ કેવળ પોતાનામાંથી જ મળી શકે. સાચું જગત તો આંતરિક જગત જ છે. બાહ્ય જગત તો તેનો માત્ર પડછાયો છે! 'આત્મજ્ઞાન' જ શાશ્વત સુખ આપી શકે તેમ છે તેની પ્રતીતિ થતાં ઋષિઓએ એ પ્રાપ્ત કરવાની કેળવણી આપવાની શરૂઆત કરી જે ગુરુકુળ પરંપરાની ઋષિકાળની શિક્ષણપ્રણાલીથી ઓળખાય છે. આ ગુરુપરંપરામાં ગુરુ ઉપદેશથી નહીં પણ પોતાના આચરણથી કેળવણી આપે છે. કોઈપણ પ્રકારનાં આવરણો વગરનો ગુરુનો આ વ્યવહાર વિદ્યાર્થીને જીવનમૂલ્યોની કેળવણી પણ સહજ કરાવતો જાય છે. અહીં ગુરુઓ 'સ્વ'ને ભૂલીને કામ કરે છે. જયાં 'સ્વ' નથી હોતો એ કાર્ય 'યજ્ઞ' બની રહે છે. આમ, આ ગુરુપરંપરાની કેળવણી એક યજ્ઞાર્થે થતી કેળવણી-પ્રવૃત્તિ બની રહી. અહીં વિષયોના વાડાથી મુક્ત એવું એક અખંડ જીવનદર્શન થવાથી કેળવણી લેનાર સર્વાંશે નિજાનંદી બનીને જીવનની ધન્યતા અનુભવતો થાય છે.

**આ ગુરુકુળ પરંપરાની શિક્ષણપ્રણાલીની આધુનિક અને વ્યવહારુ આવૃત્તિ એટલે આપણી નઈ તાલીમ...**

— [signature]

## ૦૧ અમેરિકાના એરોનોટિકસમાં નિગ્રો સ્ત્રીઓનું પ્રદાન

**મુનિ દવે**

---

૧૯૩૯. મહાયુદ્ધનાં વાદળો ઘેરાતાં હતાં. પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટે દેશને એરોપ્લેનનું ઉત્પાદન વધારીને વર્ષનું ૫૦,૦૦૦ કરવાનો પડકાર આપેલો. એર ઈન્ડસ્ટ્રીને આ કામ અશક્ય જણાતું હતું કારણકે ત્યાર સુધી દર વર્ષે ૧૦૮૦ વિમાનોનું ઉત્પાદન થતું હતું. પણ એક ચમત્કાર થયો અને પછીનાં દસ વર્ષોમાં આટલી સંખ્યામાં વિમાનો બનવા લાગ્યાં. તે વખતે અમેરિકાનો વિમાનઉદ્યોગ વિશ્વનો સૌથી મોટો, સૌથી વધુ ઉત્પાદક અને સૌથી વધુ વ્યવહારક્ષમ હતો. જર્મની કરતાં ત્રણ ગણો મોટો અને જપાન કરતાં પાંચ ગણો મોટો હતો.

તે વખતે સૈન્યને લઈ જવા, યુદ્ધભૂમિ પર સામાન પહોંચાડવા, શત્રુનો પીછો કરવા અને સમુદ્રમાં યુદ્ધજહાજોને ડુબાડી દેતા બોમ્બ ફેંકવા વિમાનો વધુ ફાયદારૂપ હતાં. પણ વિમાન હવામાં ઊડે તે પહેલાં તેમની ડિઝાઈન, ઝડપ, સ્ફૂર્તિ, મરમ્મત વગેરે પર ધ્યાન આપવું જરૂરી બની ગયું હતું. આથી જ્યારે નવા વિચાર સાથે વિમાનની ડિઝાઈન બને ત્યારે તેનાં વિવિધ પરીક્ષણો થાય માટે લાંગલી લેબોરેટરીમાં હવાના વિવિધ પ્રવાહો અને દબાણો સાથેની વિન્ડ ટનલો ઊભી કરેલી. આ બધા પ્રયોગોની વિગતવાર નોંધ થવી પણ જરૂરી હતી જેથી તેના આધારે નવાં પરિવર્તન થઈ શકે. વિમાનને ટેસ્ટ પાઈલોટ વાસ્તવિક હવામાં ચકાસે ત્યારે મોટી સંખ્યામાં એરોનોટિકલ વિજ્ઞાનીઓ, એન્જિનિયરો અને ગણતરીઓ કરવા માટે ગણિતના અનુભવી માણસો જોઈએ.

તે વખતના અમેરિકામાં સ્ત્રીઓનું સ્થાન બીજા નંબરના નાગરિક તરીકેનું હતું. લાંગલીમાં ૧૯૩૫માં ગણિત ભણેલી સ્ત્રીઓનો પહેલો સમૂહ જ્યારે ગણતરી માટે રોકવામાં આવેલો ત્યારે લેબના પુરુષોએ ભારે વિરોધ કરેલો. સ્ત્રીઓ આટલાં અઘરાં સૂત્રો પરથી ચોક્કસ અને અટપટી ગણતરીઓ કેવી રીતે કરી શકે? ૫૦૦ ડૉલરનાં મોંઘાં ગણકયંત્રોનો ઉપયોગ છોકરીઓ કરે? પણ અનુભવે સમજાયું કે છોકરીઓ એ વધુ સારી રીતે કરી શકે છે — ઘણી સારી રીતે, હકીકતે એન્જિનિયરો કરતા વધુ સારી રીતે. આખરે પુરુષોએ વાંધા સાથે એ વાત સ્વીકારી. જો કે બહુ ઓછી સ્ત્રીઓને આ માટે 'ગણિતજ્ઞ'ની પદવી મળી. પુરુષને પ્રવેશ વખતે જે પગાર મળે તેટલો જ પગાર આવી સ્ત્રીઓને મળવો જોઈએ પણ મોટાભાગની નવી સ્ત્રી કમ્પ્યૂટર્સને ઓછા પગારની 'મદદનીશ વ્યાવસાયિક'ની પદવી મળી, જે લેબોરેટરીની સૌથી નીચી પાયરી અને સૌથી ઓછો પગાર હતો. તેઓ ગણતરીઓ કરતી હોવાથી 'કમ્પ્યૂટર' કહેવાતી.

૧૯૩૯માં પહેલા પાંચ ગોરી સ્ત્રીઓ ગણતરી કરવાના દળમાં જોડાઈ. ૧૯૪૬ સુધીમાં ચારસો સ્ત્રીઓ જમીન પરના એરોનોટિકલ સૈનિકો તરીકે તાલીમ મેળવી ચૂકેલી. તેમાં કેટલીક નિગ્રો સ્ત્રીઓ પણ હતી. ઈતિહાસકાર બેવેર્લિ ગોલેમ્બાના ૧૯૯૪ના અભ્યાસ મુજબ લાંગલીમાં સેંકડો માનવકમ્પ્યૂટર્સ (એ બધી સ્ત્રીઓ, જે એન્જિનિયરોએ આપેલાં સૂત્રો મુજબ કાગળ પર ગણતરીઓ કરતી હતી.) તે વખતે તેમની મદદમાં યાંત્રિક ગણનયંત્રો હતાં.) એક અંદાજ મુજબ એ સંખ્યા એક હજાર હોઈ શકે.

મે ૧૯૪૩માં લાંગલી મેમોરિયલ એરોનોટિકલ લેબોરેટરીના મેલ્વિન બટલર નામના પર્સનલ ઓફિસરને વોર મેનપાવર કમિશન તરફથી એક ટેલિગ્રામ મળ્યો, જેણે તેને મોટી મૂંઝવણમાં નાખી દીધો. તે ટેલિગ્રામમાં લખ્યું હતું કે 'આ સંસ્થાની તાત્કાલિક જરૂરિયાત છે કે તમે આશરે ૧૦૦ જુનિયર પદાર્થવિજ્ઞાની અને ગણિતજ્ઞો, ૧૦૦ જુનિયર કમ્પ્યૂટર્સ (જે ગાણિતિક ગણતરીઓ કરી શકે), ૭૫ નીચલી પાયરીના પ્રયોગશાળાના તાલીમાર્થીઓ, ૧૨૫૫ મદદનીશ તાલીમાર્થીઓ, ૫૦ સ્ટેનોગ્રાફર્સ અને ટાઈપિસ્ટોની નિમણૂંક

કરો.' તરત જ આને લગતી જાહેરાતો સ્થાનિક છાપાઓમાં મૂકાઈ. 'તમારી ઘરની જવાબદારીઓ ઓછી કરો. જે કામ આજ સુધી લાંગલી લેબોરેટરીમાં પુરુષો કરતા હતા તે માટે બાંયો ચડાવીને તેવાં કામ કરવા તૈયાર હોય એવી સ્ત્રીઓએ લાંગલી મેમોરિયલ એરોનોટિકલ લેબોરેટરીનો સંપર્ક કરવો.' સાથે લેબના કર્મચારીઓને સંદેશાઓ ગયા કે 'શું તમારા કુટુંબમાં કે ઓળખાણમાં એવા કોઈ સભ્યો છે – પુરુષ કે સ્ત્રી – જે અમેરિકાનું હવામાં વર્ચસ્વ સ્થાપવામાં મદદ કરી શકે? શું તમારા કોઈ મિત્ર છે જે યુદ્ધમાં જીત માટે કે યુદ્ધને જલદી ખતમ કરવાનાં અગત્યનાં કામોમાં જોડાઈ શકે?'

પુરુષો યુદ્ધમાં રોકાયેલા હોવાથી નોકરીમાં સ્ત્રીઓની માંગ વધુ હતી. આને કારણે સવારે સાત વાગ્યામાં ભોજનગૃહોના વેઈટરોનાં શરીરમાં ચેતન આવી જતું અને લેબની સ્ટેશનવેગનો સાથે આસપાસનાં રેલવે સ્ટેશનો, બસ સ્ટેન્ડ, બંદર પર, જ્યાં હોડીઓમાં લોકો આવતા, ત્યાંથી લોકોને લઈ આવવા પહોંચી જતા અને જેટલા મળે તેટલાં પુરુષો અને સ્ત્રીઓને લેબમાં લઈ આવતા. તેમાં સ્ત્રીઓ વધુ રહેતી, અને તેમની સંખ્યા દિવસે દિવસે વધતી જતી હતી.

ભણેલી નિગ્રો સ્ત્રીઓનાં આવેદનો લેબોરેટરીમાં પસંદ થવા લાગ્યાં. ચામડીના રંગથી ઓળખ ન થાય તે માટે ફોટો નહીં રાખવાની સલાહ અપાઈ. અગાઉના પ્રેસિડેન્ટ વૂડ્રો વિલ્સનની જે રંગભેદની નીતિ હતી તેને રૂઝવેલ્ટે નોકરી માટે બદલાવી નાખી. અમસ્તાયે લાંગલીની લેબમાં ઘણા નિગ્રો કર્મચારીઓ મકાનની દેખભાળ રાખનાર, ભોજનગૃહોમાં મદદનીશ, મિકેનિકોના મદદનીશ, મેદાનોની સંભાળ રાખનાર વગેરે હતા. પણ વ્યાવસાયિકોની સમકક્ષ નિગ્રો હોય તે નવી વાત હતી. લગભગ ૫૦ મહત્ત્વની સ્ત્રીઓનાં નામો આપી શકાય જેમણે લાંગલી મેમોરિયલ એરોનોટિકલ લેબોરેટરીમાં કમ્પ્યૂટર, ગણિતજ્ઞ, વૈજ્ઞાનિક કે એન્જિનિયર તરીકે ૧૯૪૩થી ૧૯૮૦ સુધીનાં વર્ષોમાં કામ કર્યાં, અને શક્યતા એ છે કે જો કોઈ વધુ શોધ કરે તો વીસેક વધુ નામો જૂના દફ્તરમાંથી મળી શકે.

જયારે NACA (National Advisory Committee for Aeronautics), અને પછીથી NASA (National Aeronautics and Space Administration)માં, જે નિગ્રો સ્ત્રીઓ ગણિતજ્ઞ તરીકે લોકોની નજરની બહાર રહી છે, ત્યારે તેઓ કંઈ એકલી એ અંધારામાં નહોતી રહી, ગોરી સ્ત્રીઓ, જે લાંગલીમાં ગણતરી કરવાના દળમાં બહુમતીમાં હતી તેમની પણ કોઈ નોંધ નથી લેવાઈ. એજન્સીની લાંબાગાળાની સફળતામાં તેમના પ્રદાનને ભાગ્યે જ ઓળખ મળી છે. 'ડેઈલી પ્રેસ' છાપાની વર્જિનિયા બિગિન્સ નામની પત્રકારના કહેવા મુજબ જ્યારે મને કોઈની ઓળખ કરાવવામાં આવતી ત્યારે કહેવાતું કે આ વિજ્ઞાની છે, આ એન્જિનિયર છે, પણ તે બધા જ પુરુષો હોય. તે ક્યારેય કોઈ સ્ત્રીને મળી ન શકી. તેણે માની લીધેલું કે જે સ્ત્રીઓ છે તે બધી સેક્રેટરી – મદદનીશ જ છે.

૧૯૪૬માં રોબર્ટ ટી જોન્સ માટે ગોરી સ્ત્રી ડોરોથી હૂવર કામ કરતી હતી અને જોન્સની સૈદ્ધાંતિક શોધના પ્રકાશન માટે મદદ કરતી હતી. ત્યાં ડોરોથી વૌઘન નામની નિગ્રો સ્ત્રી હતી. તે ગોરી સ્ત્રીઓના પૂર્વ કમ્પ્યૂટર વિભાગમાં અધિકારી હતી અને યાંત્રિક મશીનોમાં બીજગણિતની રીતો અનુસાર ગણતરી કરવા માટેનું પાઠ્યપુસ્તક લખતી હતી. એ મશીનો આ સ્ત્રીઓના કાયમી સાથી હતાં. ત્યાં નિગ્રો મેરી જેક્સન હતી, જે એરોનોટિકલ એન્જિનિયર થયેલી. તેણે અગાઉ નિષ્ફળ ગયેલા રોકેટની ડિઝાઈનમાં સુધારાઓ સૂચવેલા, જેને કારણે તેવી નિષ્ફળતાઓ ઓછી થયેલી. એરોનોટિક્સના તજ્જ્ઞ અને દુનિયાના શ્રેષ્ઠોમાંના એક, એવા જહોન બેકરે તેના પૃથક્કરણને ખોટું કહેતાં તેની સામે લડીને પોતે સાચી છે તે પુરવાર કરેલું. ત્યાં કેથેરિન જહોનસન હતી, જેણે સ-માનવ રોકેટનો એકદમ ચોક્કસ પથ ગણતરી કરીને બતાવેલો. ત્યાં ગોરી માર્ગે હાન્ના હતી, જે નિગ્રો કમ્પ્યૂટર્સની પહેલી ઉપરી હતી, જે પહેલો દસ્તાવેજ બનાવનાર સામ કોટ્ઝોફની સહ લેખિકા હતી. ત્યાં ગોરી ડોરિસ કોહેન હતી, જે ૧૯૪૧માં NASA માં રિસર્ચ રિપોર્ટ

બનાવનાર પહેલી સ્ત્રીલેખિકા હતી.

૧૯૪૩ના ઉનાળામાં હેમ્બર્ગમાં ભયંકર ગરમી હતી. તેમાંયે કેમ્પ પિકેટની લોન્ડ્રીના બોઇલર પ્લાન્ટમાં તાપ અને ભેજને કારણે અસહ્ય ગરમી હતી અને તેમ છતાં તેમાં નિગ્રો સ્ત્રીઓનો સમૂહ સતત કામ કરતો રહેતો. આ લોન્ડ્રીનો ઓરડો યુદ્ધના નાના સ્વરૂપનો હતો. તેનાં મશીનો એકદમ કાર્યક્ષમ હતાં. તે અઠવાડિયાનાં ૧૮૦૦ કપડાં ધોઈ શકે તેટલી ક્ષમતા ધરાવતા હતાં. સ્ત્રીઓનો એક સમૂહ વિશાળ બોઇલર રૂમના ગરમ પાણીમાં કપડાંને બોળે. બીજો સમૂહ તેને સાબુ લગાડી ડ્રાયરમાં નાખે. ત્રીજો સમૂહ તેને ઈસ્ત્રી કરે. આ સમૂહમાં મોટા ભાગની સ્ત્રીઓ ઘરકામનાં અને તમાકુનાં કારખાનાનાં કામો છોડીને લોન્ડ્રી રૂમમાં આવેલી. કારણકે અહીં થોડો વધુ પગાર મળતો. લોન્ડ્રી રૂમ ભેજવાળી ભઠ્ઠી હતો, કામ એકધારું-વૈવિધ્ય વિનાનું અને અગવડભર્યું હતું.

યુદ્ધના પિરામિડમાં આ લોન્ડ્રીમાં કામ કરતી સ્ત્રીઓનું પદ સૌથી નીચેનું હતું. કારણકે તેઓ સ્ત્રીઓ હતી, તેમાં પાછી નિગ્રો સ્ત્રીઓ હતી. તેઓ કોઈને દેખાતી નહીં અને પણ તેમનું કામ અણમોલ હતું. એરક્રાફ્ટ ઉદ્યોગના એક અધિકારીના અનુમાન મુજબ એક લોન્ડ્રી કારીગર વિમાન ઉત્પાદનના પ્લાન્ટના ત્રણ કારીગરોને મદદ કરતી હતી. મશીન તેમનાં મેલાં-ગંદાં કપડાં કોઈ રોજ ધોઈ આપતું હતું તેને કારણે તેમની ગેરહાજરીનો દર બહુ નીચો હતો. લોન્ડ્રીની આ સ્ત્રીઓનો પગાર કલાકના ૩૦ સેન્ટ હતો, જે તે વખતે યુદ્ધમાં રોકાયેલા કર્મચારીઓમાં સૌથી નીચો હતો. કેટલીક સ્નાતક થયેલી ગણિતની શિક્ષિકાઓ પણ વેકેશનમાં આ કામ કરવા આવતી. કારણકે શિક્ષકોના પગાર બહુ ઓછા હતા. આથી તેમનાં બાળકોને સારું શિક્ષણ મળે, તેમની જરૂરિયાતો પૂરી થાય તે માટે વધુ પૈસા મેળવવા આ કામ કરતી.

ડોરોથી વૌઘન તેમાંની એક હતી. તે ગણિતમાં સ્નાતક થયેલી અને હાવર્ડમાં પ્રવેશ મળી શકે તેમ હોવા છતાં આર્થિક સ્થિતિને કારણે તે છોડીને શાળામાં શિક્ષિકા તરીકે નોકરી સ્વીકારી લીધેલી. પછીથી તે વધુ પગાર — લગભગ બમણો પગાર મળતા લાંગલી લેબમાં કમ્પ્યૂટર તરીકે જોડાઈ. તે જોઈ શકેલી કે હવે આઈબીએમના ઈલેક્ટ્રોનિક કમ્પ્યૂટર આવવા માંડ્યાં છે. જો તેની કામ કરવાની રીત નહીં સમજીએ તો થોડા મહિના-વર્ષો બાદ બધી સ્ત્રીઓની નોકરી જતી રહેશે. આથી તેણે તે શીખવાનું શરૂ કરી દીધું. અને પછી તેણે ત્રીસેક જેટલી નિગ્રો સ્ત્રીઓને કમ્પ્યૂટર શીખવાડ્યું. જ્યારે નવું ઈલેક્ટ્રોનિક કમ્પ્યૂટર આવ્યું ત્યારે ત્યાં કોઈ ગોરી સ્ત્રીઓને તે ચલાવતા નહોતું આવડતું. ત્યારે ડોરોથીએ જાહેર કર્યું કે તેને એ આવડે છે અને તેણે એ ચલાવીને બતાવ્યું. આ કારણે પછીથી તે લાંગલી લેબમાં મહત્ત્વની સ્ત્રી કમ્પ્યૂટર અને પછી અધિકારી બનેલી.

નવાઈની વાત એ છે કે મહત્ત્વની સ્ત્રીઓમાં દસેક જેટલી નિગ્રો સ્ત્રીઓ છે, પણ ગોરી સ્ત્રી ભાગ્યે જ છે. આ બધી સ્ત્રી-કમ્પ્યૂટરમાં કેથેરિન નામની નિગ્રો સ્ત્રી વિશિષ્ટ હતી. નાસાએ તેની આવડતને ઓળખી અને તેની આવડતનો ભરપૂર ઉપયોગ કર્યો. તે સાથે તેને અપૂર્વ સન્માન આપ્યું, જે ભાગ્યે જ કોઈ અમેરિકન-આફ્રિકનને, તેમાંયે વળી સ્ત્રીને મળ્યું હોય અને તેને આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા પણ મળી હોય. આ કેથેરિન જહોન્સન તેનુ IQ ૧૬૨ હતું. કહેવાય છે કે સ્ટિફન હોકિન્સ અને આલ્બર્ટ આઈન્સ્ટાઈનનું IQ ૧૬૦ હતું. તે ઉત્તમ ગણિતજ્ઞ હતી. તેણે પહેલા સ-માનવ અવકાશયાનનો અને પહેલીવાર ચન્દ્ર પર ગયેલા એપોલો-૧૧નો જવાનો અને પાછા આવવાનો ચોક્કસ પથ નક્કી કરવામાં મહત્ત્વનો ભાગ ભજવેલો. અવકાશયાત્રીઓ ઊડાન ભરતાં પહેલાં કમ્પ્યૂટરે આપેલા જવાબ કરતાં કેથેરિને કરેલી ગણતરી બાદ આવેલા જવાબ પર વધુ વિશ્વાસનીય હતા.

આ કેથેરિન જહોન્સનને વિગતે ઓળખીશું આવતા કોડિયું-અંકમાં...

(ક્રમશ)

## ૦૨ સમાજમાં કિશોરીઓના ઉછેરમાં થતો ભેદભાવ

**રેખાબા સરવૈયા**

---

આપણે કહેવાતા આધુનિક સમાજમાં જીવનારા છીએ અને સ્વભાવિક રીતે જ પશ્ચિમી સંસ્કૃતિનું અનુકરણ પણ કરીએ છીએ. આપણી જીવનશૈલી, પોશાક, બોલચાલ, શિક્ષણ, રહેણી-કરણી આ બધામાં પશ્ચિમી વાયરો અડ્યો છે એ જાણે કે દીવા જેવી વાત! પણ શું એની સાથે-સાથે આપણે વિચારોમાં આધુનિક થયા છીએ ખરા ?

આ પ્રશ્ન જાતને પૂછવાનો વખત તો આવી ગયો ગણાય. આપણે વિષયપ્રવેશ કરીએ ત્યારે સમાજમાં દીકરા-દીકરીના ઉછેરમાં જે કઇ ભેદભાવ જોવા મળે છે એનાથી જ શરૂ કરવું રહ્યું.

આટલા સંવેદનશીલ વિષયની શરૂઆત બાળકી કે દીકરીના જન્મતાંની સાથે જ શું કામ માતાના ગર્ભમાં બાળકી છે....એ વાતથી જ શરૂ કરીએ ને...!

'ગર્ભપરીક્ષણ કરવું કાયદેસર ગુનો બને છે.'

-આવું સમજતા આપણે સૌ જાતિપરીક્ષણ કરાવવાની કંઈ ને કંઈ તરકીબો શોધી જ લેતા હોઈએ છીએ. ગર્ભમાં રહેલી બાળકીના ગર્ભને જો વાચા ફૂટે તો ?

'આસોપાલવનાં તોરણની લીલાશમાં લહેરાઉં થાઉં તારા ઉંબરની શોભા!

હે મા !

આ દુનિયામાં આવતા તું તો મને રોક મા...'

**● સ્ત્રી ક્યાં સુરક્ષિત મહેસૂસ કરી શકે?**

પુરુષપ્રધાન સમાજમાં ગર્ભથી લઈને, ઘર, ઓફિસ કે સમાજ...કોઈપણ જગ્યાએ સ્ત્રી સુરક્ષા અનુભવે છે ખરી ?

ગર્ભમાં બાળકીને મારી નાખનાર માણસો એ કેમ ભૂલી જાય છે કે... જન્મના અનુપાતમાં ફક્ત દીકરાઓ જ વધી જશે તો કાલે સવારે પત્ની શોધવા માટે ક્યાં જશો ? વિડંબના નહિ તો બીજું શું છે આ ...!? કે દીકરાઓ જણવા માટે પણ તો સ્ત્રીની જ જરૂર પડશે.. જો એને જન્મવા જ ન દઈએ તો કેવું અસંતુલન સર્જાશે સમાજમાં? —એની કલ્પના કરી છે ?

**● દીકરી તો તુલસીનો ક્યારો-વ્હાલનો દરિયો-ખરેખર છે ?**

આવા સરસ શીર્ષક હેઠળ પુસ્તકોનાં સંપાદનો થઈ શકે. થયાં જ છે. સારી બાબત છે પરંતુ શું દરેક ઘરમાં જન્મતી દીકરીને પૂછ્યું તમે ? કે એ એના ઘર માટે એ શું છે ?।

તુલસીનો ક્યારો છે કે સાપનો ભારો ? શું એની સાથે વ્હાલના દરિયા જેવું વર્તન થાય છે ખરું?

**● પરિવાર દ્વારા થતો ભેદભાવ :**

સરકારે હસ્તક્ષેપ કર્યો છે એવા વિષય બેટી બચાવો, બેટી પઢાવોની વાસ્તવિકતા જોઈએ તો પરિવર્તન ભલે આવ્યું હશે, માનીએ પણ હજીય સમાજના બહુધા પરિવારોમાં ખાવાની વસ્તુઓથી લઈને સારી શાળામાં એડ્મિશન સુધીની તમામ બાબતોમાં આજે પણ દીકરાનું પલડું ભારે રહે છે ! અરે! કિશોરી એ કેવો પોશાક પહેરવો ? કોની સાથે બોલવું ? ક્યારે બહાર જવું? ક્યારે ઘરે આવવું ? પ્રવાસમાં કોની સાથે રહેવું ? — આ બધીજ બાબતના દરેક કુટુંબના વણલખ્યા નિયમોના પાલન કરવા માટે દીકરી બાધ્ય હોય છે. જયારે ઉપર્યુક્ત નિયમો દીકરાને લાગુ પાડવામાં નથી આવતા.

**● કુટુંબની સ્ત્રીસભ્ય દ્વારા જ કિશોરી પ્રત્યે થતા ભેદભાવ :**

અહીં દુઃખ કરતાં કરુણતાની વાત લેખાશે કે...કુટુંબની મોટી/વડીલ સ્ત્રી દ્વારા જ કિશોરી પ્રત્યે વધુ પડતાં બંધનો લાદવામાં આવે છે. ઘણીવાર પુરુષોને જે બાબતે કોઈ વાંધો ન હોય એવી વાતેય સ્ત્રીનો નિયમ નોખો જ અમલી બનતો

જોવામાં આવે છે. જે રીતે કુટુંબની આગળની પેઢીઓની પરંપરાથી થતા વાર/ વ્રત/ ઉપવાસ/ ઘરેણાં/ શણગાર વગેરે ખરેખર તો કિશોરીને શારીરિક, માનસિક, બૌદ્ધિક રીતે પણ આ બધું અડચણરૂપ અને ભારરૂપ તેમજ કહી શકાય કે... થોપી બેસાડેલું જ સાબિત થતું હોય છે.

**● નિર્ણયો લેવામાં થતી કિશોરીઓ/ સ્ત્રીઓની બાદબાકી :**

કહીએ તો છીએ કે...સંસારરથનાં બે પૈડાં છેઃ સ્ત્રી અને પુરુષ. પરંતુ ખરેખર એવું ભાળવાનું ઓછું બને કારણકે...નિર્ણયો લેવામાં આ સમાજ સ્ત્રીના મતને એટલો મહત્ત્વનો ગણતો નથી. સાંજે શાક શેનું કરવું? એ નિર્ણય પણ પુરુષને ફોન કરીને થતો આપણે જોઈએ છીએ પછી બીજા નિર્ણયો સ્ત્રીની સહભાગીદારીને કેવું ને કેટલું મહત્ત્વ મળે છે? — એ વિષે વિચારવું જ રહ્યું.

**● જીવનસાથીની પસંદગીમાં કિશોરી/સ્ત્રીને થતો ભેદભાવ :**

આપણે ત્યાં બહુ ઓછી દીકરીઓ હોય કે જેણે પોતાને જયાં સુધી ભણવું હોય ત્યાં સુધી અને પોતાને ગમતી હોય એવી જ વિદ્યાશાખામાં એ પૂરેપૂરી રીતે ભણી શકી હોય ...! કારણ કે...દરેક પરિવારના નિયમો અલગ-અલગ હોય છે પણ દીકરી જો વધુ ભણી જશે તો સમાજમાં યોગ્ય મૂરતિયો મળવામાં મા-બાપને તકલીફ પડી જશે એટલે સાધારણતઃ કહેવા પૂરતું શિક્ષણ આપીને માતા-પિતા ઝટ દઈને છોકરીને પરણાવી દેવાની ફિરાકમાં જ હોય છે. અહી જે વાત કરું છું. એમાં સમાજના અપવાદોની વાત નથી જનસાધારણ વાતમાં મહદઅંશે જોવા મળતી સ્થિતિની વાત કરું છું. લગ્નમાં પણ તમે જુઓ કે..વાત ચલાવવામાં આવે કે પછી જાહેરાત આપીને જીવનસાથી શોધવાનો હોય તેવા વખતે ખાસ જોજો યુવક બધી જ રીતે યુવતી કરતા ચડિયાતો જ શોધવાનો જાણે નિયમ. છોકરીની લંબાઈ, અભ્યાસ, આવક આ બધું જ છોકરાથી એક પગથિયું નીચે ગોતવાનું....! સિમોન-દ-બુવા વિદેશીલેખિકા એ અમથું તો પુસ્તક નહિ લખ્યું હોય ને.. જેનું નામ જ હતું 'સેકન્ડ સેક્સ' - અર્થાત સમાજમાં સ્ત્રીનો દરજ્જો હંમેશા બીજા ક્રમે જ આવે ...!

**● પોતાની રીતે સંઘર્ષથી સમાજમાં ઉચ્ચ સ્થાને બેસનારી સ્ત્રીને જોવાની સમાજની દષ્ટિ :**

ઈન્દ્રા નુયીના જીવનનો એક દાખલો એમણે આપેલા એક ઈન્ટરવ્યુમાં સાંભળેલો તે યાદ કરું છું કે ... પેપ્સી જેવી વિશ્વસ્તરની કંપનીમાં આપબળે સી.ઈ.ઓ.ની પોસ્ટ સુધી પહોંચ્યાં પછી એમણે કહેલું કે... આપણો સમાજ ગમે તે પોસ્ટ ઉપર બેઠેલી સ્ત્રીને પહેલાં તો સ્ત્રી તરીકે જ જોશે. એટલું નહિ મને જયારે બેસ્ટ સી.ઈ.ઓ.નો એવોર્ડ મળ્યો ત્યારે હું હર્ષથી ઝૂમી ઊઠીને ઘરે પહોંચી, થયું કે ...આ good news મા સાથે શેર કરું...પણ એમણે તો મને કહ્યું : એ તો ઠીક છે, સારું થયું પણ તું જા, ગલીના નાકેથી ૪ દૂધની થેલી લેતી આવ ! ઘરમાં દૂધ નથી, - ઈન્દ્રા નુયીને મનમાં કેવી લાગણી થઈ હશે ! ? એ આપણે કલ્પવું જ રહ્યું.

વ્યક્તિગત વાત છે પણ વિષયના પરિપ્રેક્ષ્યમાં છે એટલે હું કહું છું કે .... અભ્યાસ માટે નજીકના ગામે ભણવા જતી ત્યારે વહેલી સવારના અંધારામાં બસ સ્ટોપ સુધી મને મૂકવા માટે મારા દાદીમા લાકડી અને હાથબત્તી લઈને આવતાં! ઉપરથી ગામડામાં મારી વાતો થતી મેં ખુદ સાંભળી છે કે... દીકરીને ભણાવીને શું કરવાનું ? કદાચ જો દીકરી કલેકટર બને કે જજ ! ઘડવાના તો રોટલા જ ને ?, એમના શબ્દોને ઈશ્વરે વર્ષો પછી સાચા પાડ્યા ! અને હું જ્ઞાતિમાંથી પ્રથમ એડિશનલ કલેકટરના હોદ્દા સુધી પહોંચનારી પ્રથમ દીકરી બની.. આજે હું કહી શકું કે .... કલેકટર તરીકે ભલે રોટલા નથી ઘડવાના મારે, એના માટે માણસ રાખી શકાય, પરંતુ મારા જીવનમાં કોઈ નિર્ણય લેવા માટે કે મારા બદલે વિચારવા માટે થઈને કોઈ ભાડું દઈને માણસ ન રાખી શકાય., કેમકે એ કામ તો મારે જ કરવું પડે.. અને એ શક્ય ત્યારે બને કે — મેં મારા પોતાના ભાગનું ભણતર ભણ્યું હોય. જીવનમાં જવાબદારીપૂર્વક નિર્ણયો કર્યા હોય એટલી મને મોકળાશ જો મળી હોય તો

જ હું એ કરી શકું અન્યથા નહી.

● **સમાજે દીકરીના ઉછેરમાં ભેદભાવ ન થાય એ માટે શું કરવાની જરૂર છે?**

- સૌથી પહેલાં તો સ્ત્રીનું સન્માન થવું જોઈએ. મા, દીકરી, વહુ, સાસુ કોઈપણ રૂપમાં સ્ત્રી આદર મેળવવાની હકદાર છે અને આ વાતની શરૂઆત પરિવારથી થવી જોઈએ.
- ઘરમાં સ્ત્રીઓ દ્વારા થતાં અસંખ્ય કામો માટે પરિવારે એના પ્રત્યે આભારની લાગણી અને કિશોરીને પણ લાગવું જોઈએ કે ... એની માતા દ્વારા થતાં દરેક કામ બહુ જ અગત્યનાં છે અને તે 'ટેક્ન ફોર ગ્રાન્ટેડ' નથી.
- પોષાક અને પોષણમાં સ્ત્રીઓ/દીકરીઓને પણ દીકરાની સમાન જ ગણવી. ઊલટાનું ઘરનું કામ કે ગર્ભ ધારણ કરવાનું સ્ત્રીના ભાગે આવતું વધારાનું કાર્ય હોવાથી સ્ત્રીને વધુ પૌષ્ટિક આહારની જરૂર પડવાની છે. આ વસ્તુ દરેક પરિવારે સમજવી રહી.
- દીકરીને પણ પોતાને મનગમતી શિક્ષણશાખામાં જ્યાં સુધી ભણવું હોય ત્યાં સુધી ભણવાની આઝાદી દીકરાની હારોહાર મળવી જોઈએ.
- ઘરનાં દરેક કામ દીકરી/દીકરા બન્નેને સોંપવાં જોઈએ દા.ત. દીકરો ક્યારેક કિચન પ્લેટફોર્મ પણ સાફ કરી શકે અને દીકરી રાતે બાઈક લઈને દાદી માટે બહારથી દવા પણ લાવી શકે. એમને સમજાવું જોઈએ કે Cooking and cleaning is basic life skill, not a gender task.
- માસિકધર્મને સ્ત્રીના શરીરની એક સાધારણ ક્રિયા કે પરિવર્તન જ ગણવું જોઈએ. રજસ્વલા સ્ત્રીને લઈને ઘર-પરિવાર કે સમાજમાં જે કઈ ધર્મની આડશ લઈને વાતો-વિધાનો કે વર્તનો પ્રવર્તે છે એની વૈજ્ઞાનિક સમજણ સ્ત્રી- પુરુષે કેળવવી રહી.
- કિશોરીના કોઈપણ વર્તન કે વ્યવહારને 'જજમેન્ટલ' થઈને 'લેબલિંગ' કરવાનું ટાળવું જ જોઈએ.દા.ત. ટૂંકાં કપડાં પહેરતી, હસીને વાત કરતી છોકરી માટે હલકું વિચારનારા લોકોએ પોતાનો દૃષ્ટિકોણ બદલવાની જરૂર છે જ.
- ધાર્મિક પરિપ્રેક્ષ્યમાં આપણને દેવી સ્વરૂપની જરૂર પડી જ છે ને ! તમે જુઓ વિદ્યા માટે સરસ્વતી, ધન માટે લક્ષ્મી, રાક્ષસોના નાશ માટે મહાકાલી. આ પ્રતીકો ઘરની દીકરીઓમાં આરોપીને જોવાની જરૂર છે.
- કોઠાસૂઝ, કરકસર, સમજણ, સહનશક્તિ, એકલતાને વેઠવી, સંતાનઉછેરની ક્ષમતા આ બધાજ સ્ત્રીના અંતર્નિહિત ગુણો છે, કિશોરીઓને એનાથી વાકેફ કરવી માતાની અને ઘરની અન્ય સ્ત્રીઓની પણ ફરજ બનવી જોઈએ. કારણ કે... 'સ્વ-ઓળખ' જેટલી વહેલી થશે, સ્ત્રી એટલી જ વધારે જાગૃત થશે અને આગળ જતાં, પોતાના કે બીજી કોઈ સ્ત્રીને અન્યાય થતો હશે ત્યારે તે પોતે એનો પ્રતિકાર કરી શકવા જેટલી સજ્જ બનેલી હશે.
- કામકાજના સ્થળે અથવા અન્ય કોઈ જગ્યાએ સ્ત્રીઓની છેડતી કે સતામણી જેવી બાબતોમાં કોર્ટ અને સરકારના હસ્તક્ષેપ તો છે જ પરંતુ સ્ત્રીએ પોતે જ કિશોરાવસ્થાથી જ પોતાનું રક્ષણ પોતે કરતા થઈ જવું જોઈએ. આ માટે 'સેલ્ફ ડીફેન્સ'ની તાલીમો મોટા પાયે યોજવી જોઈએ.
- 'વિમેન એમ્પાવરમેન્ટ' શબ્દ બહુ ગાજતો રહેતો હોય છે પરંતુ આપણે એના અર્થને બરાબર પકડીને સમજવો હજુ બાકી છે. સ્ત્રી પોતે જ પોતાને 'uplift' કરતી થશે ત્યારે સમાજની અર્ધી સમસ્યાઓ ખતમ થઈ જશે.
- સ્ત્રી હોવાના ફાયદા અને એણે આગળ ધરીને થતા ડ્રામાઓ સ્ત્રીઓએ બંધ કરવા પડશે. કોઈપણ

કામ કે ફરજ માત્ર સ્ત્રી હોવાથી ન કરવું એમ નહિ ચાલે.

- સામે પક્ષે પુરુષોએ પણ 'એમ્પાવર્ડ વુમન' — સાથે કેમ જીવવું કે રહેવું એ શીખી લેવું રહ્યું. પ્રબુદ્ધ કે જાગૃત સ્ત્રીઓને સમાજ 'ઘમંડી'- કે 'તુંડમિજાજી' — નું લેબલ તુરંત મારી દેતો હોય છે, એ બંધ થવું જોઈએ.
- પોતાના સંઘર્ષથી/સ્વબળે ઉચ્ચ આસને બેઠેલી સ્ત્રીની સફળતાને સંઘર્ષને બિરદાવવાનું કલેજું સમાજે કેળવવું રહ્યું. આજકાલ આવી સફળ સ્ત્રીઓની સફળતાને સાધના તરીકે મૂલવીને એમાંથી પ્રેરણા લેવાને બદલે, સ્ત્રીના ચારિત્ર્ય સાથે ન જોડવાની વાતો જોડીને એની પ્રતિભાને ઝાંખી રીતે રજૂ કરાતી જોવા મળે છે, જે ખરેખર ન થવું જોઈએ.
- મા-બાપ દીકરાના જન્મથી લઈને, વૃદ્ધાવસ્થામાં અમુક કિસ્સામાં વૃદ્ધાશ્રમમાં જવા સુધી દીકરીઓ પ્રત્યે અન્યાય કરતા હોય છે. જાણી જોઈને કદાચ આવું ન પણ કરતા હોય. પણ મોટેભાગે જોવાયું છે કે...સંપત્તિમાં ભાગ જતો દીકરી કરે છે અને પછી એ બમણી સંપત્તિ ભોગવતો દીકરો જ મા-બાપને વૃદ્ધાશ્રમમાં મૂકી આવે છે. ત્યારે પણ જો મા-બાપની તબિયત કે ખાટલો આવે તો મિલકતમાંથી બે-દખલ થયેલી દીકરી મા-બાપની સેવા કરવા વગર બોલાવી આવી જતી હોય છે.

અંતતઃ સ્ત્રીને 'અબળા' ન માનવી, ખુદ સ્ત્રીએ 'અ-બળા'નો અર્થ મનમાં ઘૂંટીને પાક્કો કરી મૂકવો કે ... જેમ અ-સીમ = સીમા વગરનું, અ-તુલ=તુલના વગરનું એ જ રીતે અ-બળા= જેના બળને આંકી ન શકાય કવિ ઉમાશંકરની આ વ્યાખ્યા દરેક સ્ત્રીએ પોતે તાવીજ-માદળિયું કરીને પહેરી લેવી જોઈએ.

પરિવાર અને સમાજના સર્વાંગી સુદ્દઢીકરણ માટે થઈને પણ.. કિશોરીઓ પ્રત્યેનો તમામ ભેદભાવ દૂર કરવો આપણા સૌની નૈતિક ફરજ બને છે.

(એડી.કલેકટર, પોરબંદર, મો.૯૯૨૫૦ ૧૭૫૮૪)

**બે મત**

શાંતિનિકેતનમાં એક યુવાન મહિલાએ પોતાની હસ્તાક્ષરપોથીમાં ગાંધીજીના હસ્તાક્ષર માગ્યા.

ગાંધીજીએ હસ્તાક્ષર કરી લખ્યુંઃ 'વચન આપવામાં કદી ઉતાવળ કરવી નહીં. એકવાર વચન આપ્યાં પછી પ્રાણના ભોગે પણ તેનું પાલન કરવું.'

રવીન્દ્રનાથને એ લખાણ વાંચીને અકળામણ થઇ એ જ પોથીમાં રવિબાબુએ બંગાળીમાં એક કાવ્યપંકિત લખી જેનો અર્થ હતોઃ 'કોઇને પણ માટીની બનાવેલી સાંકળ વડે બંદીજન ન બનાવી શકાય.'

ગુરુદેવ એટલે જ ન અટકી ગયા અને અંગ્રેજીમાં લખ્યુંઃ ' જો આપેલું વચન તમને ખોટું જણાય તો એને ફંગોળી દેવું.'

**ભીતર ઝળહળ**

બુદ્ધને એક જિજ્ઞાસુએ પૂછયુંઃ 'પ્રભુ, તમારા સાધુઓને શારીરિક સજાવટની ઇચ્છા કેમ થતી નથી?'

બુદ્ધઃ 'હે મિત્ર, જયારે ભીતરના અંતઃકરણની સજાવટ મનુષ્ય કરી લે છે પછી બાહ્ય શણગાર નિરર્થક અનુભવાય છે.'

## ૦૩ ઇતિહાસદૃષ્ટિથી સાચા ધર્મની પરખ

**મનસુખ સલ્લા**

મનુભાઈ પંચોળી- 'દર્શક' જેવા પ્રાજ્ઞ વિચારકે 'સાદો હિંદુ ધર્મ'નામની પુસ્તિકા લખી છે. આ ચોપડી આજની ધર્મ વિશેની એકાક્ષી અને કથળેલી સ્થિતિમાં બહુ પ્રકાશપૂર્ણ છે.'દર્શક' પાસે ધર્મ, સંસ્કૃતિ, સમાજ, ગણિતશાસ્ત્ર, માનવજાતની ચડતી-પડતી પારખતી તુલનાત્મક દૃષ્ટિ અને ધર્મ વિશેની ઉપનિષદપ્રેરિત સ્વસ્થ દૃષ્ટિ હતી. એના અધ્યયનમાંથી નીપજેલી સર્જ્ઞતા અને સમજણ હતી. એટલે દર્શકના ધર્મ વિશેના નિરૂપણને વિશેષ એકાગ્રતાથી તપાસવા જેવું ગણાય.

દર્શકમાં ઈતિહાસની નરવી સમજ ઊગેલી હતી. ઈતિહાસ ભૂતકાળને વર્તમાનના સંદર્ભમાં અને વર્તમાનને ભવિષ્યના સંદર્ભમાં સમજવાની દૃષ્ટિ અને ક્ષમતા આપે છે. દરેક નાગરિકે ઈતિહાસબોધ દ્વારા વર્તમાનનાં ઈષ્ટ-અનિષ્ટરૂપોને સમજવાં જોઈએ. એથી જ પુસ્તિકાનું શીર્ષક 'સાદો હિંદુ ધર્મ' અને પેટા શીર્ષક 'ચઢાણ અને ઉતરાણ' એ બહુ સૂચક છે. જે પ્રજા પોતાના ઈતિહાસમાંથી બોધપાઠ નથી લેતી એણે કરુણ રીતે ઈતિહાસનું પુનરાવર્તન કરવું પડે છે.

ઔદાર્યવાળા વૈચારિક સમાજનું નિર્માણ કરવામાં વેદો-ઉપનિષદો કરતાંય મોટો ફાળો રામાયણ અને મહાભારતના મહાકવિઓનો છે. આ કવિઓ ઋષિઓ પણ હતા. આ બંને ગ્રંથોએ આ દેશમાં પાયાની વૈચારિક અને ભાવવિષયક એકતાનું નિર્માણ કર્યું. એવું 'દર્શક'નું વિશ્લેષણ સ્વીકાર્ય બને એવું છે. દર્શકે હિન્દુ ધર્મનાં આધારસ્તંભ જેવાં તત્ત્વો દર્શાવ્યાં છેઃ ઉદારતા, ધર્મની પસંદગીની મોકળાશ, સહિષ્ણુતા અને મધ્યમમાર્ગ. સહિષ્ણુતાનું જ સક્રિય રૂપ અહિંસા છે. યજ્ઞમાં પશુઓ હોમાતાં તેમાંથી પદાર્થો હોમાતાં થયા. બુદ્ધ અને મહાવીરે જ્ઞાનને લોકભાષામાં ઉતાર્યું. બુદ્ધે સ્વર્ગ છોડીને છેલ્લા માણસ સુધી જ્ઞાન વહેંચવાનું કામ કર્યું અને ગાંધીજીના અંત્યોદયના કાર્યક્રમનું બીજારોપણ પણ બુદ્ધે કર્યું એવું અર્થઘટન દર્શકે કર્યું છે.

ભારતીય સમાજની નબળાઈઓનું દર્શકે સદષ્ટાંત વિવરણ કર્યું છે. આપણા ધર્મગુરુઓ કે પૂજારીઓ મિથ્યાભિમાનમાં રાચતા હતા અને ઉપનિષદની સર્વસમાવેશક મોકળાશ છોડીને સંકુચિત બન્યા. એટલે કહેવાયું કે હિન્દુ-ધર્મમાંથી બહાર જઈ શકાય છે પરંતુ પ્રવેશી શકાતું નથી. પરિણામે ભારત કેવળ હાર્યો કે ગુલામ જ નથી બન્યો પરંતુ લૂંટાયો અને નિચોવાયો છે, તે દર્શકે આ પુસ્તિકામાં ઈતિહાસના પરિપ્રેક્ષ્યમાં બખૂબી વર્ણવ્યું છે.

ભારતીય સમાજને વેદ-ઉપનિષદ-ગીતાનો અને રામાયણનો સમૃદ્ધ વારસો મળ્યો છે. એને પરિણામે ધર્મનું વ્યાપક સ્વરૂપ સર્જાયું હતું. વિદેશીઓ સામે ટક્કર લીધી હતી. પરંતુ એ ગુમાવ્યા પછી ભારતવર્ષની પડતી થઈ. ગુલામ બન્યા. સંતોએ નવી નજર આપવાનો પ્રયત્ન કર્યો, પરંતુ દર્શક કહે છે તેમ 'તેમણે ન હિન્દુઓએ સાંભળ્યા,ન મુસલમાનોએ.' આધુનિક કાળમાં રામકૃષ્ણ પરમહંસ,સ્વામી વિવેકાનંદ અને મહાત્મા ગાંધીએ ભારતના નવોત્થાનમાં કેવો અને કઇ રીતે ફાળો આપ્યો એનું બયાન આંખ ખોલે તેવું પારદર્શક છે. નવો યુગ નવી સમજ, નવું જ્ઞાન અને વિશાળ ઉદાર દૃષ્ટિ માગે છે એ દર્શકે ચોટડૂક દૃષ્ટાંતોથી સમજાવ્યું છે. આજે વોટ્સએપ યુનિવર્સિટીના અભણ ભક્તો ગાંધીજીને ન સમજવાનો સંકલ્પ કરીને જે રીતે અભિપ્રાયો વ્યકત કરે છે તેમને આ પુસ્તિકા વાંચતાં સમજાશે કે ગાંધીજીએ ભારતીય સમાજ અને ધર્મમાં કેવી મોટી ક્રાંતિ કરી છે. ટાગોરે પોતાની અદ્વિતીય નવલકથા 'ઘરે-બાહિરે'ના નાયક નિખિલ દ્વારા

કહેવડાવ્યું છે કેઃ 'હું મારા દેશને ચાહીશ, પરંતુ પૂજા તો સત્યની જ કરીશ' આ તેમણે સ્વરાજ પહેલાં (૧૯૧૬માં) કહ્યું છે. 'ભારતતીર્થ' કાવ્ય ટાંકીને દર્શકે દશાવ્યું છે કે ભારતવર્ષનું હોવાપણું વ્યાપક થવામાં છે. સર્વને પોતાનામાં સમાવવામાં છે.

ઈતિહાસ, સંસ્કૃતિ અને આખી ભારતીય વિચાર પરંપરાને પચાવેલા ચિંતકો જ ધર્મની આવી મોકળાશભરી અને સ્વીકાર્ય એવી વ્યાખ્યા કરી શકે. એટલે લેખના પ્રારંભે તેમણે દશાવ્યું છે કે, ' જોડે તે ધર્મ, તોડે તે અધર્મ' અને અંતભાગે લેખકે ધર્મની અત્યંત સાદી પણ મર્મસ્પર્શી વ્યાખ્યા આપી છેઃ 'વિશ્વામિત્ર, શ્રીકૃષ્ણ, બુદ્ધ, મહાવીર, કબીર, ગાંધી, રવીન્દ્રનાથની વાણી અર્થહીન વાડાબંધી સર્જિત અસમાનતા તોડવાની છે. તે જ ધર્મ છે. જોડે તે ધર્મ અને જોડવા માટે તોડે તે પણ ધર્મ.'

ધર્મ અને સંસ્કૃતિને સતત સંશોધિત અને સંવર્ધિત કરવા પડે છે. નહિ તો એમાં સડો દાખલ થાય છે. ઊધઈખાધા લાકડા જેવા થઈ જાય છે. એવો સમાજ આક્રમકો સામે ટકી શકતો નથી. એટલે દર્શકે નામ પાડીને કહ્યું છે કે, 'કોઈ સંસ્કૃતિ ચડતી પડતીથી પર નથી. ઋતુચક્રો બદલાય છે તેમ ઈતિહાસચક્ર પણ બદલાય છે. નવી પરિસ્થિતિ, નવું વિજ્ઞાન, નવાં આંતરબાહ્ય સંશોધનોને કારણે બદલાય છે. તે વખતે જૂની માન્યતાઓ સાથે અથડામણ પેદા થાય છે. એ વખતે ટૂંકી નજરવાળા કોચલામાં પુરાઈ જવાનું પસંદ કરે છે. લાંબી નજરવાળા પરિસ્થિતિનું તારતમ્ય જાણી સમાધાનનો માર્ગ શોધે છે. સત્યનો આનંદથી સ્વીકાર...જે સમાજ કે વ્યક્તિ આ કરી શકે તે સુશિક્ષિત.'

ધર્મનું વિકૃત કે માંદલું સ્વરૂપ ઉન્માદ જગાવી શકે છે એ જગતભરનો અનુભવ છે. એટલે ધર્મમાં સત્ય અને અહિંસા અંગે સતત સંશોધન કરવું પડે છે. ધર્મનાં ચિરંતન તત્ત્વો જાળવીને તત્કાલીન તત્ત્વોમાં પરિવર્તન સ્વીકારવું પડે છે. જે સમાજ આ કરી શકે છે તે ધર્મનું અમૃત પામી શકે છે. રામ અને શ્રીકૃષ્ણે પોતાના જીવન અને કાર્યો દ્વારા એનો બોધ આપ્યો છે. દર્શકે (૧૯૮૮માં) તારવ્યું છે કે, 'ભારતીય સમાજ ગાંધી સુધી જીવતો હતો, સ્વરાજની અપ્સરા આવતાં માંદો પડયો છે.'

આજે ધર્મના સવાલો વધુ આળા બન્યા છે, ત્યારે દર્શકે સારરૂપ તારવેલી સાદી વાત ફરી હૃદયસ્થ કરવી જરૂરી બની છે. દર્શકે જીવનભર નિરભ્ર બુદ્ધિની હિમાયત કરી હતી. નિરભ્ર બુદ્ધિની ઉપાસનામાં 'દર્શક' લિખિત આ પુસ્તિકા ચાર દાયકા પછી પણ પ્રસ્તુત છે. હિન્દુ ધર્મતત્ત્વના મર્મને સમજાવતી આવી લઘુ પણ મૂલ્યવાન પુસ્તિકા પ્રગટ કરીને સર્વોદય પ્રકાશન-સંઘ-સણોસરાએ સ્તુત્ય કાર્ય કર્યું છે. અંતમાં 'દર્શક'ના શબ્દોથી સમાપન કરુંઃ 'આજનો મનુષ્ય રાષ્ટ્રનો જ નહીં વિશ્વનો નાગરિક પણ બની ચૂકયો છે. પણ તેનું મન વિશ્વવ્યાપી બન્યું નથી.'

(સંપર્કઃ ૯૮૨૪૦ ૪૨૪૫૩)

**દીવાનગી**

એક મુસલમાન રસ્તાની બાજુ પર બંદગી કરતો હતો.

નમાજ પઢતો હતો ત્યાં એક યુવતી ઉતાવળે એની આગળથી પસાર થઇ ગઇ. થોડી વાર પછી પરત થતી યુવતીને બંદગી કરનારે ઠપકો આપતાં કહ્યુંઃ

કોઇ બંદગી કરતું હોય ત્યારે તેની આગળથી પસાર થવાની ગુસ્તાખી તેં કેમ કરી?

યુવતીઃ હું તો મારા પ્રિયતમને મળવા જઇ રહી હતી તેથી મારી નજર તમારા પર પડી નહીં. પરંતુ તમે તો પરમપ્રિય અલ્લાહની બંદગી કરી રહ્યા હતા તોય તમારી નજર મારા પર શી રીતે પડી ?

## ૦૪ કળાવિદ્ જોરાવરસિંહ જાદવ

**ડૉ. દિનુ ચુડાસમા**

---

ગરવી ગુજરાતના લોકકલા અને કલાકારોના ચાહક જોરાવરસિંહ જાદવ ભારત સરકાર દ્વારા પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હોય એવા લોકકલાવિદ્ છે. ગુજરાતી પ્રાદેશિક કલાના ઉપાસક જોરાવરભાઈની લોકકલાલક્ષી પ્રવૃત્તિઓનો આલેખ અહીં રાખવો છે. સાથે સાથે એક ભાતીગળ સંસ્કૃતિના પ્રચારક તરીકે એના વ્યક્તિત્વને પણ જોઈએ, જાણીએ, માણીએ.

ગુજરાતની ભાતીગળ લોકસંસ્કૃતિની ગરવાઈ અખિલાઈને સ્પર્શે છે. ગુજરાતની ધરતીની તળમાટીની સોડમ ઝવેરચંદ મેઘાણીએ પોતાના લોકસાહિત્યના ગ્રંથોમાં સંપાદિત કરી આપી છે. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ આપણી ધરતીના લોકસાહિત્યને ગામડે ગામડે જઈ, નેસડાઓમાં ઘૂમી, એકઠું કરી સંપાદિત કરી લોકો સુધી પહોચતું કર્યું. એક યુનિવર્સિટી કરી શકે એવું કાર્ય એકલપંડે પરિશ્રમપૂર્વક કરેલું. મેઘાણીની પંગતમાં પતરાળી નાખી શકે એવા જ એક માણસ ગત ૬૦ વર્ષથી લોકકલાની સાધનામાં રસમગ્ન બની, આપણી લોકકલાઓના વારસાનાં જતન, અર્ચન માટે પરસેવો પાડી રહ્યા છે. ગામડા ગામના કલાકારોને જગતમંચ ઉપર પોતાની કલા ઉજાગર કરવા માટે અહર્નિશ પરિશ્રમરત માણસ એટલે જોરાવરસિંહ જાદવ.

તા.૧૦ જાન્યુઆરી ૧૯૪૨ના રોજ ધંધુકા તાલુકાના આકરુ ગામે ખેડૂતખોરડે જોરાવરસિંહ જાદવનો જન્મ થયો. ગામડામાં ઉછેર છતાં લોકકલા, લોકસંગીત તરફ અનહદ અનુરાગ કેમ બંધાયો હશે ? આ ક્ષેત્રે અસીમ રસ કેવી રીતે કેળવ્યો ? લોકસાહિત્ય સંશોધનના શ્રીગણેશની વાત એમના જ શબ્દોમાં સાંભળીએ :

'સેંટ ઝેવિયર્સ કૉલેજ-અમદાવાદમાં પ્રથમ વર્ષમાં જ 'સૌરાષ્ટ્રની રસધાર ' ભણવામાં આવી. રસધારની કથાઓ મારા મુગ્ધ હૈયા પર કામણ કરી ગઈ. મને થયું હું પણ મેઘાણીભાઈ જેવા ચારણી લોકબોલીના ઠાઠ અને ઠસ્સાવાળી વારતાઓ લખું. બસ, ત્યારથી હું લોકસાહિત્ય સંશોધનનાં શમણાંમાં સરી પડયો. ઇ.સ.૧૯૫૮માં કૉલેજમાં વેકેશન પડતાં હું વતન આકરુ ગયો. સંશોધનની ધૂન મગજમાં સવાર થયેલી એ પહેલાં મેઘાણીનાં પુસ્તકોનો સેટ રસપૂર્વક વાંચી નાખ્યો હતો ને મનમાં એમના જેવું કામ કરવાનો સંકલ્પ કર્યો હતો. વતનમાં કુટુંબની બહેનો, દીકરીઓ દિવસે તો નવરી પડે નહીં. રાતની વેળાએ મારા ફળિયામાં ભેગી કરીને એમની પાસે લગ્નગીતો, રાંદલનાં ગીતો, ફટાણાં, રાસડા વગેરે ગવરાવીને એક મહિનામાં દોઢસો-બસો ગીતો નોટબુકમાં ઉતારી લીધાં. ત્યાં સુધીમાં તો 'કવિરાજ', 'બૈરાંના બારોટ ' તરીકે મારી ખ્યાતિ ગામ આખામાં પ્રસરી ગઈ. કૉલેજમાં ભણનારો દીકરો બૈરાંનાં ગાણાં લખે છે. એની મારા બાપુને જાણ થઈ એટલે એકવાર અકળાઈને બોલી પણ ઊઠયા કે : 'મેં આને કૉલેજમાં ભણાવીને પંદર હજાર રૂપિયાનું પાણી કર્યું ઈના કરતાં સીમ શેઢે એકાદ તળાવડી ગળાવી હોત તો મૂંગાં ઢોર પાણી પીને આશીર્વાદ તો આપત.'

એક તરફ ઘરમાં ખેડૂતપિતાજી પોતાનો પુત્ર આવા વરણાગીવેડા કરે તે પસંદ કરતા નથી અને બીજી તરફ જોરાવરસિંહ લોકસાહિત્યના કાર્યમાં એકનિષ્ઠાથી ખૂંપી જાય છે. ધંધુકા તાલુકાના આકરુ ગામે ખેડૂત પિતાને ત્યાં જન્મેલા આ માણસ પોતાના કર્મક્ષેત્રથકી વિશ્વમાં નામ કમાયા છે ને આપણી ઘરબાયેલી,

મુરઝાવા પડેલી લોકકલાઓને વૈશ્વિક મંચ આપવાનું ભગીરથ કાર્ય હાથ ધર્યું છે. એમનું મૂળ કામ લોકકલા અને એના કલાકારોને નામ અને પ્રતિષ્ઠા અપાવવાનું છે. ધૂળમાં જે રતન પડયું હોય તેને એના ખરા સ્થાને ગોઠવી મહામૂલું કરવાની ખેવના રાખી જીવનને આનંદથી ગમતા કાર્યમાં ડૂબાડી દેનાર ઈન્સાનનું નામ જોરાવરસિંહ જાદવ છે. એમનું કાર્યક્ષેત્ર જોતાં કહેવું પડે આ માણસ લોકકલાઓનો પરખંદો, જાણતલ છે. વિદ્યાભ્યાસ દરમિયાન આરંભ થયેલી લોકકલા અનુરાગની કળા અને કળાકારોના જતનની જીવનયાત્રા ૮૪ વર્ષે પણ ઉત્સાહથી કરી રહ્યા છે. જોરાવરસિંહ આજીવન પોતાના ગમતાં આ કાર્યક્ષેત્રમાં કાર્યરત રહેવા પ્રતિબદ્ધ છે. કારણકે એમણે વર્ષો પહેલાં પ્રતિબદ્ધતા સેવતા સંકલ્પ કર્યો હતો. એ વાત કાન દઈને સાંભળીએ;

'સૌરાષ્ટ્રની રસધાર ' મને સંશોધનક્ષેત્રમાં ખેંચી લાવી. મેઘાણીભાઈએ લોકસાહિત્યને સાહિત્ય જગતમાં માનભર્યું સ્થાન અપાવ્યું. એમને લોકસંસ્કૃતિ, લોકજાતિઓ, લોકકલાઓ ઉપર કાર્ય કરવાની ઉત્કંઠા હતી. સને ૧૯૪૭માં એમનું અવસાન થતાં એમણે સેવેલું સ્વપ્ન સાકાર કરવા મેં લોકવિદ્યા, લોકસંસ્કૃતિ, લોકકલાઓ, લોકજાતિઓ અને એમના મનોરંજન પર સંશોધન કાર્ય આરંભ્યું તે કાર્યને આજે ૬૦ વર્ષ થયાં છતાં પરમેશ્વરની કૃપાથી કાર્યરત છું.'

જોરાવરસિંહ જાદવનું સૌથી શ્રેષ્ઠ યોગદાન 'ગુજરાત લોકકલા ફાઉન્ડેશન'ની સ્થાપના છે. સમગ્ર ભારતની આ એક માત્ર એવી કલાસંસ્થા છે. છેલ્લાં ૩૦ વર્ષોમાં ગુજરાત અને બીજાં રાજયોના અભણ, શોષિત, વિચરતી જાતિના લોકકલાકારો, નટ બજાણિયાઓ, ભવાયા, ઢોલીઓ એમ ૫૦૦૦ લોક કલાકારો આ સંસ્થા સાથે સંલગ્ન થયા છે. આ કલાકારો એમના સીધા માર્ગદર્શનમાં 'ગુજરાત લોકકલા ફાઉન્ડેશન' ના ઉપક્રમે વિશ્વના દેશોમાં, ભારતનાં રાજયો, નગરોમાં લોકસાંસ્કૃતિક કાર્યક્રમો આપી લાખો લોકોને કલાનંદ આપી રહ્યા છે. આ તળધરતીના કલાકારોને જોરાવરસિંહજીએ રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય પરિષદો, મોટા મેળાવડા, કર્ણાવતી રાજપથ, વાય.એમ.સી.એ. જેવી કલબો, પતંગ ઉત્સવો, નવરાત્રી કાર્યક્રમો, લગ્નસમારંભો, દૂરદર્શન, જી.ટી.વી., ઇ.ટી.વી., ટી.વી. ૯ જેવી ચેનલો પર ગુજરાતી ફિલ્મો અને ટી.વી. સિરિયલોમાં ધૂમ મચાવતા કર્યા છે. આશાનું નૂતન કિરણ ઉજાગર થયું. આજે લોકકલાના કલાકારો દ્વારા થતા કાર્યક્રમોને માણનારો, ચાહનારો, સમજનારો એક વર્ગ ઊભો થયો હોય તો એક માત્ર એમના અથાક પરિશ્રમ થકી.

લોકસાહિત્ય મર્મજ્ઞ જોરાવરભાઈની રાહબરી નીચે દેશભરમાં એક હજાર કાર્યક્રમો યોજાઈ ચૂકયા છે. હવે તો દેશના સીમાડા વટી પરદેશમાં પણ તેઓ આમંત્રણ મળતા કલાકારવૃંદને લઈ જાય છે. જે લોકકલાકારો કદી શહેરમાં નથી ગયા તે હવે દુનિયામાં રંગમંચ ગજાવતા રહે છે. ગુજરાત, રાજસ્થાનના લોકકલાકારોને લઈને તેઓ દુબઈ, ઓમાન, (મસ્કત) વેસ્ટ ઇન્ડીઝના દેશો ત્રિનિદાદ એન્ડ ટોબાગો, સુરિનામ, શિકાઁગો (યુ.એસ.એ), કેનેડામાં, ઈરાક-ઈરાન, યુ.કે. જાપાન, ફ્રાંસ જઇ આવ્યા. પુષ્કરના મેળામાં રસ્તા પર નાચનારી મદારણ ગુલાબોને ૩૦ વર્ષ પહેલાં ગુજરાતમાં સ્ટેજ આપ્યું અને લોકપ્રિય થતાં કીર્તિ મળતાં વિશ્વવિખ્યાત કાલબેલિયા નૃત્યાંગના બની. એવા તો કેટલાંય છેવાડાના, ગ્રામીણ પંથકના, ધૂળિયા મારગના જન્મજાત કલાકારોને આંતરરાષ્ટ્રીય રંગમંચ ઉપર મૂકી આપી અનોખી કેડી કંડારી આપી છે. એક કલાકાર શ્રીમતી તેજીબહેનને તો બ્રિટનનાં મહારાણીએ આમંત્રણ પાઠવી પ્રિન્સ ચાર્લ્સના લગ્નમાં કચ્છી વેશભૂષા લઈને તેડાવેલાં અને પગ વગરનો નૃત્યકાર કમલેશ પટેલ ૨૨ વખત અમેરિકા જઈને કાર્યક્રમો આપી આવ્યો છે.

ખૂણાના દીવડાઓને આકાશી ઊંચાઈએ પહોંચાડવા સાથે કીર્તિ અને કલદાર શ્રી જોરાવરભાઈએ અપાવ્યા છે. 'ગુજરાત લોકકલા ફાઉન્ડેશન'ની યાત્રા વિશે શ્રી જોરાવરસિંહ કહે છે કેઃ

'ગુજરાતની તળપદ ગ્રામધરતીની આ બધી લોકકલાઓ જીવતી રહે, એનાં રૂડાં જતન થાય, વગડામાં ઊગી નીકળેલાં આવળનાં ફૂલ જેવા ગ્રામધરતીના કલાછોડવાને નગરસંસ્કૃતિના બાગમાં રોપી શકાય. એને ઊજળો આદર, ઓટલો ને રોટલો મળે. એના હાટ માંડવાને બદલે પરબો બેસાડાય, આપણી લોકસાંસ્કૃતિ કલાપરંપરાઓ જીવી જાય અને પશ્ચિમની સંસ્કૃતિના રંગે ઝડપથી રંગાતી જતી નવી પેઢીને ગુજરાતની આ કલાવિરાસત માટે ગૌરવ લેતી કરી શકાય એવા શુભાશયથી સને ૧૯૭૯માં 'ગુજરાત લોકકલા ફાઉન્ડેશન કેન્દ્ર (ટ્રસ્ટ)'ની એ સમયના ગૃહમંત્રી શ્રી પોપટલાલ વ્યાસના હસ્તે સ્થાપના કરવામાં આવી. ત્યારથી અમારી લોકકલા યાત્રાનો આરંભ થયો.'

આ કલાવિદ્, લોકકલાના મર્મજ્ઞ માણસે ગુજરાતના ગામડે ગામડે જઈ લોકકલાકારોનો સંપર્ક કરી એમની પ્રતિભા પિછાણી, લોકકલાઓને બહોળા વર્ગ સુધી લઈ આવવાનું, કલાકારોને મંચ પૂરું પાડી આપવાનું અતિ મહત્ત્વનું કાર્ય મિશનરીના ઉત્સાહથી રમમાણ બની કરતા રહે છે. રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય કીર્તિપ્રાપ્ત આ સંસ્થાએ લોકકલાના જતન માટે મથતા, ધરતીની ધૂળમાં રમતા કેટલાય કલાકારોના આર્થિક સામજિક વિકાસ માટે ઉમદા કાર્ય કર્યું અને પરંપરા આગળ વધતી રહે એ માટે જોરાવરસિંહ સજાગ પ્રહરી તરીકે પોતાનો મૂલ્યવાન ફાળો આપી રહ્યા છે. એટલે ગુજરાતના સંવેદનશીલ બૌદ્ધિકો તેમને એક વ્યકિત જ નહીં સંસ્થા માને છે.

જોરાવરસિંહ જાદવે લોકકલા વિષયક જે અનુભવનું ભાથું સખત પરિશ્રમ કરી પ્રાપ્ત કર્યું છે. તેમાં પાંચ હજાર લેખો અને ૧૦૫ પુસ્તકોમાં પ્રકાશિત કરી ભાવકોના કરકમળમાં મૂકી આપી ઉત્તમ કાર્ય કર્યું છે. પુસ્તકોનાં શીર્ષકો પરથી જ એમનો લોકકલાક્ષેત્રના કામનો અંદાજ અભ્યાસુ માણસ અનુભવી શકે જેમ કેઃ

(૧) ગુજરાતની લોકસંસ્કૃતિ
(૨) મરદ કસુંબલ રંગ ચડે - લોકકથાઓ
(૩) ગુજરાતનો લોકકલા વૈભવ
(૪) પ્રાચીન ભારતની લોકરમતો
(૫) ગુજરાતનું સંસ્કૃતિ દર્શન
(૬) લોકજીવનઃ કલા અને કસબ
(૭) લોકજીવનની કહેવત કથાઓ
(૮) ગુજરાતની લોકકલા લોકસંસ્કૃતિ
(૯) ગુજરાતનાં લોકવાદ્યો
(૧૦) ગુજરાતના લોકમેળા
(૧૧) લોકસાહિત્યની નાગકથાઓ
(૧૨) લોકસાહિત્યની અશ્વકથાઓ
(૧૩) ગુજરાતનું લોકજીવન
(૧૪) લોકસાહિત્યની પ્રેમકથાઓ
(૧૫) ભારતીય લોકકલા મહોત્સવ -લોકનૃત્ય
(૧૬) લોકસાહિત્યની વિરાસત
(૧૭) લોકજીવનનાં મોતી

જોરાવરસિંહના ધ્યાનાર્હ સંશોધન અને સંપાદનને અને લોકકલાક્ષેત્રના સમર્પણને લીધે જ સાપ્તાહિક 'નૂતન ગુજરાત' માં લોકજીવન, લોકસંસ્કૃતિ અને લોકકલા વિષયક ૭૫૦ થી અધિક સંશોધિત લેખો લખ્યા સાથે 'રંગતરંગ' પાક્ષિકમાં 'ગુજરાતના લોકદેવો' ૫ર તલસ્પર્શી ૫૦૦ લેખો લખી પ્રગટ કર્યા છે. અને દૈનિકોમાં કૉલમ રૂપે તેમણે ૩૫૦૦ લેખો એમના ગમતા ક્ષેત્રને લોકો પણ જાણે એ માટે પ્રગટ કર્યા છે. અને હજુ એમની કલમ અહર્નિશ લોક કલા વિષયક વિશેષ જાણકારી આપવા અણથક ચાલે છે. સંશોધન માટે અનેક સ્થળોએ, ગામડાઓમાં જવું પડે, લોકોને મળી, લોકકલાકારોને ગોતી ટાંચણો મેળવીને શાસ્ત્રીય

રીતે સંશોધિત કરી લોકસમક્ષ મૂકી આપવી, મેગેઝિન, સામયિકોમાં પ્રગટ કરવી, પુસ્તકોમાં ગ્રંથસ્થ કરી આપવી એવા અનેક ક્ષેત્રોમાં જોરાવરસિંહ જાદવ રસ દાખવી કાર્યરત છે. એમની એક કેફિયતને સાંભળી આ ક્ષેત્રના એમના પરિશ્રમને પિછાણીએઃ

'નોકરી, લેખનપ્રવૃત્તિ અને પ્રવાસોની સાથે સંશોધનકાર્ય એકધારું ચાલતું રહ્યું. ઘણીવાર અભણ અને ગામડિયા ગણાતા માણસો પાસેથી સાચાં મોતીડાં જેવી મૂલ્યવાન સામગ્રી અનાયાસે મળી જતી. તો ક્યારેક શંખ છીપલાંય સાંપડતાં. અનુભવે મને સમજાયું કે લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિનું કામ તો દરિયો ડહોળવા જેવું છે. એના માટે અનેક જિંદગીઓ ઓછી પડે. તેમ છતાં ખારા સમુદ્રમાંથી મોતીડાં વીણવાના પ્રયત્નો ચાલતા રહ્યા. અનેક લોકવિદ્યાનાં ટાંચણોથી મારી નોંધપોથીઓ આજે હાંફતી પડી છે. રેફરન્સ બુકોની મારી લાયબ્રેરી છે. એટલે આજે ૪૦-૫૦ વર્ષ પૂર્વેની જોયેલી, જાણેલી, સંશોધન કરેલી વાતો ગુજરાત સમાચારમાં દર રવિવારે 'લોકજીવનના મોતી'ના નામે લખું છું. આ કોલમમાં ૧૧૦૦ જેટલા સંશોધનાત્મક અભ્યાસ લેખો પ્રગટ થયા છે. આ તમામ લેખો પુસ્તક રૂપે મૂકવાનું મેં વિચાર્યું છે. જેથી ભવિષ્યમાં લોકસંસ્કૃતિ પર કામ કરનારા અભ્યાસીઓ અને રસ ધરાવનાર વાચકોને ઉપયોગી બની શકે.'

લોકકલાના તજ્જ્ઞ અને સાધક તરીકેની એમની યાત્રાના રમણીય મુકામ પણ અનેક આવ્યા છે. સરકાર અને લોકોએ એમને હરખથી સન્માનિત કર્યા, સુવર્ણચંદ્રકો આપી પોંખ્યા છે. ભારત સરકારે એમને પદ્મશ્રી પોંખ્યા છે.

અમદાવાદની પ્રખ્યાત સંસ્થા કર્ણાવતી ક્લબના સહયોગથી પ્રતિવર્ષ 'ગુજરાત લોકકલા ફાઉન્ડેશન' દ્વારા 'ગુજરાત લોકકલા ઉત્સવ'નું આયોજન કરવામાં આવે છે. પરિણામે ગુજરાતમાં ૧૨૫ ઉપરાંત રાસ, ગરબા અને લોકનૃત્ય મંડળીઓ પુનઃ ધબકતી થઈ છે. એમના પ્રયાસોથી 'ગુજરાત લોકકલા ફાઉન્ડેશન' દર વર્ષે ભારતનાં જુદાં જુદાં રાજ્યોમાંથી ૨૦ થી ૨૫ લોકકલા મંડળીઓને પસંદ કરી લોકકલાકારોને અમદાવાદ આમંત્રણ આપી રાષ્ટ્રીય કક્ષાના લોકકલા એવોર્ડ આપી ગૌરવ પ્રદાન કરે છે. જ્યાં રાસ, ગરબા, લોકનૃત્ય અને વિકલાંગ કલાકારોની સ્પર્ધાઓ જોરાવરભાઈ યોજે છે તેમાં પ્રથમ આવનાર પ્રત્યેક ગ્રુપને એક એક લાખ રૂપિયાના પુરસ્કારો આપવામાં આવે છે. અમદાવાદની કર્ણાવતી ક્લબ તો આજે એમને કાર્યક્રમો કરવા તમામ સગવડ વિનામૂલ્યે આપે છે. દરવર્ષે રાષ્ટ્રીય કક્ષાના લોકકલા મહોત્સવ યોજીને દેશભરના ૧૦૦૦ થી ૧૨૦૦ જેટલા કલાકારોને રંગમંચ ઉપર પહોંચાડતા રહે છે. તેથી આજે લોકકલાના કાર્યક્રમો માણનારો અને લોકકલાકારોનો એક ચાહક વર્ગ ઊભો થયો છે. માટે તો વિશિષ્ટ એવા આ કલાકાર રખોપિયા વિશે લબ્ધપ્રતિષ્ઠ સર્જક રઘુવીર ચૌધરી કહે છે કેઃ

'શ્રી જોરાવરસિંહ જાદવ ક્ષત્રિય છે. પૂર્વે ક્ષત્રિયો આંગણે આવેલા કલાકારની કદર કરતા. જાદવે જુદા પ્રકારનું ક્ષાત્રત્વ દાખવ્યું. આ કલાપ્રેમી પોતે કલાકારને આંગણે ગયા અને એમને શહેરના ચોકમાં લાવી જગત ચોકમાં મૂક્યા'.

સાથે સાથે લુપ્ત થતી ભારતીય લોકકલા પરંપરાઓ સચવાઇ રહે, આપણી કલાઅસ્મિતાની જાળવણી થાય માટે જોરાવરસિંહના માર્ગદર્શન તળે કલાકારોનાં બાળકોને તાલીમ આપીને તૈયાર કરવામાં આવે છે. એટલે કે લોકકલાઓ જીવતી રહે માટે પણ આ સભાન માણસ સજાગ રહી કાર્ય કરે છે. જોરાવરસિંહ જાદવના કળાસંગત કાર્યથી ગુજરાત રળિયાત છે.

સંપર્કઃ૯૯૭૯૧ ૮૭૫૮૭

## ૦૫ કચ્છમાં હોળીની વિવિધ પરંપરાઓ

**માવજી મહેશ્વરી**

કચ્છ સાંસ્કૃતિક રીતે સમરસતા ધરાવતો વિસ્તાર છે એટલે ગ્રામ્ય કક્ષાએ ઉજવાતા તહેવારોમાં સાંપ્રદાયિક વાડાબંધી જોવા મળતી નથી. હોળીનો તહેવાર પણ એમાંનો એક છે. કચ્છમાં મધ્ય કચ્છ, પૂર્વ કચ્છ અને પશ્ચિમ એમ ત્રણ વિસ્તારોમાં હોળીનો તહેવાર થોડા થોડા ફેરફાર સાથે ઉજવાય છે. પરંતુ સૌથી મોટું સામ્ય હોય તો એ છે કે આખાય કચ્છમાં હોળી માટે માત્ર છાણમાંથી બનાવેલાં હોળીલાં (હોળૈયા) કે છાણાં વપરાય છે. ક્યાંય પણ લાકડાં કે અન્ય સામગ્રી વપરાતી નથી. તેમજ હોળીના પ્રાગટ્ય માટે કડબ, ઘાસ જેવી વનસ્પતિ વપરાય છે. પેટ્રોલ, કેરોસિન જેવા જવલનશીલ પદાર્થો ક્યાંય વપરાતા નથી. અમુક વિસ્તારોમાં હોળી પ્રગટે અને છાણાં આગ પકડે તે પછી ઘી હોમવામાં આવે છે. કચ્છના એવાં જૂજ ગામો છે જ્યાં માત્ર મુસ્લિમોની વસતી હોય. એટલે આખાય કચ્છમાં હોળી પ્રગટાવાય છે. હોળી માટેની સામગ્રી આપવા ગામડાંનાં બાળકો પંદર દિવસ અગાઉ જ તૈયારી કરે છે. છાણમાંથી તેઓ હોળીલાં બનાવે છે. નાનો ગોળ આકાર બનાવી તેમાં આંગળીથી કાણું કરીને સુકાઈ જાય એટલે સીંદરીથી હોળીલાંનો હાર બનાવે છે. પૂનમની રાતે દરેક ઘરનાં બાળકો પોતાના હાર હોળી પ્રગટતી હોય તે જગ્યાએ લઈ આવે છે જ્યાં મોટેરાં એને વ્યવસ્થિત ખડકે છે. અમુક વિસ્તારોમાં હોળીની એક જ ટોચ હોય છે, અમુક જગ્યાએ ત્રણ ટોચ હોય છે. અને દરેક ટોચ ઉપર ધજા રાખવામાં આવે છે. હોળી પ્રગટે અને આગ પકડે ત્યારે અનુભવી ખેડૂતોનું ધ્યાન એ બાબત ઉપર હોય છે કે હોળીની ધજા કઈ કઈ દિશામાં નમે છે. ધજા જે દિશામાં નમે તે દિશામાંથી પહેલો વરસાદ આવશે અથવા ગામ કે વિસ્તારની એ દિશામાં વધુ વરસાદ થશે એવી માન્યતા છે. શહેરોમાં હોળી માટે છાણાં ખરીદાય છે. ગામડાંમાં હોળીની જગ્યાઓ નિશ્ચિત હોય છે. અમુક ગામોમાં એ હોળીચોક તરીકે ઓળખાય પણ છે.

ગામડાઓમાં ફળિયા કે જ્ઞાતિસમૂહો પોતપોતાની હોળી પ્રગટાવે છે. પૂર્વ કચ્છમાં ધૂળેટીના દિવસે બપોર સુધી રંગ ઉડાડવાની પ્રથા છે જ્યારે પશ્ચિમ કચ્છમાં હોળીના દિવસે બપોર સુધી રંગ ઉડાડે છે. કચ્છમાં હવે ધૂળેટીના દિવસે માંડવી કે અન્ય જગ્યાએ દરિયે જવાનું ચલણ વધ્યું છે.

કચ્છમાં હોળીનો તહેવાર માત્ર ધાર્મિક નથી. તેમાં સામાજિક રીતરિવાજો પણ સામેલ છે. ખાસ કરીને નવાં પરણેલાં જોડાં અને ધાવણાં બાળકોની કેટલીક વિધિઓ હોળીના તહેવાર સાથે જોડાયેલી છે. કચ્છની કેટલીક જ્ઞાતિઓમાં જેમના લગ્ન પછી પહેલી હોળી આવતી હોય એવા નવપરિણીત પતિ-પત્નીને હોળી ફેરા ફેરવાય છે. જો યુવતી ગર્ભવતી હોય તો ફેરા ફરતી નથી. જેમના લગ્ન પછી પહેલી હોળી આવતી હોય તેવી કન્યાના માવતરપક્ષેથી ચાર-પાંચ જણ હાયડો દેવા જાય છે. હાયડામાં હવે મીઠાઈ હોય છે, પરંતુ કોઈ સમયે એ હાયડો સૂકી ખારેક, કાળી દ્રાક્ષ અને પતાસાંનો બનાવવામાં આવતો. એ હાયડો જેના લગ્ન થયાં હોય તે યુવતીની લગ્ન સમયની ચૂંદડીના છેડામાં બાંધવામાં આવે છે. મોટાભાગે વરપક્ષના જમાઈ અથવા તો ગોરમારાજ ફેરા ફેરવે છે. હોળીના ફેરા ચાર હોય છે. અમુક જ્ઞાતિઓમાં હોળી ફેરા ફક્ત નવપરિણીત યુવક જ ફરે છે. કોઈ સમયે કન્યાના માવતર કેવો હાયડો લાવ્યા છે તેની પણ જ્ઞાતિમાં ચર્ચા થતી. એ હાયડાનો પ્રસાદ ફળિયામાં વહેંચવામાં આવે છે. હાયડો લઈ જતા માવતર બે ત્રણ દિવસ રોકાય છે અને જાય છે ત્યારે પોતાની દીકરીને માવતરે તેડી જાય છે. એવી જ રીતે જે બાળકના જન્મ પછી પહેલી હોળી આવે તેને પણ હોળીના ચાર ફેરા ફેરવવામાં આવે છે. એ ફેરા મામા અથવા કાકા ફેરવે છે. એ બાળકનો પણ

મોસાળ પક્ષ તરફથી હાયડો આવે છે જે સૂકાં ટોપરાં અને કાળી દ્રાક્ષનો હોય છે. હાયડા સાથે સગાઈની વિધિ પણ જોડાયેલી છે. જે છોકરાની સગાઈ પછી પહેલી હોળી આવે ત્યારે તે પોતાની માતા સાથે કન્યાના ઘેર જાય છે. હવે હાયડા સૂકા મેવાના બનતા નથી પણ મોટા ભાગે શુકન તરીકે પતાસાનો એક હાયડો હોય છે, બાકી મીઠાઈ હોય છે. પરંપરાગત રિવાજ મુજબ જેની સગાઈ હોય તે છોકરો પોતાની સગાઈમાં જઈ શકતો નહીં પણ પહેલી હોળીના હાયડો દેવા કાયદેસર સાસરાના ઘેર જતો. હવે એવું રહ્યું નથી સગાઈમાં છોકરો સાથે જાય છે. તેમ છતાં હાયડાની વિધિ તો છે જ. વાગડ વિસ્તારમાં બાળકને મોસાળ તરફથી અમુક મિષ્ટાન્ન ખાદ્ય પદાર્થ આપવામાં આવે છે જેને 'ગીભ' કહેવાય છે. કોઈ સમયે પશ્ચિમ કચ્છમાં રખિયા તરીકે ઓળખાતી જ્ઞાતિના પુરુષો ગામના ઘેર ઘેર જઈને ભજન ગાતાં અને બદલામાં ઘરધણી અનાજ આપતા. એ અનાજમાંથી રોટલા કે ખીચડી બનાવી કૂતરાંને અપાતી. તેને 'ભગવતી' ઊઘરાવવી કહેવાતું. હવે એ પ્રથા રહી નથી.

કચ્છમાં હોળીની પૂનમથી અગાઉ આઠમની આસપાસથી ગામડાંના યુવાનોમાં જુદી જાતનો ઉત્સાહ જોવા મળે છે. પોતાનું શારીરિક કૌશલ્ય બતાવવાનો અવસર હોય છે. એને નાળિયેર રમત કહેવાય છે. ગામના યુવાનિયા અને પૌઢ પણ આ રમતમાં જોડાય છે. પોતપોતાના ગામની ભૂગોળ પ્રમાણે નાળિયેર ઘા કરવાની આ રમત છે. જેમાં અમુક ઘામાં ચોક્કસ જગ્યાએ નાળિયેર પહોંચાડી દેવું, તળાવનું પાણી લંઘાવી દેવું, ડાબા હાથે કોઈ ઊંચું ઝાડ કૂદાવી દેવું, નમીને બે પગ વચ્ચેથી અમુક અંતરે નાળિયેર પહોંચાડવું જેવા કરતબ ગોઠવાય છે. આ રમતમાં ગામનાં નાનાં છોકરાં પણ નાળિયેર ખાવાની મજા લેવા જોડાય છે. આખું ટોળું હો હલ્લા કરતું ગામનું પાદર ગજવી નાખે છે. આ દિવસોમાં ગામમાં સૂકાં નાળિયેરની ભારે માગ રહે છે. આ રમતમાં ગામના યુવાનો વચ્ચે શરતો લાગે છે. રાતની ચર્ચા બીજા દિવસે થતી રહે અને નવી નવી તરકીબો પણ વિચારાય છે. કચ્છમાં અંજાર શહેરમાં અનોખી રીતે હોળી ઉજવવાની પ્રથા છે. દોઢસો વર્ષથી ચાલી આવતી આ પરંપરાની નોંધ અનેક માધ્યમોએ પણ લીધી છે. જેને ઘેર કહેવામાં આવે છે. અંજાર શહેરમાં લગ્ને લગ્ને કુંવારા ઈશાકચંદ્ર અને ઈશાકડીના લગ્નનો વરઘોડો કાઢવાની પ્રથા છે. ઈશાકચંદ્ર અને ઈશાકડીની એક જોડી બને છે. એમના લગ્નનો કાયદેસર માણેકથંભ રોપવામાં આવે છે. કચ્છમાં માત્ર અંજાર શહેરમાં આ પ્રથાનું કાયદેસરનું લખાણ લોહાણા જ્ઞાતિ પાસે છે. આ ઘેરની વ્યવસ્થા મુખ્યત્વે લોહાણા જ્ઞાતિ જ સંભાળે છે. જેમાં કોઠારી અટક કન્યાપક્ષની જવાબદારી સંભાળે છે, જ્યારે માથકિયા અટક વરપક્ષે રહે છે. ધૂળેટીના દિવસે વાજતે ગાજતે નવવધૂ ઈશાકડી અને વરરાજા ઈશાકને લગનનો પોષાક પહેરાવી શહેરના માર્ગો ઉપર ફેરવવામાં આવે છે તે જોવા આખુંય ગામ હેલે ચડે છે. જ્યારે સંગીતનાં આધુનિક સાધનો ન હતાં ત્યારે આ વરઘોડામાં અમુક ચોક્કસ જ્ઞાતિના લોકો ઝાંઝ અને ત્રાંસા વગાડતા.

(ઈમેલ mavji018@gmail.com)

**શ્રદ્ધાંજલિ**

- લોકસેવા મહાવિદ્યાલયના સિનિયર અધ્યાપક અને લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટના ઉપનિયામકશ્રી શ્રીધરભાઈ ગજ્જરનું તા.૧૩ના રોજ ૫૨ વર્ષની વયે હૃદયરોગના હુમલાથી દુઃખદ અવસાન થયેલ છે.
- લોકસેવા મહાવિદ્યાલયના સેવકશ્રી કાળુભાઈ લુણી(જી.બી.ટી.સી.ના સેવક, ફેરબદલી થઈને લોકસેવામાં આવેલા)નું તા.૨૫ના રોજ હૃદયરોગના હુમલાથી દુઃખદ અવસાન થયેલ છે.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવારો ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પરમેશ્વરને પ્રાર્થના કરે છે અને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

## ૦૬ 'માલપરા' કહો..કે..કહો - 'માટલિયાભાઈ'! બંને એકબીજાના પર્યાય બની ગયાં!

**હીરજી ભીંગરાડિયા**

---

ભાવનગર જિલ્લામાં "માલપરા" નામનાં ચાર-પાંચ ગામડાં છે. એકને "પાલીતાણા...માલપરા", બીજાને "રેવા...માલપરા", ત્રીજાને વળી "ભાલ...માલપરા" એમ કાંતો બાજુના મોટા ગામ સાથે સાંકળીને અગર તો પડખે જે તે પ્રદેશની ઓળખ લગાડીને તે તે ગામોની ઓળખાણ થતી રહે છે. જ્યારે અમારા ગામ માલપરાની ઓળખ "માટલિયાનું માલપરા"ની છે. જેમ કેટલાક ધોરી માર્ગો, જાહેર ચોક કે મોટા પૂલોનું વિધિવત નામાભિકરણ કોઈ વ્યક્તિના નામે કરવામાં આવતું હોય છે, તેવુંયે આમાં થયું નથી. અહીં તો એ પ્રતીક બન્યું છે આખા ગામ સાથેના માટલિયાભાઈના વાત્સલ્યભાવના સ્વીકારનું! અહીં તો એ નિદર્શન બન્યું છે તેમણે આરંભેલા ગ્રામોત્થાન સેવાયજ્ઞના વણથાક્યા પ્રયત્નોનું! અને અહીં એ પ્રસાદ બન્યું છે આ વિસ્તારને આરાધ્યદેવ માની એકધારાં ૩૦, ૩૫ વરસ કરેલી માટલિયાભાઈની તપશ્ચર્યાનું ! માટલિયાભાઈ "માટલિયા" મટી "માલપરા" બની ગયા ! આજે માલપરા કહો કે માટલિયા કહો, એકબીજાના પર્યાય બની ગયા ! માલપરા "માટલિયાનું" એ લોકોએ સ્વયંભૂ લગાડેલા પ્રેમનું પ્રતીક છે.

એઓ શું હતા - શું નહોતા, કહેવું મારે મન કૂવાના દેડકા માટે સરોવરનું માપ કાઢવા જેવું હાંસીપાત્ર છે. તેઓ સામાન્ય વર્ણનથી સમજાય તેવા "વ્યક્તિ" નહોતા. તેથી વિશેષ, ઘણું ઘણું વિશેષ, જાણે ગામડાંઓની સર્વાંગી ઉત્ક્રાંતિ માટેની ચળવળ હતા. માત્ર વિચાર કરી અટકી જવાનું તેમનામાં ક્યારેય આવતું નહીં. પ્રત્યક્ષ આચરણ એ તેમના વિચાર સાથેનું અભિન્ન અંગ હતું.

**શરૂઆત :**

પૂ. નાનાભાઈ ભટ્ટ પાસેથી દિશા અને દીક્ષા તથા પૂ. મનુભાઈ પંચોળી પાસેથી માર્ગદર્શન લીધા પછી તેમને લાગ્યું કે ગ્રામોત્થાનનાં કામો કરવા હોય તો સાદું જીવન સમર્પિત કરવું જોઈએ. ગામ માલપરાનું સદભાગ્ય ગણવું જોઈએ કે શ્રી મનુભાઈએ આ માટે ગામ માલપરા સૂચવ્યું. અને પછી તેમણે જીવનનું એક પવિત્ર કાર્ય માનીને પોતાનું આસન અહીં જમાવી દીધું. તેમની કોઠાસૂઝ, ત્યાગ અને આપ હોશિયારી એવાં કે લોકોનાં હૃદય સુધી પહોંચવાનું તેમને માટે આસાન બની ગયું. તેમણે શરૂઆત કરી ગામનાં નાગાંપૂગાં અને મેલાંઘેલાં બાળકોને નવરાવી-ધોવરાવી, રમતો રમાડી, ટુચકા અને વાર્તાઓ કહેનારી બાલવાડીથી, તેઓ વૈદું પણ જાણતા હતા તેથી ગરીબ, તરછોડાયેલા, બીમાર માણસોની સેવાનું જોડાણ કર્યું. લોકોના વૈચારિક ઘડતરના ઉદ્દેશથી ગામના ચોરે સાયં પ્રાર્થનાસભા શરૂ કરી. બાળકથી માંડી વૃદ્ધો સુધી તેમણે શિક્ષણનો એવો ચેપ લગાડ્યો કે પ્રૌઢ વયનાં સ્ત્રી-પુરુષો માટે રાત્રિશાળાઓ શરૂ થઈ, અને ગામના શિક્ષિત યુવાનો આ કામ માટે તેમની મદદે આવ્યા! કાર્યક્રમનો દોર અને ધમધમાટ એવો ઊભો થયો કે ગામ આખું જાણે પરિવર્તનની કરવટ ન બદલી રહ્યું હોય !

**ગામની શાળા :**

ગામમાં ધોરણ પાંચ સુધીના શિક્ષણની સવલત હતી. પોતે સરકાર પાસેથી શાળા સંભાળી લઈ ધોરણ ૭ સુધીના શિક્ષણનું ગોઠવી દીધું. પણ તેથીયે આગળ ભણવા આ ગરીબ ગામડાનાં છોકરાં શહેરોમાં જઈ શકતાં ન હતાં. આ જ સમયમાં ગાંધી-વિચાર અને નવી રીતે ઘડતર કરનારી નઈ તાલીમી લોકશાળાઓ ખૂલવા માંડી હતી. તેમણે પણ આ તક ઝડપી લીધી અને ગામડાંઓના સર્વાંગીણ ઉત્થાન

માટે ગ્રામસેવામાં ઝંપલાવનાર શિક્ષિત યુવાનો તૈયાર થાય તે માટે "વાત્સલ્યધામ લોકશાળા" ગામની વચ્ચે જ શરૂ કરી. અને પ્રવૃત્તિનો ઢાંચો એવો ગોઠવ્યો કે આખું ગામ દરેક પ્રવૃતિમાં લોકશાળા સાથે હોય અને વાત્સલ્યધામના કાર્યકરો પણ ગામમાંથી જ તૈયાર થયેલા હોય. ગામ અને સંસ્થા ક્યારેય અલગ દેખાયા નથી.

**વેતન આપવાની અનોખી પ્રથા :**

વળી સૌને અચરજ પમાડે એવી વાત તો એ હતી કે વાત્સલ્યધામ સંસ્થામાં કામ કરતા કર્મચારીઓને પગાર તેમની ભણતરની પદવી કે હોદ્દા-સ્થાનની રૂએ નહીં, પરંતુ તેમની કૌટુંબિક જરૂરિયાતો પ્રમાણે ચૂકવાતો હતો. નિયામક હોય કે આચાર્ય, કુટુંબની જરૂરિયાત ઓછી હોય પગાર ઓછો. પટાવાળાની જરૂરિયાત તે કરતાં વધારે હોય તો આચાર્ય કરતાં તેને વેતન વધારે મળે !

**પ્રવૃત્તિઓનો વિસ્તાર :**

પછી તો પ્રવૃત્તિઓનો પાર રહ્યો નહીં. ગામડાંના ખેડૂતોનાં છોકરાં ભણે, ભણી ભણીને પાછા પોતાની ખેતી સંભાળે એ વાત તો ખરી, પણ આધુનિક ખેતીવિજ્ઞાનથી વાકેફ રહી શકાય અને નવા વિજ્ઞાનની વાતો ખેડૂતોને ગળે ઉતરાવી શકાય એટલે ટ્રસ્ટના નેજા નીચે બિયારણ વૃદ્ધિકેંદ્ર શરૂ કર્યું. સંસ્થાએ જમીન ખરીદી. એમાં બાળકો ખેતીની પ્રત્યક્ષ તાલીમ મેળવે, શ્રમનું મૂલ્ય સમજે અને તેના પ્રવાસ ખર્ચ કે ભોજન લવાજમમાં તૂટો પડે તો ટેકો પૂરે તે વધારામાં. ગાયો ખરીદી, ગૌશાળા શરૂ કરી. ગોપાલનના ધંધા સાથે તાલીમ લેતાં માત્ર શાળાનાં બાળકો જ નહીં, પરંતુ ગામના માલધારીઓ પણ રસ લેતા થાય અને એ હેતુથી ઓલાદ સુધારણા અર્થે સારો ગીર ઓલાદનો ખૂંટ પણ સંસ્થામાં વસાવ્યો. અરે ! માલધારીઓની સહકારી મંડળી રચી, તેને જમીન અપાવી, પરિણામે પ્રવૃત્તિ આખી ઉત્પાદક બની ગઈ. સીમચોરી અને માલધારીઓ દ્વારા મોલાત-ભેલાણ જેવી પ્રવૃત્તિઓ આપોઆપ બંધ થઈ ગઈ.

**સઘનક્ષેત્ર યોજના લાવ્યા :**

ગામ નાનું એટલે માત્ર ખેડૂતો કે માલધારીઓ જ નહીં, પણ ખેતી ઉપર નિર્ભર એવા કેટલાય ખેતમજૂરો અને ગ્રામ્ય કારીગરોનોયે વિચાર ન કરે તો તો માટલિયાભાઇ શાના ? સઘનક્ષેત્ર યોજના શરૂ કરી. કાંતણ, વણાટ, તેલઘાણી, સાબુ, સુથારી, લુહારી, કુંભારકામ, ચમારકામ, વગેરે કેટલાય ઉદ્યોગો દ્વારા ગામડાંના માણસો આજીવિકા મેળવે તે હેતુ આજેયે ઢસામાં ચાલી રહેલા ખાદીભંડાર દ્વારા સિદ્ધ થઈ રહ્યો છે.

**ભૂમિદાન પ્રવૃત્તિ :**

૧૯૫૦ માં વિનોબાજીએ ભૂમિદાન અને તે પછી ગ્રામદાનની પ્રવૃત્તિ ઉપાડેલી. માટલિયાભાઇને કામ કરવા જેવું લાગ્યું. તેમની સમજાવટથી આખા ગામના ખેડૂતોએ પોતાની જમીનનો છઠ્ઠો ભાગ કાઢી આપી ભૂમિહીનોને ભેટ ધર્યો. અરે ! માટલિયાભાઇનું કામ કેવળ માલપરા ગામ પૂરતું મર્યાદિત ન હતું, તેથી આસપાસનાં પણ ઘણાં ગામોમાં આ કામ થયું. આજે એ બધા ખેડૂત ખાતેદારો બની માનભેર રોટલો રળે છે.

**સ્ત્રી કેળવણી :**

બહેનોની કેળવણી અને સાથેસાથે વહુવારુઓમાં રહેલી ઘુંઘટપ્રથા એ સામાજિક દૂષણ છે તેમ સમજાયું કે તરત જ અમલ કર્યો શરૂ. પોતાની સાથે અને અહીં શરૂ કરવામાં આવેલ શિક્ષણસંકુલમાં સામેલ કાર્યકર્તાઓની પત્નીઓએ લાજ નહીં કાઢવાની પહેલ કરવાની. શરૂઆત તો પોતાનાથી જ થાય ને ? બહુ અઘરું પડ્યું શરૂ શરૂમાં આ કામ ! પણ આખરે સાચી વાત સમજાઈ. બહેનોની એ ઘૂંઘટપ્રથા ગઈ. દીકરીઓ ભણતી થઈ. પરિણામ એ આવ્યું કે આસપાસના લોકો માલપરામાં સગાં થઈ દીકરી પસંદ કરવા-ભણેલી વહુ મેળવવા મીટ માંડવા લાગ્યા.

**અન્યાય સામે શિંગડાં માંડતા શિખવ્યું :**

આ વિસ્તારમાં કોઈ માથાભારે માણસ કોઈને દબાવે-

રંજાડે કે અન્યાય આચરે તો ત્રાહિત માટે માટલિયાભાઈ એક જ આશરો ! તેમની પાસે પહોંચી જાય કે વાત પૂરી ! એમની સુવાસ અને વગ સરકારમાં ઉચ્ચસ્થાને બેઠેલા સમક્ષ એવી કે તેમની નાનકડી ચિઠ્ઠીમાં સંદેશો પહોંચે કે તરત જ સત્તાસ્થાને રતુભાઈ અદાણી હોય, રસિકભાઈ, જાદવજીભાઈ હોય કે અન્ય અધિકારી હોય અમલમાં વિલંબ જરીકેય નહીં ! દુઃખીનું આશ્વાસન બળ માટલિયાભાઈ ! ''અમે માટલિયાભાઈ પાસે જઈએ છીએ'' એમ કહે ત્યાં સામો માણસ નમતું જોખી દે. માટલિયાભાઈને વાંધો અન્યાય સામે, વ્યક્તિ સામે નહીં. જેના વિરોધમાં જાહેર ભાષણ કરે, તેને જ પાછા સામેથી કહે, ''દરબાર ! આજ જમશું સાથે અને સૂઈશ પણ તમારે ત્યાં''. માટલિયાભાઈની આ હિંમત ! દુશ્મનને વશ કરવાનો પ્રેમથી-ધમકાવીને નહીં.

ઢેબરભાઈની સરકાર વખતે ગણોતધારો લાગુ થતાં માલિકીહક્કનાં ફોર્મ કોઈ ખેડૂતને ગિરાસદારો ભરવા દે નહીં, ભૂપત બહારવટિયાને મોખરે રાખી ડારા દેવરાવે પણ બીવે તો તો માટલિયાભાઈ શાના ? ગામડે ગામડે ફર્યા, ખેડૂતોને નિર્ભય બનાવ્યા, કહોને અન્યાય સામે શિંગડાં માંડતાં શીખવ્યું. શોધી શોધીને ફોર્મ ભરાવ્યાં અને જમીનના માલિક બનાવ્યા. એમનું મન છેલ્લે સુધી થાક નહોતું અનુભવતું, પણ શરીર તો અવસ્થાની અશક્તિ અનુભવેને ? બંદુકનો ભડાકોયે ન સંભળાય-તેટલા કાન કામ કરતા બંધ થયા પણ ક્યાંય સામાજિક અશાંતિ સાંભળી કે હૈયું હાથ ન રહે એનું ! પછી અહીં નજીકમાં છે કે અમદાવાદમાં છે તે નહીં જોવાનું, ભલેને હોય ઠેઠ પંજાબમાં કે ચંબલની ખીણમાં-પહોંચી ગયે પાર !

**નિરીક્ષણ – પરીક્ષણ :**

પછી તો લોકભારતી-સણોસરામાં આવનારને સૂચના નાનાભાઈ ભટ્ટ અને મનુભાઈ પંચોલી તરફથી મળતી કે અમારાં ગ્રામોત્થાનનાં કામોનાં પરિણામો જોવાં હોય તો જઈ આવો માટલિયાભાઈને ત્યાં માલપરામાં.અને અહીં કેટલાય મહાપુરુષોનું પણ આગમન શરૂ થયું. યાદી બહુ લાંબી થાય તેમ છે. તમામ રાજ્યપ્રધાનો ઉપરાંત અણ્ણા સાહેબ સહસ્રબુદ્ધે, શંકરરાવદેવ, ધીરેન મજમૂદાર, મોરારજીભાઈ દેસાઈ, વિનોબાજી, દાદા ધર્માધિકારી, બુચભાઈ-મૂળશંકરભાઈ-રતિભાઈ અંધારિયા-નાનાભાઈ-મનુભાઈ તો હોય જ ! રવિશંકર મહારાજ, નવલભાઈ શાહ, જુગતરામભાઈ, બબલભાઈ, સ્વામી આનંદ, શરદ જોષી, બાલવિજયજી, નારણભાઈ દેસાઈ, સંતબાલજી, એચ.એમ.પટેલ, ઢેબરભાઈ, વિમલાતાઈ વગેરે અહીં માલપરાને આંગણે મહેમાન બની ચૂક્યા છે.

**આ વિસ્તારનું આગવાપણું :**

બીજા વિસ્તારો કરતાં આ વિસ્તાર અસ્પૃશ્યતા, સ્ત્રી કેળવણી, અંધશ્રદ્ધા, પરંપરા અને વહેમો, પ્રેતભોજન, શિક્ષણ અને ખેતીસુધારા જેવી ઘણી ઘણી બાબતોમાં શ્રી માટલિયાભાઈના કારણે જુદો તરી આવે છે. નજરે ચડતાં પરિણામોમાં અંદરોઅંદરના ઝઘડા વખતે એકતાની જાળવણી, સત્તાકીય રાજકારણની ગંદકીથી ગામનો બચાવ, વિના ચૂંટણીએ સર્વાનુમતિથી કારોબારીઓની નિયુક્તિ, ભૂમિવિહોણા અને નબળાઓને જમીન, બેરોજગારોની સમસ્યાનો હલ, મૃત્યુપ્રસંગે કુટુંબના સાંત્વન માટે યોજાતી જાહેર પ્રાર્થનાસભાઓ, ઊડીને આંખે વળગે એવી ગામ આખાની સ્વચ્છતા, ગ્રામજનોમાં ખાદીનો સ્વીકાર અને ગાંધીવિચારનું આદરભર્યું આચરણ-એ બધું એમનાં ગ્રામસેવાકાર્યોનું ફળ છે.

આજનું માલપરા ગામ અને એની ઉત્સાહથી થનગનતી નવી પેઢીના પાયામાં માટલિયાભાઈનું અને તેમને સ્થાપેલી વાત્સલ્યધામ સંસ્થાના વિકાસમાં યોગદાન આપનારાઓનું તપ ધરબાએલું છે. અને આ માટેના અનુકૂળ સંયોગો ઘડી આપનારા ભગવાનની કૃપા કેમ વિસરાય ?

(પંચવટી બાગ માલપરા, મો. ૯૩૨૭૫ ૭૨૨૯૭)

## દાંડીકૂચ (૧૨ માર્ચ ૧૯૩૦ – ૫ એપ્રિલ ૧૯૩૦)

દાંડીકૂચ એટલે બ્રિટિશ સામ્રાજ્યને અહિંસક રીતે પડકારતી ગાંધીજીની ઐતિહાસિક કૂચ. ગાંધીજીએ ૧૯૩૦માં ૭૯ સાથીઓ સાથે ૧૨ માર્ચે અમદાવાદના હરિજનઆશ્રમથી લગભગ ૩૮૬ કિલોમીટરના અંતરે જૂના સૂરત જિલ્લાના જલાલપુર તાલુકામાં દરિયાકિનારે આવેલા દાંડી ગામ સુધી પગપાળા કૂચ કરી અને ૬ એપ્રિલે મીઠું પકવવાના સરકારના કાયદાનો ભંગ કર્યો.

ચૌરીચોરાના હિંસક બનાવ (૫ ફેબ્રુઆરી, ૧૯૨૨) પછી ગાંધીજીએ અસહકારનું આંદોલન બંધ રાખ્યું અને રચનાત્મક પ્રવૃત્તિ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. બીજી બાજુ, મૉન્ટફર્ડ સુધારા હેઠળ ભારતમાં આવેલા (૩ ફેબ્રુઆરી, ૧૯૨૮) સાયમન કમિશનમાં એક પણ હિંદી સભ્ય ન હોવાથી તેનો બહિષ્કાર કરવામાં આવ્યો. મે ૧૯૨૮માં મુંબઈમાં મળેલી સર્વપક્ષીય પરિષદે બંધારણની રૂપરેખા તૈયાર કરવા પંડિત મોતીલાલ નહેરુના અધ્યક્ષપદે એક સમિતિ નીમી. પૂર્ણ સ્વાતંત્ર્યનો ઠરાવ પસાર થયો અને તે પ્રાપ્ત કરવા લડત ચલાવવાની સત્તા ગાંધીજીને આપવામાં આવી.

ગાંધીજીએ સવિનય કાનૂનભંગની લડત માટે મીઠાના અગરો ઉપર હલ્લો લઈ જવાની યોજના વિચારી. ૮૨ રતલના એક મણ મીઠાની કિંમત ૧૦ પાઈ હતી અને તેની ઉપર કર ૨૦ આના એટલે ૨૪૦ પાઈ હતો એટલે ઉત્પાદનની કિંમતના ૨૪ ગણા દામે મીઠું બજારમાં મળે. પરવાના વિના મીઠું બનાવવું એ ગુનો ગણાય. ગાંધીજીએ લખ્યું કે 'સરકાર લોકોનું મીઠું ચોરે છે અને એ ચોરીની ચીજને માટે લોકોની પાસે ભારે વેરો લે છે.'

ગાંધીજીએ વાઈસરૉય લૉર્ડ ઈર્વિનને પત્ર લખ્યો. જો વાઈસરોય પ્રજાની આ હાડમારી દૂર ન કરે તો પોતે ૧૨મી માર્ચે સાથીઓ સાથે મીઠાના કાયદાનો ભંગ કરવા કૂચ કરશે એમ જણાવ્યું. ગાંધીજીના પત્રનો જવાબ વાઈસરૉયના ખાનગી મંત્રીએ માત્ર ઔપચારિક રીતે આપ્યો.

સત્યાગ્રહ માટે તીથલ, ધરાસણા, લસુંદ્રા અને બદલપુરનાં નામોની ચર્ચા થઈ. સૂરત જિલ્લાના કાર્યકર કલ્યાણજી મહેતાએ સૂચન કર્યું કે કૂચને સૂરત જિલ્લાના દરિયાકિનારા સુધી લંબાવાય તો એ વિસ્તારના લોકોમાં વ્યાપક પ્રમાણમાં જાગૃતિ પેદા થાય. ગાંધીજીએ સંમતિ આપી. સ્થળપસંદગી માટે કલ્યાણજી મહેતા, નરહરિ પરીખ અને લક્ષ્મીદાસ આશરે ઓલપાડ તાલુકાના દિહેણ (મહાદેવભાઈનું જન્મસ્થળ), કરાડી, દાંડી, તીથલ તથા ઉદવાડાની મુલાકાત લીધી અને છેવટે દાંડીની પસંદગી કરી.

૧૨ માર્ચે ગાંધીજી કૂચનો પ્રારંભ કરે તે પહેલાં કૂચના પ્રદેશમાં ફરી, લોકોને તૈયાર કરવાનું સરદારે વિચાર્યું. પરંતુ સરકારે ૭મી માર્ચે તેમને પકડી લીધા. જોકે દાંડીયાત્રાનો પૂરો નકશો સરદારે તૈયાર કરી લીધો હતો.

ગાંધીજીએ કાર્યક્રમ નક્કી કર્યો. કૂચના માર્ગમાં આવતાં ગામોની વસ્તી (સ્ત્રી-પુરુષ, ધર્મ મુજબ તેની સંખ્યા), નિશાળ, રેંટિયા, ખાદી અને ખાદીધારીઓની સંખ્યા, વ્યક્તિદીઠ મીઠાનો ઉપયોગ, ગાય-ભેંસની સંખ્યા, મહેસૂલ દર, ગૌચર જમીન, મદ્યપાન વગેરેને લગતી માહિતી મેળવાઈ.

કૂચ પહેલાના ભાષણમાં ગાંધીજીએ હિંદુ,મુસ્લિમ એકતા અને રચનાત્મક કાર્યક્રમ પર ભાર મૂક્યો. ૩૮૬

કિલોમીટરનું અંતર તેમણે ૨૪ દિવસમાં કાપ્યું. માર્ગમાં આવતાં ૩૯ ગામોમાં ભાષણ આપ્યાં.

છઠ્ઠી એપ્રિલે સવારે સાડા છએ સમુદ્રસ્નાન કરીને તેમણે મૂઠી મીઠું ઉપાડ્યું અને કહ્યું કે, 'બ્રિટિશ સામ્રાજ્યની ઇમારતના પાયામાં હું આથી લૂણો લગાડું છું'. ગાંધીજીએ ૬ એપ્રિલથી ૪ મે સુધીમાં ૨૦થી વધુ ગામોની મુલાકાત લીધી અને સામૂહિક કાનૂનભંગના કાર્યક્રમો યોજ્યા. સરકારે દમનનો કોરડો વીંઝ્યો. ગાંધીજીએ લોકોને આ 'સંગઠિત ગુંડાશાહી'નો જવાબ સહનશીલતાથી આપવાનો અનુરોધ કર્યો. ૫મી મેની વહેલી સવારે સરકારે ગાંધીજીની ધરપકડ કરી અને યરવડા જેલમાં કેદ કર્યા. જે સ્થાનેથી તેમની ધરપકડ થયેલી તે સ્થાને ગાંધીસ્મૃતિ રેલવે સ્ટેશન બન્યું છે.

ગાંધીજીની ધરપકડ થયા બાદ સરોજિની નાયડુ અને ઇમામસાહેબની આગેવાની હેઠળ ધરાસણાના મીઠાના અગરો ઉપર હુમલા કરવામાં આવ્યા. પોલીસના અમાનુષી જુલમ સામે સત્યાગ્રહીઓએ પ્રશંસનીય સંયમ જાળવ્યો.

દાંડીકૂચને પરિણામે દેશમાં નવી ચેતનાનો સંચાર થયો. આખા દેશમાંથી લગભગ ૭૫,૦૦૦ જેટલા સત્યાગ્રહીઓની સરકારે ધરપકડ કરી. મહાદેવભાઈના મંતવ્ય મુજબ આ દિવસો દરમિયાન વાતાવરણમાં જે ભાવના વ્યાપક બની રહી તે રાજકીય કરતાં વિશેષ આધ્યાત્મિક હતી. વિદેશી શોષણખોર શાસનનો અંત લાવવાના પ્રયાસ છતાં શાસકવર્ગ અને પ્રજા વચ્ચે કડવાશ દૂર કરીને ભારતના લોકોમાં પ્રેમ અને સદભાવ સહિત સ્વતંત્રતા-પ્રાપ્તિ માટેનું યોગ્ય વાતાવરણ સર્જવા માટેની આ કૂચ વિશ્વસંસ્કૃતિના ઇતિહાસમાંનાં જૂજ દૃષ્ટાંતોમાંની એક છે. એ વખતે ગાંધીજીની વય ૬૧ વર્ષની હતી.

ગાંધીજીએ ગુજરાતીમાં ઉતારેલી 'શ્રીમદભવદ્ગીતા'ને 'અનાસક્તિયોગ' નામ આપવામાં આવ્યું હતું. આ અનુવાદ બરાબર દાંડીકૂચને દિવસે એટલે કે ૧૨ માર્ચ, ૧૯૩૦ના દાંડીયાત્રાના પ્રારંભ દિને પ્રકાશિત થયો. ગાંધીજી અને તેમના સાથીઓ સાથે આશ્રમમાંથી બહાર પગ મૂકતા હતા તે જ સમયે એ પુસ્તકની પહેલી નકલ ગાંધીજીના હાથમાં મૂકવામાં આવેલી.

દાંડીકૂચના પરિણામે ૫ માર્ચ, ૧૯૩૧ના રોજ ગાંધી-ઇરવીન કરાર થયા. આ કૂચથી બ્રિટિશ સરકારવિરુદ્ધ પ્રજાકીય જાગૃતિનું પ્રચંડ મોજું ઊભું થયું અને ભારતના સ્વાતંત્ર્ય ઇતિહાસમાં તે પ્રખર લોકજાગૃતિની ઘટના બની રહી.

દાંડીયાત્રાને ૭૫ વર્ષ પૂરાં થયાં ત્યારે ઑલ ઇન્ડિયા કૉંગ્રેસ સમિતિએ અનોખી દાંડીયાત્રાનું આયોજન કર્યું હતું. આજે દાંડી એ રાષ્ટ્રીય તીર્થ છે. એન્વાયરન્મેન્ટ પ્રૉટેક્શન ઍક્ટ — ૧૯૮૬ હેઠળ દાંડીને ઇકૉ—સેન્સેટિવ ઝોન બનાવવાની ઘોષણા કરવામાં આવી છે. સોસાયટી ઑવ્ ઇન્ટિગ્રેટેડ કોસ્ટલ મૅનેજમેન્ટ, ગૂજરાત વિદ્યાપીઠ અને ગુજરાત ઇકૉલૉજી કમિશનના ઉપક્રમે શરૂ થયેલી આ પરિયોજનાના વ્યવસ્થાપન અને દેખરેખનું કાર્ય ગાંધીજીના પૌત્ર ગોપાલકૃષ્ણ ગાંધીએ કર્યું. ૧૭૮૫ કરોડના ખર્ચે દાંડીકૂચનો 'હૅરિટેજ રૂટ' વિકસાવવામાં આવનાર છે. દાંડી હૅરિટેજ પાર્ક તૈયાર થયો છે જેમાં દેશભરમાંથી શિલ્પકારો, કલાકારો અને ગાંધીવિદો ઉપરાંત વિદેશી કલાકારો પણ જોડાયા છે.

ગાંધીભારતી - આંતરરાષ્ટ્રીય ગાંધીવિચાર અનુશીલન કેન્દ્ર, લોકભારતી
સંપર્કઃ ૯૯૭૯૧ ૮૭૫૮૭, ૯૮૩૩૭૦૮૪૯૪, ૮૩૬૯૭૭૭૦૮૬
email: appliedgandhi150@gmail.com

## ૦૭ 'હું એકે વાદમાં બંધાઉં એવી નથી...' : ધીરુબહેન પટેલ

**સોનલ પરીખ**

વર્ષો પહેલાં દીપકભાઈ મહેતાએ રેડિયો પર ધીરુબહેન પટેલની મુલાકાત લેતાં પૂછેલું, 'ધીરુબહેન, તમે ખાદીધારી ગાંધીજન, પણ ગાંધીવાદી નહીં અને નારીઅધિકારો અંગે ખૂબ સભાન છતાં નારીવાદી નહીં એવું હું કહું. તમે શું કહો છો?' ત્યારે ધીરુબહેન હસી પડ્યાં, 'સાચું સમજ્યા છો. હું એકે વાદમાં બંધાઉં એવી નથી.' પછી ગંભીર અવાજે કહે, 'કોઈએ ન બંધાવું જોઈએ.'

ધીરુબહેન પ્રચલિત અર્થમાં ધાર્મિક નહીં, પણ કૃષ્ણ અને રમણ મહર્ષિને સમર્પિતભાવે લગભગ પૂજતાં. પ્રચલિત અર્થમાં સમાજસેવિકા નહીં, પણ પૂરેપૂરી સામાજિક નિસબત ધરાવતાં. પ્રચલિત અર્થમાં ઊર્મિશીલ નહીં, પણ ઊંડાણપૂર્વક ચાહી શકે. ઘરની દીવાલોમાં ધરબાઈ ગયેલી અનેક બહેનોની સર્જનાત્મકતાને પ્રેરિત કરે, ખિલવે. એમના જેવી સાદી છતાં જાજરમાન, બુદ્ધિના તેજથી ઓપતી, ભરપૂર મૂલ્યનિષ્ઠા ધરાવતી, મજબૂત અને સર્જનાત્મક સ્ત્રીઓ કદાચ ગાંધીયુગમાં જ પાકતી. એ યુગની સ્ત્રીઓની એક જુદી આભા હતી, જે ધીરુબહેનમાં દેખાતી.

શબ્દ સાથે એમનો જીવનભરનો નાતો. ગુજરાતી અને સંસ્કૃત સાથે સ્નાતક થવા માગતાં હતાં, પણ પ્રિન્સિપાલ વઢ્યા, 'માતૃભાષા તો તારા લોહીમાં છે જ, એની સેવા તું કરવાની જ છે, પણ સ્નાતક એન્ટાયર અંગ્રેજી લઈને થા. અંગ્રેજી સાહિત્ય દરિયો છે. એને ઓળખ.' ધીરુબહેન અંગ્રેજી મુખ્ય વિષય લઈ ભણ્યાં, અંગ્રેજી સાહિત્ય ભણાવ્યું, સંસ્કૃત અને આપણાં શાસ્ત્રો અલગ રીતે શીખ્યાં અને માતૃભાષામાં લખ્યું- નવલકથાઓ, ટૂંકીવાર્તાઓ, બાળસાહિત્ય, નાટકો અને ફિલ્મ પણ. 'કીચન પોએમ્સ' નામનો અંગ્રેજી કાવ્યસંગ્રહ લખ્યો અને એનું ગુજરાતી પણ પોતે જ કર્યું. કોઈ ટ્રેનમાં બેઠું હોય અને બારીમાંથી બીજ વેરતું જતું હોય એમ મુંબઈ અને પછી અમદાવાદમાં પ્રવૃત્તિઓ કરતાં રહેતાં. જે ઊગે, તેનો આનંદ, જે ન ઊગે, તેનો અફસોસ નહીં. મોટાં, ન ગમે એવાં પરિવર્તનોને પણ સહજ, પ્રસન્ન ભાવે સ્વીકારી શકે. લગભગ ૯૫ વર્ષનું આયુષ્ય છેક સુધી સર્જનાત્મક રહીને વિતાવ્યું. આજે તેઓ નથી, પણ તેમની શબ્દ-સુવાસ અકબંધ છે.

એમના જીવન અને સર્જન વિશે આ દિવસોમાં ખૂબ લખાઈ ચૂક્યું છે. વાત કરીએ એમની સાહિત્યઅકાદમી પારિતોષિક મેળવેલી સુંદર નવલકથા 'આગંતુક'ની.

'આગંતુક' ૧૯૯૬માં લખાઈ અને તેને ૨૦૦૧ના વર્ષનું કેન્દ્ર સાહિત્ય અકાદમીનું પારિતોષિક મળ્યું. એની શરૂઆત આ રીતે થાય છેઃ 'રોશનીથી ઝળહળતા ખંડમાં જામેલી મહેફિલમાં બહારના અંધકારમાંથી ઊડીને આવેલું પક્ષી એક બારીએથી પ્રવેશી બીજી બારીએથી નીકળી જાય એટલા સમયની આ વાત..' અને લેખિકા વાત માંડે છે. સંન્યાસી થયેલો ઈશાન આશ્રમનો જ નહીં, ભગવાં કપડાંનોય ત્યાગ કરીને મુંબઈ પાછો ફરી રહ્યો છે. ગુરુજીના અવસાન પછી ગાદીપતિ થવા ઉત્સુક પ્રતાપગિરિથી ઈશાનનું તેજ સહન થતું નહીં, પણ ઈશાનને કશાનો મોહ નહોતો. ન ગાદીનો, ન આશ્રમનો, ન ભગવાં કપડાંનોય. એ બધું છોડીને ચાલ્યો આવ્યો એના વતન મુંબઈમાં.

મુંબઈ આવીને ઈશાન તેના ભાઈ આશુતોષના ઘરે જાય છે. આશુતોષની પત્ની રીમા આ 'આવી પડેલી ઉપાધિ'ને દિયર અર્ણવને ત્યાં 'પાર્સલ' કરી દે છે. બંને ઘરે ઈશાન આવી ચડેલા મહેમાન તરીકે, 'આગંતુક' તરીકે રહે છે. કોઈ આસક્તિ વિના, કોઈનોય અનાદર કર્યા સિવાય સાક્ષીભાવે સ્નેહ વરસાવતો રહે છે. આગળ શું થશે એની પણ ચિંતા કરતો નથી. 'મહામાયા માત્ર એક જ ડગલા પર પ્રકાશ પાડતી હતી. બીજો પગ ઉપાડતી વખતે વળી પાછી એક ડગલા જેટલી જગ્યા દેખાશે. જે લઈ જાય છે તે જાણે છે

ક્યાં જવાનું છે, ક્યાં થઈને જવાનું છે.' ભગવાં ત્યાગી ચૂકેલા ઈશાનની ભીતર ભરેલો ભર્યો ભર્યો ભગવો આ અનુભવોથી વધુ ને વધુ અર્થપૂર્ણ બનતો જાય છે.

અર્ણવને ત્યાં, એની પત્ની શાલ્મલીની મહેરબાનીથી ઈશાનને નોકરની ઓરડીમાં રહેવું પડે છે. પણ નોકર ફ્રાન્સિસ ઈશાનમાં ફાધર હેરિસને જુએ છે ને મુગ્ધ બની જાય છે. કથા હવે થોડો વળાંક લે છે. અર્ણવના બિલ્ડિંગના સૌથી ઉપલા માળના બધા જ ફ્લૅટ જેના કબજામાં છે, એ એન. માણેકલાલની સુંદર દીકરી ઇપ્સિતા એક વાર લિફ્ટમાંથી બહાર નીકળતાં ઈશાનને જોતાં જ 'ઈશાનબાબા ?' કહેતી તેના ચરણમાં નમી પડે છે. અર્ણવ–શાલ્મલી છક થઈ જાય છે. ઇપ્સિતા અને એનો ભાઈ રજત આશ્રમમાં રહી ચૂક્યાં છે ને ઈશાનબાબાથી પ્રભાવિત છે. રજતને કોઈ જીવલેણ રોગ થયો છે અને તે બચે તેમ નથી. ઇપ્સિતાને લાગે છે, ઈશાનબાબાનું અહીં આવવું એ 'મિરેકલ' કદાચ રજતને બેઠો કરે. ઈશાન રજતમાં જીવવાની પ્રબળ ઇચ્છા જગવે છે ને રજતમાં ધીરે ધીરે જીવનશક્તિનો સંચાર થવા લાગે છે — આ 'ચમત્કાર'ની વાત પ્રસરતાં જ 'બાબા'નાં દર્શનાર્થે ટોળાં આવવા લાગે છે. હવે ઈશાનના ભાઈઓ એને પોતાને ત્યાં રાખવા હરીફાઈ કરે છે. ઇપ્સિતાનું સૌંદર્ય ઈશાનના ભીતરી ભગવા રંગ પર અસર કરી શક્યું નથી, પણ એને એન. માણેકલાલનો ઘરજમાઈ થયેલો જોવા ભાઈઓ ઉત્સુક છે. શહેરી સંસારીઓના સ્વાર્થી સંબંધો અને છીછરી ધારણાઓ બાબતે લેખિકા સમભાવપૂર્વક હસે છે. ઈશાન બધું સમજે છે. કહે છે, 'સર્વં કૃષ્ણમયં જગત્!' - સાકાર પણ સાચું, નિરાકાર પણ સાચું. શુદ્ધ પ્રેમ પણ સાચો ને લાગણીય સાચી.' એ રજતને સમજાવે છે, 'લાગણીને તુચ્છકારથી ન જોવાય, રજત! ઈશ્વરના આ લીલામય જગતની એ પણ એક માધુરી છે. એનું સન્માન કર, પણ એમાં ડૂબી ન જા.'

છેવટે પોતાની આસપાસ ચમત્કારી બાબા હોવાની વાડ રચાવાની શક્યતા ઊભી થતાં એ મુંબઈ છોડીને ચાલ્યો જાય છે. ગુરુજીની વાત એ અવારનવાર સંભારે છે — 'પહૂંચ જાના.. ચાહે કહીં ભી રહો, ચલતે રહના.' મુંબઈથી નીકળતી વખતે ક્યાં જવું એ નક્કી નથી. એને ગુરુજીની વાત યાદ આવે છે : 'ગુરુજી ઘણી વાર વૃંદાવનની વાત કરતા હતા. એક વખત નજરે જોઈ લેવું. કોઈ ઓળખતું તો નથી, શાન્તિથી રહેવાશે.. જોઈએ, વેદાન્તી મન પર કૃષ્ણનું કામણ અસર કરે છે કે નહીં..' કથાનાયકની તથા લેખિકાની સાધુતા અને સંન્યાસનો સાચો અર્થ પ્રગટાવતી દૃષ્ટિ તથા વિધાયકતા એ આ કથાનું આકર્ષણ છે.

ઈશાને મુંબઈ છોડ્યું, પણ ધીરુબહેનને છોડ્યાં નહીં હોય — કેમકે લગભગ ૨૫ વર્ષ પછી 'આગંતુક'નો ઉત્તરાર્ધ પણ ધીરુબહેને લખ્યો હતો. પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ બંને 'નવનીત સમર્પણ'માં પ્રગટ થયા હતા. બંનેને સમાવતું પુસ્તક પણ ઉપલબ્ધ છે. જેમણે 'આગંતુક' નવલકથા વાંચી છે તેમને આ પુસ્તક વધુ સમૃદ્ધ બનાવશે અને જેમણે હજુ સુધી નથી વાંચી એમને મળશે આટલાં વર્ષોની ધીરજ ધર્યાનું અતિ મીઠું ફળ. ગુર્જર પ્રકાશન દ્વારા 'આગંતુક' છપાઈ ત્યારે ૧૫૬ પાનાંની હતી. એમાં છ પ્રકરણ હતાં અને હવે છ પ્રકરણ નવાં ઉમેરાયાં છે.

આગંતુક શબ્દથી યાદ આવે છે સત્યજિત રેની છેલ્લી ફિલ્મ. એનું શીર્ષક પણ આ જ હતું. 'અતિથિ' નામની તેમની જ નવલિકા પરથી ૧૯૯૧માં આ ફિલ્મ બની હતી. કલકત્તામાં રહેતી અનિલા બૉઝના ઘરમાં એક પત્ર આવે છે, 'હું મનોમોહન મિશ્ર, તારો કાકો થાઉં. વર્ષો પછી વિદેશથી આવ્યો છું. સગાંસંબંધીમાં તારા સિવાય કોઈને જાણતો નથી, તેથી હું થોડા દિવસ તારે ત્યાં રહેવા આવીશ.' અને એન્થ્રોપોલોજિસ્ટ મનોમોહન મિશ્ર એક દિવસ અનિલાના બારણે આવીને ઊભા રહે છે. વર્ષોથી ખોવાયેલા ને અચાનક આવી ચડેલા આ કાકા પર અનિલા અને તેના પતિ સુધીન્દ્રને મિલકત પર હકદાવો કરવા આવ્યા હોવા સહિત જાતજાતની શંકાઓ છે, પણ એમનો દીકરો સાત્યકિ કાકાનો દિલોજાન દોસ્ત બની જાય છે. યજમાન દંપતીની શંકાઓને કારણે કાકાને કફોડી સ્થિતિઓમાં મુકાવું પડે છે, પણ તેઓ દરેક વખતે વધારે પુખ્ત અને સમજદાર જ નહીં,

પ્રતિભાશાળી અને માઈન્ડ રિડર સાબિત થતા જાય છે. તેઓ ઑસ્ટ્રેલિયા જતા રહે છે અને અનિલા-સુધીન્દ્રને એમના ભાગે આવેલી વારસાની રકમ આપતા જાય છે ત્યાં ફિલ્મ પૂરી થાય છે. સંબંધોની પોકળતા અને માણસની માણસને ઓળખી શકવાની અસમર્થતા ફિલ્મના કેન્દ્રમાં છે.

આ ફિલ્મને નેશનલ અવૉર્ડ મળ્યો હતો. ૨૫ વર્ષ પછી તેની પણ સિક્વલ બની હતી, 'આગંતુક પોરે'. 'આગંતુક'માં કાકા તરીકે ઉત્પલ દત્તે કરેલો રોલ એમાં ધૃતિમાન ચેટર્જીએ કર્યો હતો. જોકે આ ફિલ્મ સ્ક્રીન પર આવી નહોતી, એને સત્યજિત રેએ લખી નહોતી અને એના દિગ્દર્શક ઓર્કો સિન્હાના કહેવા મુજબ તેમાં પહેલી ફિલ્મ કરતાં જુદી જ વાર્તા હતી. જ્યારે 'આગંતુક' નવલકથાનો ઉત્તરાર્ધ ધીરુબહેન પટેલે પોતે જ લખ્યો હતો, એ પ્રગટ થયો અને એમાં મૂળ વાર્તાનો વિસ્તાર હતો.

માળીને બગીચામાં નીંદામણ કરતો જોઈ 'કયા છોડ નકામા છે, ને મૂળમાંથી જ ખેંચી કાઢીને ફેંકી દેવા જેવા છે, તે નક્કી કરનાર આપણે કોણ?' આવું વિચારી શકતો ઈશાન આશ્રમ છોડી ઘેર આવે છે ત્યાંથી શરૂ થતી 'આગંતુક', એ ઘર છોડે છે ત્યાં પૂરી થાય છે. આ છોડવું-ત્યાગવું જ નવલકથાનું પ્રાણતત્ત્વ છે.

ધીરુબહેનને અંતિમ પ્રયાણ વખતે 'આગંતુક' યાદ નહીં આવી હોય?

### ગાંધીજીની અહિંસા

ઈ.સ. ૧૯૨૦-૨૧માં બારડોલીમાં સત્યાગ્રહની લડત કરતા હતા ત્યારે એક કદાવર કાબૂલી માણસ બાપુને હાથમાં ખંજર રાખી મારવા આવતાં સેવકો પકડી લે છે. બાપુને ત્યાં હુમલાખોરને લાવે ત્યારે પ્રથમ તો બાપુ એને સેવકોથી છોડાવી પૂછેઃ 'ભાઈ, કહે મારું શું કામ હતું ? શા માટે રાત્રિના સમયે છુપાઈને મને મારવા આવતો હતો ?'

કાબૂલીઃ ' હું તમારું નાક કાપવા માટે આવતો હતો.'

બાપુઃ 'ભાઈ, મારું નાક કાપવાથી તને આનંદ મળે તો નાક કાપી લે. એટલાથી સંતોષ ન થાય તો મારું આખું શરીર લઈ જા, મારા સાથીઓ તને હાનિ નહીં પહોંચાડે એનું તને વચન આપું છું. હું તૈયાર છું.'

બાપુની વાણીથી શાતા મેળવતાં,આંખમાં આંસુ સાથે હુમલો કરનાર બોલ્યોઃ

'બાપુ, હું તો તમારી અગ્નિપરીક્ષા લઈ રહ્યો હતો, તમે બધાને અહિંસાનો ઉપદેશ આપતા ફરો છો, પરંતુ તમારા જીવનમાં અહિંસાનું આચરણ કેટલી સીમા સુધી કરી શકો છો તે મારે નિહાળવું હતું.'

સાંભળી બાપુઃ 'ભાઈ, હું કદાચ તારી પરીક્ષામાં નાપાસ થયો હોઉં પણ અહિંસાની તું અવગણના કરીશ નહીં. કદાચ મારા જેવો સામાન્ય માણસ અહિંસાના આચરણમાં નાપાસ થાય, પરંતુ અહિંસા તો અણમોલ છે.'

સાંભળી પેલા માણસની આંખો આંસુથી છલોછલ થઈ. તેણે બાપુને વંદન કરતા કહ્યું : 'બાપુ, તમે સામાન્ય માણસ નથી. અહિંસાની ટોચ પર છો, તમારા જેવા પૂજ્ય માણસની સેવા કરવાને બદલે મેં શંકા કરી મને માફ કરશો.'

## ૦૮ ગુજરાતી લેખનશૈલી

**ડો. બળવંતભાઈ તેજાણી**

---

આ લેખ બાળકોને ઉદ્દેશીને લખાયો છે. શુદ્ધ-લેખન કરવા માટે બાળકોએ રાખવાની કાળજી વિષે તથા લખવાની શૈલી અને હસ્વ-દીર્ઘને યાદ રાખવાની નિશાનીઓની સાવ સરળ રીતે સમજૂતી અહીં આપી છે. આ બાબતો તરફ બાળકોનું ધ્યાન દોરવાથી બાળકની સમજ દઢ અને ચિરંજીવ બનશે.

પ્રિય બાલમિત્રો,

ગુજરાતી ભાષાના સ્વરો અને વ્યંજનો વિષે આપ સહુ જાણો છો. ચાલો, આજે આપણે આ વ્યંજન મૂળાક્ષરોને લખાણની રીતે થોડા વિશેષ રીતે સમજીએ :

૧. મૂળાક્ષરો અને હસ્વ તથા દીર્ઘ નિશાનીઓ

આ મૂળાક્ષરોના દેખાવની રીતે કે તેને લખવાની રીતે બે પ્રકાર પડે છે.

૧.સદંડી વ્યંજનો અને ૨. અદંડી વ્યંજનો

- જે વ્યંજનને લખીએ ત્યારે છેડે દંડ (લાકડી) મૂકીએ તે મૂળાક્ષર સદંડી કહેવાય. દા.ત. -ખ, ગ, ઘ, ચ, ણ, ત, થ, ધ, ન, પ, બ, ભ, મ, ય, લ, વ, શ,ષ.
- જે વ્યંજનને લખીએ ત્યારે છેડે દંડ (લાકડી) હોતી નથી તે મૂળાક્ષર અદંડી કહેવાય. દ.ત. –ક, છ, જ, ઝ, ટ, ઠ, ડ, ઢ, દ, ફ, ૨, હ, ળ.

જે વ્યંજનો સદંડી છે તેનો દંડ દૂર કરીને લખીએ એટલે એ અક્ષર અર્ધો થયો કહેવાય. એટલે અદંડી અક્ષરોને અર્ધા લખતી વખતે તેનો દંડ દૂર કરી, તેને પાછળના મૂળાક્ષર સાથે જોડી દઈએ છીએ...બરાબર ને...! જેમ કે, આવ્યા, નાખ્યા, ભાગ્ય, રમ્યા, લશ્કર, પથ્થર, ચાલ્યા વગેરે.

પણ જે વ્યંજનો અદંડી છે તેને અર્ધા કેમ લખીશું...? જેમ કે – ક ને અર્ધો કેમ લખવો...? છ ને કેમ અર્ધો લખીશું...?તેને તો દંડ છે નહીં...

તો જુઓ, કોઈ શબ્દમાં અદંડી અક્ષરોને અર્ધા લખતી વખતે તેને આખો જ લખીને તેની પછીના મૂળાક્ષરને થોડો લંબાવીને આ અદંડી સાથે જોડવો. જેથી વાંચનાર સમજી જશે કે તેને અર્ધો જ બોલવાનો(ઉચ્ચારવાનો)છે. જેમ કે, વાક્ય, નાટ્યસભા, વિભાજ્ય, મળ્યા, પડ્યો વગેરે.

સમજાઈ ગયું ને...!

પણ ૨ ને તમે પાછળના મૂળાક્ષર સાથે જોડેલો ક્યાંય જોશો નહીં. અર્ધો ૨ લખવા માટે આપણી લિપિમાં એક વિશિષ્ટ વ્યવસ્થા કરેલી છે. અર્ધા ૨ ને આપણે રેફ તરીકે ઓળખીએ છીએ. અર્ધચંદ્ર જેવો તેનો આકાર હોય છે. આ અર્ધો ૨ જ્યાં બોલાય તેની પછીના અક્ષર ઉપર તેને રેફ સ્વરૂપે મૂકવામાં આવે છે. જેમ કે, ધર્મ, કર્મ, સૂર્ય, આશીર્વાદ, ઊર્મિ, મૂર્તિ, પૂર્તિ, સ્ફૂર્તિ, મુહૂર્ત, અપૂર્ણ, સંપૂર્ણ, વગેરે.

સાથોસાથ એક નિયમ પણ આ તકે યાદ કરી લઈએ કે, રેફવાળા અક્ષરની પહેલાનો અક્ષર હંમેશા દીર્ઘ જ (ઇ કે ઉ) લખવામાં આવે છે. ઉપરનાં તમામ ઉદાહરણો જોઈ લો. (હા, કારકિર્દી અને ઉર્વશી આ બે શબ્દ એમાં અપવાદ છે.)

આપણામાંથી ઘણાને હસ્વ અને દીર્ઘની નિશાની યાદ રાખવામાં તકલીફ પડે છે. આપણી ભાષામાં આવી ચાર નિશાની છે : હસ્વ ઇ, હસ્વ ઉ, દીર્ઘ ઈ અને દીર્ઘ ઊ.

ચાલો, આપણે આ ચારેયને સરળ રીતે યાદ રાખવાનો કીમિયો બનાવીએ. જુઓ,

કિ, ખિ, મિ, તિ, સિ, દિ, જિ, પિ... -આ બધી નિશાનીઓ જુઓ...તે આગળ કરેલી છે ને ...? એટલે આ બધા મૂળાક્ષરોને કરેલી નિશાનીઓ એ હસ્વની નિશાનીઓ છે.

એવી જ રીતે કુ, ખુ, મુ, તુ, સુ, દુ, જુ, પુ... –આ બધી નિશાનીઓ પણ વળાંક લઈને અંતે તો આગળ તરફ જ જાય છે ને...? માટે આ બધી નિશાનીઓ પણ હસ્વ કહેવાય. ટૂંકમાં હસ્વ એટલે આગળ નિશાની.

હવે જુઓ- કી, ખી, મી, તી, સી, દી, જી, પી... -આ બધી નિશાનીઓ પાછળ કરેલી છે એટલે આ બધા મૂળાક્ષરોને કરેલી નિશાનીઓ એ દીર્ઘની નિશાનીઓ છે.

એ જ રીતે કૂ, ખૂ, મૂ, તૂ, સૂ, દૂ, જૂ, પૂ... આ બધી નિશાનીઓ વળાંક લઈને કઈ બાજુ જાય છે...? પાછળ તરફ જ ને...! માટે આ બધી નિશાનીઓ પણ દીર્ઘ કહેવાય. ટૂંકમાં દીર્ઘ એટલે પાછળ નિશાની.

હ્સ્વ એટલે નિશાની આગળ અને દીર્ઘ એટલે નિશાની પાછળ. -બસ, એટલું યાદ રાખવાથી તમારી કાયમી મુશ્કેલી દૂર થઇ જશે.

૨. લેખન કરવા માટે સામાન્ય રીતે કઈ કઈ બાબતોની કાળજી રાખવી જોઈએ ?

કોઈ લખાણ માટે સુંદર લેખન કરવું હોય તો નાની નાની, થોડી બાબતોની લખનારે કાળજી રાખવી જોઈએ. શરૂઆતના તબક્કે કરેલી થોડી કાળજીથી લેખનમાં બહુ મોટો ફેર આવતો હોય છે. ગમે તેમ લખાણ કરી નાખવાની ટેવ પડી જાય પછી એને લાંબા સમયે સુધારવી મુશ્કેલ હોય છે. આવી થોડી બાબતો આપણે જોઈએ :

● કાગળમાં આપેલી લીટીની પહોળાઈ કરતાં અર્ધી જગ્યામાં જ લેખન કરવું. વર્ણ(અક્ષર)ઉપર કરવી પડતી માત્રાઓ અને વર્ણ નીચે હ્સ્વ –દીર્ઘ ઉ-ઊ-ઋ નાં ચિહ્નો માટે જગ્યા રહે એટલે અર્ધી લીટી ખાલી રાખવાની છે.( લીટી જેવડા જ અક્ષરો કરવાથી આ બધાં ચિહ્નો-માત્રાઓ એકબીજા સાથે સ્પર્શ થતાં લખાણ સુંદર દેખાતું નથી.)

● ગુજરાતી અને હિન્દી લિપિમાં શાસ્ત્રીય રીતે લીટીને લટકાડીને(તાર પર કપડાં સૂક્વ્યાં હોય એ રીતે) અક્ષરો લખવામાં આવે છે. અંગ્રેજી લિપિમાં લીટી પર બેસાડીને અક્ષરો લખાય છે.

● લખતી વખતે બે શબ્દો વચ્ચે એક અક્ષર જેટલી જગ્યા રાખવી જોઈએ.

● અક્ષરની લંબાઈ અને પહોળાઈ એક સરખી રહે તે પ્રમાણે અક્ષરનો મરોડ કરવો જોઈએ.

● હ્સ્વ-દીર્ઘના વળાંકો, રેફ અને જોડાક્ષરો કાળજીપૂર્વક અને સમજ સાથે લખવા જોઈએ.

● લખતી વખતે વિરામચિહ્નોનો યોગ્ય ઉપયોગ કરવો જોઈએ.

● પ્રત્યેક ફકરાની શરૂઆતમાં એક ઇંચ જેટલી જગ્યા છોડીને લખાણ કરવું જોઈએ.

૩. લેખન કરતી વખતે શુદ્ધ લેખન માટે માટે સામાન્ય રીતે કઈ કઈ બાબતોની કાળજી રાખવી જોઈએ ?

● વાક્યમાં આવતો ભારદર્શક શબ્દ 'જ' હંમેશાં છૂટો લખવો. દા. ત. તમારા જ અક્ષરે પત્ર લખશો.

તેઓ ચોક્કસ મિટિંગમાં આવશે જ.

(તેમજ અને ભાગ્યેજ માં 'જ' ભેગો લખાય છે.)

● તોપણ અને જોકે ભેગાં લખવાં.

દા.ત. તમે નહીં આવો તોપણ તેઓ જશે જ.

છત્રી લેતા જશો, જોકે વરસાદ નહીં જ આવે.

● કે હંમેશાં છૂટો લખવો.

દા.ત. મેં ખાધું કેમ કે હું ભૂખ્યો હતો.

હું આવ્યો નહીં કેમ કે વરસાદ ચાલુ હતો.

● પ્રત્યયો હંમેશાં ભેગા લખવા.( હિન્દીમાં પ્રત્યયો છૂટા લખાય છે.) દા.ત. ટેબલમાં ચોપડી મૂકી છે.

રાકેશના ઘેર આપણે જઈએ.

નિસરણીથી તેઓ ઘર પર ચડ્યા.

● નામયોગી છૂટા લખવા.

દા.ત. ટેબલ પર પેન પડી છે.

પલંગ નીચે દફતર મૂક્યું હતું.

● દ્વિરુક્તિવાળા શબ્દો ભેગા લખવા.

દા.ત. ધીરેધીરે, દૂરદૂરથી, સાથોસાથ, વારંવાર, ભાતભાતના, જેમતેમ, તાજેતાજું, ટોળેટોળાં વગેરે.

● 'પૂર્વક' , 'વશાત્' , 'વત્' , 'માત્ર' , 'વિષયક' —ને આગળના શબ્દની સાથે જોડી રાખવા.

દા.ત. તે ભારપૂર્વક બોલ્યો.

સંજોગોવશાત્ વાવાઝોડું બહુ આવ્યું નહીં.

બધું હવે પૂર્વવત્ થઇ ગયું છે.

મિત્રો, લેખન કરતી વિરામચિહ્નો બાબતે કેવી કાળજી રાખવી જોઈએ એ બાબતે આપણે કોડિયુંના આગામી અંકમાં સમજ લઈશું.

(કલરવ, ૧૦૬, જી.આઈ.ડી.સી.રેસી., ચિત્રા, ભાવનગર, મો. ૯૪૨૮૮૧૦૬૮૨)

## ૦૯ 'ગાંધી ચિત્રકથા' ૧૯ ભાષામાં પ્રકાશન અને લોકાર્પણ

**ભૂષણ ઓઝા**

---

"મારા શરીરને તમે સાંકળથી બાંધી શકશો, અથવા એનો નાશ પણ કરી દેશો પણ મારા વિચારો — એને કેદ નહિ કરી શકો કે એનો નાશ નહિ કરી શકો."

જેના શબ્દોમાં આ તાકાત હતી અને વિચારોમાં શ્રદ્ધા હતી એવા મહાત્મા ગાંધીને એમના ૭૫માં નિર્વાણદિનની પૂર્વસંધ્યાએ — ૨૯ જાન્યુઆરી ૨૦૨૩ — એમને છાજે એવી શ્રદ્ધાંજલી આપતો કાર્યક્રમ યોજાઈ ગયો. સ્થળ હતું તમિલ સંગમ, નવી દિલ્હીનું સભાગૃહ. ઉપક્રમ હતો સ્વાતંત્ર્યસેનાની અને ચિત્રકાર શ્રીમતી સરલાદેવી મઝુમદારના મૂળ ગુજરાતી પુસ્તક 'ગાંધી ચિત્રકથા'નું અને તે ઉપરાંત અન્ય ૧૮ ભાષામાં થયેલા તેના અનુવાદોનું એક જ મંચ પરથી લોકાર્પણ.

સ્વાતંત્ર્યસેનાની અને ગાંધીવિચારને નિષ્ઠાપૂર્વક જીવનાર અને અમલમાં મૂકનાર શ્રીમતી સરલાદેવી મઝુમદાર. એ બહુ સારાં ચિત્રકાર પણ હતાં. એમણે ૧૯૬૮—૬૯માં ગાંધી શતાબ્દીવર્ષને અનુલક્ષીને 'ગાંધી ચિત્રકથા' શીર્ષકથી એક પુસ્તક કર્યું. જેમાં ગાંધીજીની મોહનથી મહાત્મા સુધીની યાત્રામાં આવેલા મુખ્ય પડાવોને ચિત્ર અને એનું આલેખન કરી આવરી લેવાયા. આ પુસ્તક એ સમયે ૬ અન્ય ભાષાઓમાં અનુવાદિત થયેલું અને તેને બહુ સારો પ્રતિસાદ મળેલો. 'ગાંધી ચિત્રકથા' મૂળ ગુજરાતી ભાષામાં શ્રીમતી સરલાદેવીએ લખ્યું. એ વખતે ભાષાંતર કરનાર પણ એટલા જ કટિબદ્ધ વ્યક્તિઓ હતા. ડૉ. કુરંગી દેસાઈ અને ડૉ. ચિત્રા દેસાઈએ હિન્દીમાં, શ્રી હેમંતકુમાર નીલકંઠે અંગ્રેજીમાં, શ્રી દામોદર શિખરેએ મરાઠીમાં, શ્રી કે.એમ.નટરાજને તામિલમાં ભાષાંતર કરીને આ પુસ્તકના વાચકવર્ગનો વ્યાપ વધાર્યો. એ સિવાય એના તેલુગુ અને મલયાલમમાં પણ અનુવાદો થયા હતા.

પ્રવર્તમાન સમય એટલે કે આ ૨૧મી સદીમાં ગાંધી વિચાર અને એની અસરકારકતાની સમજણની તાતી જરૂર છે - ખાસ કરીને નવી પેઢી માટે. આ વાતને ધ્યાન ઉપર લઈ શ્રી પ્રણવ દેસાઈ અને શ્રી તારક ઓઝા કે જે બંને સરલાદેવીના પરિવારજનો છે, તેમણે એક યજ્ઞ આદર્યો. એક એવો નિર્ધાર કર્યો કે આ પુસ્તક સમગ્ર દેશમાં, સમગ્ર દેશવાસીઓ સુધી એ રીતે પહોંચવું જોઈએ કે જેથી દરેક લોકો એને પોતાની ભાષામાં વાંચી શકે. આ યજ્ઞ બે તબક્કામાં થયો ૨૦૨૧ — વધુ ૩ ભાષા ઉમેરીને ૯ ભાષામાં અને પછી ૨૦૨૩ માં આ ગાંધીવિચારની જ્યોત વધુ ૧૦ ખૂણે પ્રજ્વલિત થઈ અને ગુજરાતી સહિત ૧૯ ભાષાઓમાં આ પુસ્તક હવે ઉપલબ્ધ છે. અહીં નેપાલી, જર્મન અને ફ્રેંચ એમ ૩ વિદેશી ભાષા પણ ઉમેરાઈ જે નોંધનીય છે? આ જહેમતમાં શ્રીમતી રુમેના બેગમ સઈદ (અસોમિયા) ડો. શ્રીમતી નલિની મડગાવકર (બાંગ્લા), શ્રી જી.એન. રંગનાથ રાવ (કન્નડ), ડો અયાઝ નાઝુકી (કશ્મીરી), શ્રી પી.આઈ. શંકરનારાયણ (મલયાલમ), ડૉ. એન. કિરણકુમાર સિંઘ (મણિપુરી), શ્રીમતી ક્રિષ્ના મોહંતી (ઓડીયા), શ્રીમતી મોનિકા શર્મા અને કુ.ગુરપ્રીત કૌર (પંજાબી), ડો.ભાવપ્રકાશ ગાંધી (સંસ્કૃત), ડો. અલાગન અન્નામલાઈ (તમિલ), ડો. પટ્ટીપક્કા મોહન અને ડો. શિરીષા મચારલા — (સિરી) (તેલુગુ), શ્રી. ગુલામ મુહમ્મદ મોહમ્મદ અંસારી (ઊર્દૂ), ડો. શ્રીકાંત પાઠક (જર્મન), શ્રી પંકજ મિશ્રા (ફ્રેંચ), શ્રી કૃષ્ણલાલ શર્મા (નેપાલી) જેવા ભાષાંતરકારોનો સાથ મળ્યો. આ સહુ વિવિધ ભાષાઓના જાણકારોએ ભાષાંતર જ નહીં જાણે ભાવાંતર કર્યું, ભાષા સાથે ભાવ ઉમેરી પુસ્તકને પોતીકું કર્યું. આ સમગ્ર પ્રકલ્પને,

વિચારવ્યાપને અનુરૂપ આકાર મળે એ નેમ લીધી ગુજરાતના શિક્ષણધામ વલ્લભ વિદ્યાનગર સ્થિત 'ગુરુ ડીઝાઇન' ના કાબેલ બંધુઓ શ્રી ભરત રાજ્યગુરુ અને શ્રી કેતન રાજ્યગુરુએ આ પુસ્તકને એક ગુણવત્તાસભર પ્રકાશન બનાવ્યું.

આ ઉપક્રમનું ત્રીજું મહત્ત્વનું પરિમાણ એટલે દિલ્હી સ્થિત નેશનલ ગાંધી મ્યુઝિયમ અને એના નિયામક ડૉ. એ.અન્નામલાઇનો ઉત્સાહપૂર્વકનો આવકાર, જેને કારણે એ યથોચિત સન્માનપૂર્વક રાજધાનીમાં રાજધાનીના ઠાઠ સાથે સંપન્ન થઈ શક્યો.

કાર્યક્રમની શરૂઆત થઈ એક સુંદર પ્રાર્થનાથી. ત્યારબાદ મુખ્ય અતિથિઓ, ભાષાંતરકારો, દરેક ભાષાના લોકપ્રતિનિધિઓ, 'ગાંધી ચિત્રકથા પરિવાર' અને અન્ય શ્રોતાઓનું શબ્દોથી સ્વાગત થયું. આ વિશેષ કાર્યક્રમ વધુ પ્રભાવક બન્યો ડૉ. કરણ સિંહ (પૂર્વ વિદેશમંત્રી)ની મુખ્યઅતિથિ તરીકેની અને પૂ. બાપુનાં પૌત્રી અને નેશનલ ગાંધી મ્યુઝિયમનાં ચેરપર્સન તથા સમારંભનાં પ્રમુખ સુ.શ્રી તારાબેન ગાંધી ભટ્ટાચાર્યની ઉપસ્થિતિથી. તેમના વિધિવત્ સ્વાગત અને પરિચય બાદ 'ગાંધી ચિત્રકથા' મૂળ ગુજરાતી ભાષામાં અને તે ઉપરાંત અન્ય ૧૮ ભાષાઓમાં અનુવાદિત થયેલાં પુસ્તકોનું એકસાથે એક ખાસ ડિવાઇસથી વિમોચન થયું.

આ એક અનન્ય ઘટના હતી કારણ કે, પુસ્તક પ્રકાશન અને વિમોચન થતાં હોય છે પણ, એક જ પુસ્તક એકસાથે આટલી ભાષાઓમાં – જેમાં ૧૬ ભારતીય ભાષા ઉપરાંત ૩ વિદેશી ભાષા પણ સામેલ છે – પ્રકાશિત થાય એ વિરલ ઘટના જ કહેવાય. આના મૂળમાં છે મહાત્મા ગાંધી. આ માત્ર શબ્દો કે આલેખનનું નહીં એક સબળ વિચારનું, ભાષાંતર છે – વિવિધતામાં એકતા – મજબૂત રાષ્ટ્રભાવનાનું જીવંત ચિત્રણ છે. આ પુસ્તકોને વ્યાપક જનતા સુધી પહોંચાડવાના પ્રતીક રૂપે ભાષાદીઠ આમંત્રિત વિવિધ ક્ષેત્રના એક એક લોકપ્રતિનિધિને આ પુસ્તકની એક એક નકલ આપવામાં આવી.

ડૉ. કરણ સિંહ અને શ્રીમતી તારાબેને એમના પ્રાસંગિક પ્રવચનમાં એ જ વાત પર ભાર મૂક્યો કે ગાંધીજી એમના અહિંસા અને સત્યાગ્રહના સફળ પ્રયોગથી અને એ વિચારોથી આજે પણ જીવંત છે અને આજના ભારતને, આજના વિશ્વને એ વિચારો પર ચાલવાની ખાસ જરૂર છે.

આવા પ્રેરણાત્મક પ્રવચન બાદ, શ્રી પ્રણવ દેસાઈએ 'ગાંધી ચિત્રકથા' અને એના દરેક ભાષાંતરકારોનો ટૂંકમાં પરિચય આપ્યો. સમગ્ર કાર્યક્રમ ત્યાં ઉપસ્થિત દરેક વ્યક્તિને સતત રાષ્ટ્રભાવનામાં ખેંચતો હતો. કારણ કે ભારતના ખૂણેખૂણેથી એટલે કે કશ્મીરથી લઈને કેરળ અને ગુજરાતથી લઈને આસામ સુધીનાં વિવિધ રાજ્યોમાંથી નવ ભાષાંતરકારો પ્રસંગને વધાવવા ઉપસ્થિત હતા. એમની ઉપસ્થિતિ અને ગાંધી વિચાર પ્રત્યેની નિષ્ઠાને બિરદાવવા 'ગાંધી ચિત્રકથા પરિવાર' અને નેશનલ ગાંધી મ્યુઝિયમ બંને તરફથી એમનું સન્માન કરવામાં આવ્યું.

આ વિશેષ કાર્યક્રમના બીજા ચરણમાં ગાંધીવિચાર અને એમના જીવનને આવરી લેતા ખાસ પ્રસંગોની સંગીત-નૃત્ય – વાચિક નાટ્ય સ્વરૂપમાં પ્રસ્તુતિ થઈ. અહીં પણ હિન્દી, અંગ્રેજી અને તમિલ જેવી વિવિધ ભાષાઓને સાંકળવાનો સફળ પ્રયાસ હતો.

કાર્યક્રમ પૂરો થયો પણ ગાંધીવિચારના પ્રસારનો ઉપક્રમ ચાલ્યા કરશે, એટલે જ અંતે પડદો પડ્યો નહીં....

. . . . અને આ ઉપક્રમ તા. ૩૦મી જાન્યુઆરીની સવારે નેશનલ ગાંધી મ્યુઝિયમ ખાતે પૂરો થયો. આવેલા અનુવાદકોમાંથી ઘણા ખરા નેશનલ ગાંધી મ્યુઝિયમ ખાતે ઉપસ્થિત હતા. થોડા મુલાકાતીઓ અને વિદ્યાર્થીઓની હાજરીમાં દરેક અનુવાદકને પોતાની ભાષામાં પોતાને વિષે, પુસ્તક વિષે થોડા શબ્દોમાં બોલવાનું ડૉ. અન્નામલાઈએ સૂચન કર્યું. બધાએ તે સહર્ષ સ્વીકારી લીધું. હાજર રહેલા સહુ કોઈએ થોડા સમય માટે 'ભારતની વિવિધતામાં એકતા' નો પ્રત્યક્ષ અનુભવ કર્યો.

## ૧૦ જિંદગીની વાત જીવથી...

**રણછોડ શાહ**

સુખ શબ્દમાં અવર્ણનીય આનંદનો સમાવેશ થયેલો હોય છે. સૌના જીવનમાં એક જ અપેક્ષા હોય છે કે સુખી થવું અને શકય હોય તો અન્યોને સુખી કરવા. પરંતુ સુખ એ કોઈ ચોક્કસ જથ્થો, આંક કે પ્રમાણ નથી. તે તો સાક્ષેપ છે. એકને જે વાતમાંથી સુખ પ્રાપ્ત થતુંહોય તે જ પ્રક્રિયા બીજા માટે દુઃખદાયક પણ હોઈ શકે. વળી એક વ્યકિત માટે એક સમયે જે સૌથી વધારે સુખપ્રેરક પરિસ્થિતિહોય તે સમય બદલતાં ઓછી કે તેનાથી વધારે પણ બને. લગ્નની વયે આતુરતાથી વિજાતીય પાત્રની રાહ જોતી વ્યકિત વધતી ઉંમરે કદાચ તેટલું જ આકર્ષણ કે ખેંચાણ અનુભવતી નથી ત્યારે સુખની માત્રા ઘટતી જાય છે તેવું નથી. પરંતુ સમય અને સંજોગો પ્રમાણે સુખની સમજ બદલાતી જતી હોય છે. સુખની સાપેક્ષતાનો ખ્યાલ આવી જાય તો પછી જિંદગી પર્યંત તમામ અવસ્થાઓમાં સુખ જ સુખ પ્રાપ્ત થતું રહે છે. સામાન્ય રીતે ખુશી ક્ષણિક લાગે છે. નાખુશી ખૂટતી જ નહોય તેવો અનુભવ થયા કરે છે. સુખનો સમય ઝડપથી પસાર થતો લાગે અને દુઃખ અનંત હોય તેવો ભાસ થાય છે. પરંતુ ખરેખર તેવું નથી. સામાન્ય રીતે મનુષ્યસ્વભાવ સતત આનંદ, ખુશી, સુખ, લીલાલહેર જ રહે તેવું ઈચ્છે છે પરંતુ તે શકય નથી.જીવનમાં કોણ કોને મળશે તે તો સમય નક્કી કરે છે. પરંતુ વ્યક્તિ જીવનમાં કોને મળશે તે સંજોગો નક્કી કરે છે. વ્યકિત કોના દિલમાં વસી જશે તે તો તેનો સ્વભાવ નક્કી કરતો હોય છે. સુખ બાબતે પણ લગભગ આવું જ છે. સુખ એ ભૌતિક નહીં આધ્યાત્મિક પરિસ્થિતિ છે. સુખ મન ઉપર આધારિત છે. મન નક્કી કરે તો ગરીબાઈમાં પણ સુખ પ્રાપ્ત થાય અને દુઃખી થવા માટે તો ગમે તેટલી શ્રીમંતાઈ પણ ઓછી પડે. જીવનમાં અનેક વળાંકો આવે છે પરંતુ પ્રત્યેક વળાંકથી કયા રસ્તે આગળ વધવું તે નક્કી કરવાનું કઠિન જરૂર છે, પરંતુ અશકય સહેજ પણ નથી. જે રસ્તે આગળ વધાય તે રસ્તો તો સુખ તરફનો જ હોય છે પરંતુ તેવું ન થાય તો સ્થિતપ્રજ્ઞતા પ્રાપ્ત કરી દુઃખમાં પણ સુખનો અનુભવ ચોક્કસ જ કરી શકાય.

સુખને કોઈપણ ચોક્કસ જડ ચોકઠામાં ગોઠવવાને બદલે વિશાળ પરિપ્રેક્ષ્યમાં જોવાનો પ્રયત્ન કરતાં પ્રત્યેક ક્ષણે, કોઈપણ પરિસ્થિતિ અને સંજોગોમાં સુખનો જ અનુભવ પ્રાપ્ત થશે. એક સાચી ઘટના કદાચ આ વાતને વધારે સ્પષ્ટ કરશે. ગામથી દૂર વૃદ્ધાશ્રમ હતો.અહીંયા એક સો વૃદ્ધ લોકો રહેતા હતા. આ સૌનાં ભોજન માટેની નિયમિત વ્યવસ્થા ગોઠવાઈ ગઈ હતી. રસોઈ કરવામાટે એક મહારાજ સેવાભાવથી પ્રેરાઈને રોજ અહીંયા આવતા હતા અને સફાઈ માટે એક બહેનની નિમણૂક કરવામાં આવી હતી. એક દિવસ મહારાજ બીમાર થતાં તેમને દવાખાને દાખલ કરવા પડયા જયાં અગાઉથી સફાઈ કરનાર બહેનના પતિ પણ દર્દી તરીકે હતા જ. બંને જણ મળ્યા.

આજે વૃદ્ધાશ્રમના તમામ સભ્યોને ભૂખ્યા પેટે સૂઈ જવું પડશે તેથી બંને જણ દુઃખી થઈ ગયા પરંતુ અન્ય કોઈ રસ્તો નહોતો. અચાનક મુશળધાર વરસાદ વરસી પડયો. આ પરિસ્થિતિમાં ગૃહપતિ અન્ય કોઈ વ્યવસ્થાન થઈ શકે તેવી મજબૂર પરિસ્થિતિમાં મૂકાઈ ગયા. પરંતુ હજાર હાથવાળો પ્રભુ બેઠો છે ને! ત્યાં તો આશ્રમના દરવાજે કોઈ વ્યકિત ટેમ્પો ભરીને મોટાં વાસણોમાં ઉત્તમ સ્વાદિષ્ટ રસોઈ લઈને આવી પહોંચી. તેઓએ પુત્રના જન્મદિવસની ઊજવણી માટે રસોઈ બનાવી હતી તે આપવા આવ્યા હતા. સાંબેલાધાર વરસાદના કારણે મહેમાનો આવી શકયા નહીં તેથી રસોઈ આશ્રમવાસીઓને આપવા માટે આવ્યા હતા. આ સમય આશ્રમવાસીઓ, ગૃહપતિ, રસોઈવાળા

મહારાજ અને કામવાળી બહેન માટે સુખદાયક ગણાય. પરંતુ જેના ઘરે જન્મદિવસની ઊજવણી હતી તેને માટે કેવો ગણાય? દુઃખદાયક કે સુખ આપનારો? જન્મદિવસની ઊજવણીની રસોઈ ભૂખ્યા લોકોને પહોંચી તેથી દુઃખની પરિસ્થિતિ સુખમાં પરિવર્તિત થઈ ગઈ. જન્મદિવસની ઊજવણીને કારણે સુખનો દરિયો થઈ ગયો હોત. પરંતુ વરસાદે સુખને દુઃખમાં ફેરવી નાંખ્યું. પરંતુ સમજુ વ્યકિતએ રસોઈ જરૂરિયાત હતી એવા લોકોને આપી દુઃખને સુખના દરિયામાં ફેરવી નાંખ્યું. પોતાના દુઃખને ખાબોચિયું બનાવી નાંખ્યું. જીવનમાં સુખ કયારેય સામેથી આવીને મળતું નથી. તે મેળવવું પડે છે. ઘટના, સંજોગો, પરિસ્થિતિ વગેરેને સુખમાં પરિવર્તિત કરનાર વ્યકિતને જીવનમાં કયારેય દુઃખનો સમય આવતો નથી. સુખ અને દુઃખ એક સિક્કાની બે બાજુ જેવાં છે. સિક્કો ઉછાળતાં દુઃખનો પાસો દેખાય તો પણ બીજી બાજુ સુખ છે જ તેવી ખાતરી છે તેને માટે સદાય સુખ જ સુખ છે. સુખ એ કોઈ ચોક્કસ સંજોગો કે પરિસ્થિતિ નથી. પરંતુ જીવન તરફનો દૃષ્ટિકોણ છે. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ. જો સદાય અમીદૃષ્ટિ રાખવામાં આવે તો સુખ પ્રાપ્ત થાય. અન્યોને સહાયરૂપ થવાથી, સંતોષી બનવાથી અને સંજોગોને સ્વીકારી લેવાથી સુખાનુભૂતિ જ થાય. જીવનમાં સુખ અનેકબાજુએથી પ્રાપ્ત થાય છે. માનવી જો ઈચ્છે તો સદાય સુખના સાગરમાં વિહરી શકે. દુઃખ તો નાનકડું ખાબોચિયા જેવું છે. વ્યક્તિ ધારે તો કૂદીને ખાબોચિયાને વટાવી જ શકે છે.

**આચમન :**

સૌ માણસના સુખ કારણે, કીધું જે કંઈ કામ;
ધરણીતળમાં ધન્ય તો, નિર્મળ તેનું નામ;
એવા જનોનો જગતમાં, કરવો જશ વિસ્તાર;
આપ્યો મુજને ઈશ્વરે, એ માટે અવતાર.

(ઍમિટી સ્કૂલ, ભરૂચ.
સંપર્ક : ૯૯૭૯૮૬૧૬૩૧)

**કવિનો શબ્દ**

કવિવર ટાગોરનો કાવ્યસંગ્રહ 'ગીતાંજલિ' પ્રથમ માતૃભાષા બંગાળીમાં લખાયો અને પછી પોતે જ અંગ્રેજીમાં અનુવાદ કર્યા પછી ગુરુદેવ ટાગોરે 'ગીતાંજલિ'નો અનુવાદ એક અંગ્રેજ વિદ્વાન પાદરી સી.એફ. એન્ડ્રુઝને ચેક કરવા આપ્યો. એમણે અનુવાદનો અભ્યાસ કર્યો પછી કહ્યું:

'મિ.ટાગોર, અનુવાદ સરસ છે, પણ ચાર જગ્યાએ ગ્રામરની એમાં ભૂલ છે.'

સાંભળી સમજી ટાગોર : 'મિ. એન્ડ્રુઝ એ ચાર જગ્યાએ ભૂલ સુધારી લઉં છું.'

કવિ ટાગોરે એ ચાર જગ્યાએ ગ્રામરની ભૂલ સુધારવા બીજા શબ્દો ગોઠવી દીધા એ પછી કવિએ લંડનમાં કવિ ડબલ્યુ બી. યીટ્સને આ સુધારો કરેલો અનુવાદ જોવા માટે આપ્યો. કવિ યીટ્સે કવિતા વાંચી, માણી પછી ટાગોરને કહ્યું:

'મિ. ટાગોર કવિતાઓનો અંગ્રેજી અનુવાદ તો ખૂબ સરસ કર્યો છે, પણ માત્ર ચાર જ જગ્યાએ થોડી સમસ્યા છે.' અને એ ચાર જગ્યા એટલે પેલા ચાર શબ્દો જે પાદરી સી.એફ. એન્ડ્રુઝે ટાગોર પાસે સુધાર કરાવેલ. ટાગોર તો કવિ યીટ્સની વાત સાંભળી વિસ્મય પામી તુરંત કવિ યીટ્સ સામે કબૂલ કર્યું :

'એ ચાર બદલાવ અંગ્રેજીના માસ્ટર મિ. એન્ડ્રુઝે કરવાના કહ્યા હતા.'

કવિ યીટ્સે કહ્યું : 'મિ. ટાગોર તો તમારા મૂળ શબ્દો શા હતા ? '

ત્યારે ટાગોરે પોતે કરેલ અંગેજી અનુવાદનો પ્રથમ ડ્રાફ્ટ દેખાડયો. એ જોઈ કવિ યીટ્સે કહ્યું: 'મિ. ટાગોર તમારા પેલા ચાર શબ્દો જ પાછા ગોઠવી દો. પેલા પાદરીની અંગ્રેજી ગ્રામરની સમજણ પાકી છે, પણ કવિતાની સમજણ કાચી છે ! પેલાએ બુદ્ધિથી અનુવાદ કરેલો તમે હૃદયથી કવિતાસર્જન કરો છો ! '

## ૧૧ વૈષ્ણવજન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાને રે..

**મહેશ પઢારિયા**

---

ગુજરાતીના આદિ ભક્તકવિ નરસિંહ મહેતાનું, દુનિયાની લગભગ મોટા ભાગની ભાષાઓના કલાકારોના કંઠે ગવાયેલું, મહાત્મા ગાંધીને અત્યંત પ્રિય એવા ભજન "વૈષ્ણવજન" માં વૈષ્ણવજનનાં લક્ષણો વ્યક્ત થયાં છે. ક્યારેક પ્રશ્ન થાય કે બાપુને આ ભજન આટલું બધું પ્રિય કેમ થયું હશે?

રાપર કૉલેજના અધ્યાપક રમજાનભાઈનું એક વ્યાખ્યાન સાંભળેલું એમાં આ પ્રશ્નના જવાબના અણસાર મળેલા, મારી યાદદસ્ત પરથી અહીં એ રજૂ કરું...જવાબ શોધતા આ પદની જે ખૂબીઓ દેખાય આવે એમાં પહેલી તો એ છે કે આ પદની ભાષા અહિંસક છે. ભાષા પણ હિંસક કે અહિંસક હોઈ શકે.

અખો, ભોજા ભગત વગેરેએ ધાર્મિક દંભને આડેહાથ લઈને ચાબખા માર્યા છે. જ્યારે અન્ય કેટલાક વિચારકો, કવિઓએ કે ભક્તોએ માણસને ઈશ્વરાભિમુખ કરવા પોતાની રચનાઓમાં સ્વર્ગની લાલચ કે નર્કનો ડર બતાવ્યો, જ્યારે પ્રસ્તુત પદ 'વૈષ્ણવજન' માં નરસૈયાએ વૈષ્ણવજન કોને કહેવાય? તેની લાક્ષણિકતાઓ બતાવીને આપણી સામે માત્ર અરીસો ધરવાનું કામ કર્યું છે. અરીસો ધરી બસ, એટલું જ કહે છે કે તું જ નક્કી કર કે તું કેટલા અંશે વૈષ્ણવજન છો?

વ્યક્તિને આવી સ્વતંત્રતા આપનાર પદમાં લોકતંત્રનું અભિવાદન અનુભવાય છે. ક્યાંય હિંસક લાગતો શબ્દપ્રયોગ જ ન હોય અને ઉચ્ચકક્ષાનું વૈષ્ણવત્વ કોને કહેવાય એ સુપેરે જણાવતું પદ, લોકતંત્ર અને અહિંસાના આરાધક એવા બાપુનો પ્રેમ પામે એમાં નવાઈ શી? બીજી એક ધ્યાન ખેંચે એવી બાબત એ છે કે નરસિંહ મહેતાએ પોતાને પ્રાપ્ત થયેલી પરંપરામુજબ ભગવાનના ભક્ત માટે 'વૈષ્ણવજન' શબ્દ પ્રયોજ્યો છે પણ વૈષ્ણવજનનાં લક્ષણોની જે વાત મહેતાજી કરે છે એ મારા નમ્ર મત મુજબ કોઈપણ ધર્મ - સંપ્રદાયના અદના આદમી, સાધકને લાગુ પડે એમ છે.

તમે 'વૈષ્ણવજન તો તેને કહીએ...' એ પંક્તિમાં વૈષ્ણવજનની જગ્યાએ 'મુસ્લિમજન તો તેને કહીએ...' મૂકીને વાંચો, ગાવ તો લક્ષણોમાં કોઈ ફેરફાર નહીં જ કરવો પડે. આવું જ પારસીજન, ખ્રિસ્તીજન, શીખજન વગેરે માટે પણ લાગુ પડે છે.

ટૂંકમાં આ પદ સર્વધર્મસમભાવ વ્યક્ત કરતું પદ પણ છે. એટલે હવે બાપુને આ પદ અત્યંત પ્રિય કેમ બની ગયું એનું રહસ્ય થોડું ઘણું સમજી શકાય એમ છે.આ પદમાં વર્ણવેલ વૈષ્ણવજનનાં લક્ષણો પૈકી પ્રથમ લક્ષણ છે 'જે પીડ પરાઈ જાણે રે....' પારકી પીડા જ્યારે પોતાના હ્રદયમાં માળો બાંધે ત્યારે માણસ પરકાયા પ્રવેશની સિદ્ધિ હસ્તગત કરતો હોય છે. મહાત્મા ગાંધીએ પોતાના રાજકીય ગુરુ ગોખલેજીની સલાહથી જાહેરમાં મૌન પાળ્યું. એક વર્ષ સુધી ભારતભ્રમણ કરીને ખરા અર્થમાં ભારતને પામવાનો પ્રયાસ કર્યો.

આ એક વર્ષમાં ગાંધીજીએ ભારતની ગરીબીના દર્શન કર્યા અને જિંદગીભર ત્રીજું વસ્ત્ર ધારણ નહીં કરવાની ભીષ્મ પ્રતિજ્ઞા કરી. આ ઘટનામાં બાપુએ ભારતની ગરીબ પ્રજામાં કરેલો પરકાયાપ્રવેશ હતો.

કપિલવસ્તુ નગરના યુવરાજ સિદ્ધાર્થને ક્યું દુઃખ હતું? એમણે કરેલી છન્ન સાથેની નગરયાત્રા દરમિયાન જોયેલા માંદગી, વૃદ્ધત્વ અને મૃત્યુનાં દશ્યોથી સંસારની આધિ-વ્યાધિ માત્ર જોઈ નહીં પણ અનુભવી.

આ 'જોવું' અને 'અનુભવવુ' માં જમીન-આસમાનનો તફાવત છે. સિદ્ધાર્થ સિવાયના આપણે સૌ

રોજ આવાં દશ્યો જોઈએ છીએ. જે અનુભવે એ પીડા પામે પણ ખરો અને પોતાના સહિત અન્યોને આ પીડામાંથી મુક્ત કરવાનો પ્રયાસ પણ કરે. સિદ્ધાર્થનું મહાભિનિષ્ક્રમણ એ એમનું 'પીડ પરાઈ જાણી'ને એમાંથી માણસજાતને છોડાવવા માટે થયેલું મહાપ્રયાણ હતું.

અમેરિકાના પ્રેસિડેન્ટ અબ્રાહમ લિંકન સાહેબ વ્હાઇટહાઉસથી પાર્લામેન્ટ જતા કાદવમાં ખૂંપી ગયેલા એક ભૂંડને, એની પીડાને પામીને તે ભૂંડને બહાર કાઢવા જાય અને મોડા પડે. આ અંગે કોઈએ એમને પૂછ્યું 'તમે આવું કેમ કર્યું?' તો લિંકન જવાબ આપે છે કે, 'ભૂંડની પીડા મને, મારી જાતને એટલી પીડાદાયક લાગી કે એમાંથી મુક્ત થવા માટે ભૂંડને પીડાથી મુક્ત કરવું અનિવાર્ય બની ગયું.' આ હતી લિંકનની કરુણા.

પીડાની અનુભૂતિ પામે એને દયાની ચરમસીમા એવી કરુણા ઊપજે. બુદ્ધ, ગાંધી વગેરેના આવા કરુણામય જીવન પાછળ એમણે પામેલી 'પરપીડા' હતી. આ પરપીડા જાણવી એ માત્ર વૈષ્ણવજન નહીં પણ સાચા અર્થમાં માનવ બનવા માટેનું પણ પ્રથમ પગથિયું ગણાય. દયાવિહીન નર પશુની પંક્તિમાં જઈને બેસે એવું બને. પ્રાચીન સમયમાં આપણે ત્યાં આવા દયાવિહીન માણસ માટે અસુર શબ્દ પ્રયોજાતો. પરની પીડા નહીં જાણનારો અસૂર પોતાની પાસે ઘણું બધું હોવા છતાં તે પરાયું ધન, સંપત્તિ કે સ્ત્રી હરવા તત્પર રહેતો હોય છે. રાવણ, કંસ, દુર્યોધન આનાં ઉત્તમ ઉદાહરણો છે.

અત્યારના સમયમાં પણ પરપીડા નહિ સમજનારા ભ્રષ્ટાચાર કરીને અન્યના અધિકારનું ધન ઓળવી જાય છે. ગેરરીતિ દ્વારા અન્યના લાભો હરીને અન્યોના હોદ્દાઓ સુધી પહોંચી જાય છે. આમ આજનો કહેવાતો સભ્ય સમાજ પણ આધુનિક રાવણ, કંસ કે દુર્યોધનની અસભ્યતાથી ભરેલો છે.

આપણી આ અપ્રામાણિકતાના પાયામાં આપણી 'પરપીડા' પામવાની અશક્તિ રહેલી જણાય છે. પ્રમાણિકતા એ તો આધ્યાત્મિકતાનું પ્રથમ પગથિયું ગણાય અને પ્રામાણિકતા માટે આ પરપીડા પામવી એ અનિવાર્ય બાબત ગણાય છે.

સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી સંતની લાક્ષણિકતા આપતા લખે છે...

"સંત પરમ હિતકારી, જગતમાં સંત પરમ હિતકારી.."

અન્યનું પરમ હિત જેને હૈયે વસેલું છે, અન્યનું હિત કરવા સદા તત્પર રહે તે સંત. આ અન્યનું હિત એ જ કરી શકે છે જે અન્યની પીડા પામી શકે. કોઈ વ્યક્તિને 'પરની પીડા' જાણ્યા, અનુભવ્યા વિના પરહિતની દિશા જડવી પણ મુશ્કેલ છે.

એક જમાનામાં રક્તપિત્તના રોગીને પોતાનાં જ સ્વજનો, પૂર્વના પાપથી આ રોગ થતો હોવાના વહેમથી દરિયાને હવાલે કરતા. એવા સમયે આવા રક્તપિત્તના રોગીઓને, પરપીડાને પામી જનાર સંત દેવીદાસ પોતાની પરબની જગ્યામાં લાવતા અને સારવાર કરતાં.

આવાં સેવાકાર્યોમાં નિજાનંદ માણીને ઈશ્વરની આરાધના કરતા આવા સંતો અને સમાજસેવકોનાં સેવાકાર્યો પાછળ એમનું બીજા માણસની પીડાનું થયેલું દર્શન હતું.

જુગતરામ દવે ઉચ્ચ, સુખી પરિવારમાં જન્મીને પોતાનું આખું જીવન આદિવાસી વિસ્તારમાં સેવાપ્રવૃત રહીને વ્યતીત કરે. સાધુ મૂળદાસ કુંવારી સગર્ભા કન્યાના ગર્ભ માટે પોતાને જવાબદાર ગણાવે, ઈસુખ્રિસ્ત વધસ્તંભ પર ચડતાં પણ કરુણાવાન બની શકે, વાલ્મીકિ જેવા સંસારથી પર થયેલા ઋષિ પણ સગર્ભા સીતાને આશ્રય આપીને માતાની મમતાથી પ્રસૂતિ પાર પાડી શકે. આ બધા પારકી પીડાને પોતાના હૃદયમાં માળો બાંધવા દીધો હોય એવા ઉત્તમ પુરુષોનાં ઉત્તમ ઉદાહરણો છે.

ટૂંકમાં આધ્યાત્મિકતાના રસ્તે ચાલવા ઇચ્છતો દરેક માણસ આ પરની પીડા જાણવાનો ગુણ કેળવે તે આવશ્યક છે. અન્યની પીડા નહીં જાણતો માણસ જ્ઞાતિએ વૈષ્ણવ હોઈ શકે પણ વૈષ્ણવજન ન હોઈ શકે. દુનિયામાં જેણે કંઈક પ્રેરણાત્મક - સારું કાર્ય કર્યું છે, પોતાના માટે નહીં પણ અન્યનાં સુખ વિશે વિચાર્યું છે એ તમામનાં જીવન જોઈએ

તો એમના જીવનનો પ્રથમ ગુણ પરપીડા જાણવાનો દેખાય આવે છે.

મહાનતાના ગૌરીશંકરે પ્રતિષ્ઠિત થયેલ કોઈ પણ મહાપુરુષે આ પ્રથમ પગથિયાની અવગણના કરી હોય એવું એક પણ ઉદાહરણ નથી. આ પ્રથમ પગથિયું ચડયા વિના,મોટો બનવા માગતો માણસ ધાર્મિક કે આધ્યાત્મિક હોવાનો ઢોંગ કરી શકે આધ્યાત્મિક બની ન શકે.

કારણ કે માત્ર તિલક, કંઠી, દીવા - આરતી, અન્નકૂટ વગેરેથી વૈષ્ણવજન બની શકાય એવું આ પદ કે અન્ય કોઈ પણ પદમાં દેખાતું નથી. ભગવાન ભોળો છે, ભોટ નથી. સાચા અર્થમાં પરની પીડા નહીં જાણકાર માણસ પ્રભુનો રાજીપો પામે એ શક્ય જ નથી. આવા માણસોના જીવનમાં દંભ હોય દમ ન હોય અને દમ વગરના માણસનું જીવન દમદાર ક્યાંથી હોય? આધ્યાત્મિક હોવામાં પાયાની સંવેદના પીડાની અનુભૂતિમાં છે. આવા કરુણાવાન મહામાનવો, યુગપુરુષોના અવતારકૃત્યથી આ વિષભર્યો સંસાર જીવવા જેવો શીતળ બની રહ્યો છે.

પારકાંની પીડા અનુભવી અને જગતને સો ટચની કરુણતાથી ભીંજવીને સુખી કરવા મથેલા, મથતા વૈષ્ણવજનોને સાદર વંદન સાથે અટકું.

**કળિયુગ**

પરિભ્રમણ કરતાં નારદ વૃંદાવનમાં યમુનાકિનારે આવ્યા ત્યાં વ્યથિત કરી દે એવું એક દશ્ય જોયું. એક યુવાન સ્ત્રી ઉદાસ આંખ, પીડામય ચહેરે થાકેલી પોતાના બે વૃદ્ધ પુત્રો સાથે બેઠી હતી.

આ જોઈ નારદે પૂછયું : ' આપ કોણ છો ? '

યુવાન સ્ત્રીએ જણાવ્યું : ' મારું નામ ભકિત છે. આ જ્ઞાન અને વૈરાગ્ય નામના મારા બે પુત્રો છે, તે જર્જર-ઘરડા થઈ ગયા છે. દ્રવિડ દેશમાં હું ઉત્પન્ન થઈ. ઘોર કળિયુગના પ્રભાવથી પાખંડીઓએ નષ્ટ-ભ્રષ્ટ કરી દીધી.

'હું દુર્બળ-નિસ્તેજ થઈ ગઈ. અનેક પ્રદેશોમાં વિહાર કરતા અંતે હું વૃંદાવનમાં આવી, તો પુનઃનવયુવતી,સુંદર સ્ત્રી બની ગઈ,પણ મને દુઃખ એ વાતનું છે કે મારા આ જ્ઞાન અને વૈરાગ્ય નામના બે પુત્રો ઘરડા, દુર્બળ થઈ ગયા છે. હું યુવાન સ્ત્રી અને પુત્રો વૃદ્ધ-ઘરડા ? એ જોઈ હું ખિન્ન અને ચિંતાગ્રસ્ત બની ગઈ છું.

ભકિતની વાત સાંભળી નારદે કહ્યું: 'કળિયુગના પ્રભાવથી પૃથ્વીલોક ઉપર તપ, સદાચાર,યોગ,સત્યનો મારગ ભ્રષ્ટ થઈ ગયો છે, પરિણામે સારો માણસ દુઃખી અને ખરાબ માણસ સુખી છે.

'બધી જ વસ્તુઓ સાર વિનાની થઈ ગઈ છે. દંભ,પાખંડ ફૂલ્યા સહજતા ઓસરી ગઈ છે. તપ અને વૈરાગ હવે જીભે જ રહ્યા, જીવનમાં નથી. કળિયુગમાં જ્ઞાન અને વૈરાગ્યની ઉપેક્ષા થતાં ચેતનહીન થઈ ગયા છે.'

## ૧૨ ઉમદા ચારિત્ર

**મહેન્દ્રભાઈ સી. જોષી**

આજ કાત્યાયનીના માનસપટ ઉપર ઉદયની યાદ ધસમસતા પૂરની માફક આવી અને એણે ટેલિફોન એક્સચેન્જ તરફ પગ ઉપાડ્યા. ત્યારે કાંઈ અત્યાર જેવી મોબાઈલની સુવિધા ન હતી. દૂરભાષ કેન્દ્રમાં ઓપરેટરને અમેરિકાસ્થિત ઉદયનો ફોન નંબર જોડી આપવા કહ્યું અને પ્રતીક્ષા કરતી ભૂતકાળને વાગોળતી બેસી પડી અમેરિકન લેખક અને ચિંતક ટોફલર કૃત(થર્ડ વેવ) 'ત્રીજુ મોજુ' આ ગ્રંથમાં તેણે ત્રીજા મોજાને ભાવિ માનવીય સંસ્કૃતિ તરીકે ઓળખાવ્યું. ઉદય કેટલો સરળ હતો? કૉલેજના ત્રીજા પગથિયાંની ઠેસના કારણે હાથમાંની બુક નીચે પડતા જ ઉદયે તે ઉપાડી કોઈ સ્પર્શ વિનાના નાજુકાઈથી કેવી પરત આપેલી?

પ્રથમ પરિચય આવા સુસંસ્કૃત વર્તનથી સ્પર્શી ગયો. પછી તો અવાર-નવાર મળવાનો સિલસિલો રહ્યો. અમે બંને સમવયસ્ક. કૉલેજના કેટલાક મિત્રોની ઈર્ષા છતાં ઉદય અને મારી મુલાકાત નિયમિત બની ગયેલી, કદી ટાળી ન હતી. તે દિવસ લાગલગાટ બે દિવસની તેની ગેરહાજરી મને અસહ્ય થઈ ગઈ હતી. શું બન્યું હશે? અમારા સંબંધોની જાણ તેના પરિવારને થઈ હશે ? કોઈએ મળતાં રોક્યો હશે? કેટલીય અટકળો સાથે તેમના ઘેર પહોંચી તો તાવથી પીડાતો તે પલંગ પર જોવા મળ્યો. મને જોઈને એની આંખોમાં એક ચમકારો આવી ગયો 'બા હું તમને કહેતો હતો ને તે આ કાત્યાયની, સંસ્કાર અને ખાનદાનીનું સુભગ મિલન જેમા ચરિતાર્થ થયેલું છે તે જ આ.'

મને સંકોચ થયો. બાએ રૂડો આવકાર આપ્યો , 'આવ દીકરી ઉદય તો તારા ભરપેટ વખાણ કરતો હોય છે. દીકરી તને જોવા અમારી ખૂબ ઈચ્છા હતી સારું થયું કે તું આવી ગઈ.' મા ના હાથમાંથી પાણીમાં બોળેલાં પોતાં લઈ તેના ધગધગતા કપાળ પર મૂકવા હાથ લંબાવ્યો અને ઉદય બોલી ઊઠ્યોઃ 'ના કાત્યાયની મારા શરીરને સ્પર્શ ન કરતી એ માનવીય સંસ્કૃતિ માટે કલંકિત બનશે '

આવા ઉમદા ચારિત્રના પૂજારીને પામવા અનેક પ્રસંગો ઊભા થયા પણ દર વખત કંઈક વાતો કરી અને વર્ષો વીતાવ્યા. કૉલેજનો અભ્યાસ પૂર્ણ કરી કાબેલ ડૉક્ટર બની વધુ અભ્યાસાર્થે અમેરિકા ગયાને બે દશક થયા. આજે તો બધું જ કહેવું છે.

એકાએક ઓપરેટરો રિસિવર હાથમાં આપતાં કહ્યું 'લો બેન રિંગ જાય છે'. રિસીવર હાથમાં રહ્યું. સામે છેડેથી 'હલો હલો' થયું. હા એ ઉદયનો જ અવાજ હતો. અને કોણ જાણે કેમ હાથમાંથી રિસિવર મૂકી દેવાયું. આ પાંગરતી નૂતન સંસ્કૃતિ વધારે સંવેદનશીલ, સભ્ય અને ચારિત્ર્યવાન હશે આ બધું જ ઉદયમાં જોવા મળ્યું.

(મો.૯૪૨૬૪ ૫૭૩૫૬)

### પસાર

ભગવાન બુદ્ધને હળવી પળોમાં સંઘમાં જોડાયેલી યશોદાએ પૂછ્યુંઃ

'ભગવાન ! તમે તપશ્ચર્યા કરી તે સમયગાળામાં હું તમને કયારેક યાદ આવતી ખરી ?'

ભગવાન બુદ્ધનો જવાબ હતોઃ-

'યશોધરા ! શરદપૂર્ણિમાની રાતે નિર્મળ જળના સરોવર પર ચંદ્રના પ્રકાશનો જે પટ સર્જાય તેમાંથી પસાર થઇ જતી શ્વેત સઢવાળી નૌકાની માફક તું મારા ચિત્તમાંથી પસાર થઇ જતી હતી.'

## ૧૩. સંસ્થા સમાચાર (માર્ચ, ૨૦૨૩)

**સંકલન : પ્રશાંત મહેતા**

---

**લોકભારતી સમાચાર**

- તા.૧ના રોજ લોકભારતી અધ્યાપન મંદિરમાં શ્રી નલિનભાઈ પંડિત, શ્રી દેવીબહેન પંડિત શ્રી હસમુખભાઈ દેવમુરારિએ રાત્રી પ્રવૃત્તિમાં ગીર વિસ્તારની ઇન્ટર્નશીપના પ્રતિભાવ રજૂ કર્યા અને આનંદ વ્યક્ત કર્યો.
- લોકભારતી લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષ બી.આર.એસ.ના વિદ્યાર્થીઓની દ્વજીજી ગ્રામશિબિર તા.૧થી ૭ દરમિયાન માનપુર ખાતે યોજાઈ ગઈ. આ શિબિરના અભિમુખતા કાર્યક્રમમાં શ્રી કાંતિભાઈ ગોઠી અને શ્રી હસમુખભાઈ સુથાર દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું. આ શિબિરના ઉદ્ઘાટન કાર્યક્રમમાં શ્રી રામચંદ્રભાઈ પંચોળી, શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી કાંતિભાઈ ગોઠી ઉપસ્થિત રહ્યા. આ દિવસો દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓ અને ગ્રામસફાઈ, વિવિધ વિષય પર તજજ્ઞના વ્યાખ્યાનો, ગ્રામસંપર્ક, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા. આ શિબિરના સમાપન કાર્યક્રમમાં શ્રી અરુણભાઈ દવે અને શ્રી હસમુખભાઈ સુથાર ઉપસ્થિત રહ્યા. આ શિબિરના સંયોજક તરીકે શ્રી પૂંજાભાઈ મકવાણા અને સહકાર્યકરો તરીકે શ્રી શ્રીધરભાઇ ગજ્જર, શ્રી મુકુંદભાઈ શ્રીમાળી, શ્રી યોગેશભાઈ ત્રિવેદી અને શ્રી વિશાલભાઈ જોશી ભાગીદાર થયા.
- પંચાયતરાજ તાલીમ કેન્દ્રમાં તા.૦૧/૦૩/૨૦૨૩ના રોજ ગ્રામપંચાયત મંત્રી ઓપવર્ગ – ૨૪૨ નો વર્ગ પ્રારંભ થયો જેમાં ભાવનગર, સુરેન્દ્રનગર, રાજકોટ, બોટાદ, મોરબી, અને અમરેલી એમ કુલ છ જિલ્લાના ૨૭ તાલીમાર્થીઓ હાજર રહેલ. જેના પ્રારંભિક કાર્યક્રમમાં શ્રી હસમુખભાઇ દેવમુરારિએ પ્રેરક પ્રવચન આપી વર્ગને ખુલ્લો મુક્યો
- તા.૫ ના રોજ લોકભારતી અધ્યાપન મંદિરમાં પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓનું વાલી સંમેલન યોજાયું. જેમાં ૨૨૫ જેટલા વાલીઓ આવ્યા. વિદ્યાર્થી, વાલી ,આચાર્ય , ગૃહપતિ અને સંસ્થાના નિયામકશ્રી અને મેનેજિંગ ટ્રસ્ટીશ્રીએ પ્રાસંગિક વાત કરી.
- તા.૭ના રોજ ગુલાબરાય હ. સંઘવી બી.એડ.કૉલેજ ભાવનગરના તાલીમાર્થીઓએ અને ડી.એલ.એડ. કૉલેજ બોરખડી, તાપીના તાલીમાર્થીઓએ લોકભારતી અધ્યાપન મંદિરની મુલાકાત લીધી.
- તા.૦૭ના રોજ વિદ્યાર્થીઓ અને પરિવારજનોની ઉપસ્થિતિમાં હોલિકા દહનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો. બીજે દિવસે ધૂળેટીની ઊજવણી કરવામાં આવી. મુક્ત અભિવ્યક્તિનો કાર્યક્રમ વિદ્યાર્થીઓ અને કાર્યકરોમાંથી રજૂ થયો, જેને સૌએ માણ્યો. બપોર પછી સારસ્વત ભવનમાં સંગીત અને લોકસાહિત્યનો એક સરસ કાર્યક્રમ ભાવનગરની સૂરસંગમ સંસ્થા દ્વારા રજૂ કરવામાં આવ્યો.
- તા.૧૩ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના સીનિયર અધ્યાપક અને લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટના ઉપનિયામક શ્રી શ્રીધરભાઈ ગજ્જરનું હૃદયરોગના હુમલાથી અવસાન થતાં સમગ્ર લોકભારતી પરિવાર શોકમગ્ન સ્થિતિમાં આવી ગયો અને તેમને તા.૧૪મીની સવારે ચિરવિદાય-અંતિમ યાત્રા યોજાઈ. સાયં પ્રાર્થનામાં તેમને શ્રી અરુણભાઈ

દવેએ ભાવસભર શ્રદ્ધાંજલિ અર્પણ કરી. તા.૧૬મીના રોજ તેમના નિવાસસ્થાને સમગ્ર લોકભારતી પરિવારની સમૂહપ્રાર્થના યોજી સદ્‌ગતને શ્રદ્ધાંજલિ પાઠવી.

- પંચાયતરાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૪/૦૩/૨૦૨૩ ના રોજ ગ્રામ પંચાયત મંત્રી ઓપવર્ગ – ૨૪૨ ના સમાપન કાર્યક્રમમાં શ્રી ગિરીશભાઈ દવે એ શુભેચ્છાઓ પાઠવી તેઓશ્રીના હસ્તે તાલીમાર્થીઓને પ્રમાણપત્ર વિતરણ કરેલ તેમજ પુસ્તક સપ્રેમ આપેલ
- તા.૨૫ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના સેવક શ્રી કાળુભાઈ લુણી(જી.બી.ટી.સી.ના સેવક, ફેરબદલી થઈને લોકસેવામાં આવેલા)નું હૃદયરોગના હુમલાથી અવસાન થતાં સમગ્ર લોકભારતી પરિવાર શોકમગ્ન સ્થિતિમાં આવી ગયો. તેમની અંતિમ યાત્રામાં કાર્યકરો જોડાયા. સાયં પ્રાર્થનામાં તેમને શ્રી રામચન્દ્રભાઈ પંચોળીએ શ્રદ્ધાંજલિ અર્પણ કરી, સૌએ બે મિનિટનું મૌન રાખીને સદ્‌ગતના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી.
- તા. ૨૫ના રોજ લોકભારતી અધ્યાપન મંદિરમાં સ્ત્રી સશક્તિકરણ માટે એડવોકેટ શ્રી ઘનશ્યામભાઈ ગોહિલ અને ગ્રામમિત્ર શ્રી દલસુખભાઈ પરમારએ સ્ત્રીઓ અંગેના કાયદાઓ અને તેના ઉપયોગ વિષે વાત કરી.
- તા.૨૬ના રોજ લોકભારતી અધ્યાપન મંદિરમાં રેડિયો કલાકાર અને બાળ વાર્તાકાર શ્રી આત્મન લાલકિયાએ આવીને વાર્તા રજુ કરી.
- તા.૨૬ના રોજ લોકભારતી અધ્યાપન મંદિરમાં સમર્થ ટ્રસ્ટમાંથી શ્રી મનીષભાઈ મંજુલએ આવીને શિક્ષણ વિષયક પોતાના વિચારો રજૂ કર્યાં.
- તા.૨૭મીના રોજ લોકભારતીના પૂર્વકાર્યકર શ્રી મનસુખભાઈ સલ્લાએ સાયં પ્રાર્થનામાં પ્રાસંગિક વક્તવ્ય આપ્યું.
- તા.૨૯ના રોજ શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી વિશાલભાઈ ભાદાણી લોકભારતીના શુભેચ્છક, દાતા અને અસ્પી ફાઉન્ડેશનના ચેરમને શ્રી શરદભાઈ પટેલ અને શ્રી કિરણભાઈ પટેલની મુલાકાતે લોકભારતીને સહાય કરવાની ઔપચારિકતાઓ માટે મુંબઈ જઈ આવ્યા.
- તા.૩૧ના રોજ લોકભારતી અધ્યાપન મંદિરમાં ડાયેટ, ડી.ઈ.ઓ. કચેરી અને ટી.પી.ઈ.ઓ., શિહોરની સંયુક્ત ટીમે વાર્ષિક નિરીક્ષણ કાર્ય કર્યું.
- લોકભારતી લોકસેવા મહાવિદ્યાલય ના પ્રથમ વર્ષ બી.આર.એસ.ના વિદ્યાર્થીઓની બાલવાડી શિબિર તા.૩૧/૩/૨૦૨૩ થી ૨/૪/૨૦૨૩ દરમિયાન યોજાઈ ગઈ. શિબિરના અભિમુખતા કાર્યક્રમમાં શ્રી કાંતિભાઈ ગોઠી, શ્રી હસમુખભાઈ સુથાર અને શ્રી ઇલિયાસભાઈ દ્વારા વિદ્યાર્થીઓને શિબિર અંગે અને વિવિધ કાર્યક્રમો અંગે વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું. શ્રી રામચંદ્રભાઈ વિશ્વશાંતિની ગુરૂકિલ્લી પુસ્તક વિશે વિશેષ પ્રસંગો સાંકળીને વાતો કરી. આ શિબિરના ભાગરૂપે ૭૧ વિદ્યાર્થીઓ અને ૩ કાર્યકરો શ્રી પૂંજાભાઈ મકવાણા,શ્રી યોગેશભાઈ ત્રિવેદી અને શ્રી વિશાલભાઈ જોષીની સહભાગિતા હેઠળ પ્રથમ દિવસે લોકભારતી પરિવારના બાળકો દ્વારા ઉદ્ઘાટન કરીને વિદ્યાર્થીઓ ગઢુલા, લંગાળા અને પરવાળા ગામની પ્રાથમિક શાળામાં જઈને સંમેલન, રમત ગમત, અભિનય ગીતો અને બાળવાર્તાઓની રમઝટ બોલાવી.ત્યાર બાદ લોકભારતીના પ્રાંગણ ઉપર દક્ષિણામૂર્તિ બાળમંદિર ભાવનગરના તજજ્ઞ બહેનો દ્વારા નાટ્ય તાલીમ, અને રાત્રે બાળ ફિલ્મ "હારૂન-અરુણ"નો શો યોજાયો. બીજા દિવસે સવારે ડૉ. દિકપાલસિંહ જાડેજા ઉર્ફે "હું છું વાર્તા કહેનારો" દ્વારા વાર્તાકથન-સર્જન તાલીમ, બપોરે

કલાશિક્ષક શ્રી ભૂપેન્દ્રસિંહ ગોહિલ દ્વારા ચિત્ર અને સર્જન કાર્યશાળા અને રાત્રે બાળ ફિલ્મ " આઈ એમ કલામ" નો શો યોજાયો. ત્રીજા દિવસે સવારે શ્રી મહાવીરસિંહ ગોહિલ દ્વારા બાળ વાર્તા,સંગીત નૃત્ય સાથે અભિનયગીતોની પ્રત્યક્ષ તાલીમ આપવામાં આવી. બપોરે સમાપન કાર્યક્રમમાં આ.શ્રી રામચંદ્રભાઈ પંચોળી અને શ્રી હસમુખભાઈ દેવમુરારિએ વિદ્યાર્થીઓના અહેવાલ અને રજૂઆતને પ્રોત્સાહન પૂરું પાડ્યું. શ્રી કાંતિભાઈ ગોઠી અને ડૉ.હસમુખભાઈ સુથારના માર્ગદર્શન અને શ્રી પૂંજાભાઈ મકવાણાના સંયોજન હેઠળ શિબિર સંપન્ન થઈ.

- શ્રી અરુણભાઈ દવે વાર્ષિક હિસાબોના કામોમાં વ્યસ્ત રહ્યા. તા. ૧૯મીએ અચલા ફાઉન્ડેશન દ્વારા યોજાએલ ગુરુપરંપરાની શિક્ષણ પ્રણાલી ઉપર મનનીય પ્રવચન અમદાવાદ ખાતે આપીને લોકભારતીને ઉજાગર કરી. સંસ્થાના યુવા કાર્યકર ભાઈશ્રી શ્રીધરભાઈના અને પછી ચોકીદારશ્રી કાળુભાઈ લુણીના હાર્ટ એટેકથી થયેલ અકાળ અવસાનથી ભારે અસ્વસ્થ રહ્યા. ઘટનાઓનો સ્વીકાર કરીને સ્વસ્થતાથી ભાગે આવેલું યજ્ઞાર્થેકામ પૂરું કર્યું.

**આંબલા સમાચાર**

- તા.૦૨ના રોજ ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા વિદાય સમારંભ શ્રી નલિનભાઈ પંડિતની અધ્યક્ષતામાં યોજાઈ ગયો.
- તા. ૦૨ના રોજ સિરમ ઇન્સ્ટિટ્યૂટના સી.એસ.આર. ફંડમાંથી જે જે લોકશાળાને સહાય મળેલ છે તેના હિસાબો તથા અહેવાલ અંગેની એક મિટિંગ શ્રી નીરવભાઈ દવે, શ્રી અરુણભાઈ દવે તથા લોકશાળાઓના સંચાલકો સાથે યોજાઈ ગઈ.
- તા.૦૪થી૦૬ના રોજ આચાર્ય સંઘના સેમિનારમાં શ્રી વાઘજીભાઈ અને વહીવટી સેમિનારમાં શ્રી ભગવાનભાઈ તથા શ્રી વિક્રમભાઈ દેસાઇ જઈ આવ્યા. ઉપરાંત એન.એસ.એસ.ના કોર્ડીનેટર શ્રી ગૌરાંગભાઈ વોરા વહીવટી સેમિનારમાં જઈ આવ્યા.
- તા.૦૮ના રોજ વિદ્યાર્થીઑ તથા કાર્યકર પરિવાર સાથે ધૂળેટી પર્વની ઉત્સાહપૂર્વક ઊજવણી કરવામાં આવેલ.
- ધોરણ – ૧૦ અને ૧૨ના વિધાર્થીઓએ ઉત્સાહપૂર્વક બોર્ડની પરીક્ષા પૂરી કરી.
- તા.૧૪ના રોજ લોકભારતીના શ્રી શ્રીધરભાઈ ગજ્જરની અંતિમ યાત્રામાં કાર્યકરો જઈ આવ્યા.

**મણાર સમાચાર**

- આંતરરાષ્ટ્રીય મહિલાદિનની ઊજવણી કળસાર મુકામે યોજવામાં આવી. જેમાં અહીંની મહિલા મંડળની ૧૦૦ જેટલી બહેનો જોડાઈ અને અહીંના મહિલામંડળ દ્વારા ઉત્પાદિત થતા જેવા કે વિવિધ ઉત્પાદનનો સ્ટોલ ઊભો કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં કાર્યકરો ઉપસ્થિત રહ્યાં.
- તા. ૮ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી નિમિત્તે સાયં પ્રાર્થનામાં શ્રીમતી કંચનબેન, શ્રી ડાયાભાઈ તથા શ્રી સુરસંગભાઈએ પ્રાસંગિક વાતો કરી.
- તા.૯ના રોજ ધોરણ-૧૦ ના છાત્રોનો શુભેચ્છા,ધોરણ-૧૨ નો વિદાય સમારંભ યોજાઈ ગયો. જેમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી પ્રશાંતભાઈ ઉપસ્થિત રહ્યા. તેમણે વિદ્યાર્થીજોગ સરસ ઉપયોગી વાતો કરી.
- આજ દિવસે ધોરણ-૧૦ તથા ૧૨ ના છાત્રોનો ફોટોસેશનનો કાર્યક્રમ યોજાઈ ગયો અને વર્ષ દરમિયાન છાત્ર-છાત્રાઓએ વિવિધ કાર્યક્રમો તથા સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગ લીધો હોય તેના પ્રમાણપત્રો અને ઈનામ વિતરણનો કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં વિશાળ સંખ્યામાં વાલીઓ (માતા-પિતા) ઉપસ્થિત રહ્યા.
- અહીં ચાલતા એન.સી.સી. ના કેડેટ્સ માટે તેની ભાવનગરની મુખ્ય ઓફિસ તરફથી પરેડ

યોજવામાં આવી તથા તમામ છાત્ર-છાત્રાઓને નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું.

- તા.૧૪થી ધોરણ-૧૦ તથા ધોરણ-૧૨ ના છાત્રોની પરીક્ષા શરૂ થઈ અને શાંતિપૂર્વક પૂર્ણ થઈ.
- રાજસ્થાનના શ્રી સોહનલાલ તરફથી મળેલ પીવાના પાણી માટેની સહાયથી પરબનું બાંધકામ શરૂ થયું.
- 'મોજીલું શિક્ષણ' અંતર્ગત લોકભારતી સણોસરા મુકામે 'કેસુડો' શિક્ષણ તાલીમ યોજાઈ ગઈ, તેમાં અહીંના મોજીલા શિક્ષણના બે શિક્ષકો તાલીમ લઈ આવ્યા.
- આ માસ દરમ્યાન તળાજા તાલુકાની ૪૪ પ્રાથમિક શાળામાં 'કેસુડો' તાલીમની તમામ પ્રવૃત્તિઓ કરાવવામાં આવી. વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ હોંશે હોંશે ભાગ લીધો.
- માયધાર મુકામે યોજાયેલ વિજ્ઞાન દિવસની ઉજવણીમાં અહીંના કેન્દ્રની કૃતિ રજૂ કરવામાં આવી.
- અહીંના કૃષિ-બાગાયત વિકાસ કેન્દ્રમાં તારીખ-૧૩/૩/૨૦૨૩ ના રોજ રાષ્ટ્રીય મસાલા સંશોધન કેન્દ્ર-અજમેરના ડાયરેક્ટર શ્રી એસ.એન.સક્સેના તથા તેમના કૃષિ વૈજ્ઞાનિકો મુલાકાતે આવી ગયા. તેમની સાથે મસાલા ના પાકો બાબતે એમ.ઓ.યુ કરવામાં આવ્યું. આ પ્રસંગે ડૉ.અરુણભાઈ દવે ઉપસ્થિત રહ્યા. ૧૦૦ જેટલા કિસાનોની હાજરીમાં એમ.ઓ.યુ કરવામાં આવ્યું. સિહોર તથા માયધાર ક્લસ્ટરમાં સફળ થયેલ મસાલા પાકોના ખેડૂતોના અનુભવો જાણવા મળ્યા તથા તેમનું સન્માન કરવામાં આવ્યું.
- મણાર ક્લસ્ટરની મહિલામંડળની ૧૦૦ જેટલી બહેનોના હેલ્થ ચેકીંગ માટેનો આરોગ્ય કેમ્પ હનુમંત હોસ્પિટલ-મહુવા દ્વારા યોજાઈ ગયો.
- મહિલામંડળ દ્વારા ઉત્પાદિત વિવિધ ખાદ્યપદાર્થ અને વસ્તુઓ માટેનો મેળો 'સરસ' સુરત મુકામે તા. ૩થી ૧૩સુધી યોજાઈ ગયો. જેમાં ચામુંડા મહિલામંડળની બહેનો જોડાઈ.
- અહીંના સીવીડ(દરિયાઈ શેવાળ) કેન્દ્રમાં ઉત્પન થયેલ શેવાળનું ૧૦૦ કિલોગ્રામ બીજનું વિતરણ 'શિયાળ' બેટ મુકામે કરવામાં આવ્યું.
- આ માસમાં થયેલ માવઠાને કારણે ખેતીમાં નુકશાની થયેલ છે.

**માઈધાર સમાચાર**

- તા. ૫ના રોજ ભાવનગર રોટરી ક્લબ દ્વારા માઈધારની વિદ્યાર્થીની બહેનો સાથે મહિલા સશક્તિકરણ કાર્યક્રમ યોજાયો. તમામ બહેનોનો હિમોગ્લોબીન ટેસ્ટ કરવામાં આવ્યો.
- તા. ૭ ના રોજ રંગોત્સવ - સંગીતસંધ્યા કાર્યક્રમ યોજાયો. જેમાં મનસુખભાઈ, રમણીકભાઈ, આકાશભાઈ, જગદીશભાઈ, ભરતભાઈ, અરજણભાઈએ લોકગીતો અને હાસ્યપ્રસંગો દ્વારા વિદ્યાર્થીઓને મોજ કરાવી.
- તા. ૯ના રોજ ૧૦ અને ૧૨ ધોરણના વિદ્યાર્થીઓના શુભેચ્છા કાર્યક્રમમાં ડૉ. ભદ્રાયુભાઈએ અને શ્રી રમાબહેન દેવમુરારિએ વિદ્યાર્થીઓને પ્રાસંગિક શુભેચ્છા આપી.
- તા. ૧૩ ના રોજ ભાવનગર વિજ્ઞાનનગરીના કાર્યકરગણ માઈધાર કેન્દ્ર તથા આવિષ્કાર વિજ્ઞાનકેન્દ્રની મુલાકાતે આવી ગયા.
- તા. ૧૩ ના રોજ આવિષ્કાર વિજ્ઞાનકેન્દ્રના કાર્યકરોની ભગવતી ચેરીટેબલ ટ્રસ્ટના સંયોજકશ્રી વિજયભાઈ કૌશલ સાથે મિટિંગ યોજાઈ ગઈ. વાર્ષિક તેમજ આગામી વર્ષના કાર્ય બાબતે વિસ્તૃત ચર્ચા-વિચારણા યોજાઈ.
- તા. ૧૩ ના રોજ પ્રાર્થના અનુસંધાને શ્રી અરુણભાઈ દવેએ ધોરણ- ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી.
- તા.૧૫ ના રોજ પિડિલાઇટ—મુંબઈની ટીમ સંસ્થા મુલાકાતે આવી ગઈ.

શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી વિશાલભાઈ ભાદાણીએ મુંબઈ જઈ લોકભારતીના શુભેચ્છક દાતા અને અસ્પી ફાઉન્ડેશનના ચેરમેન શ્રી શરદભાઈ પટેલ અને શ્રી કિરણભાઈ પટેલ સાથે ઉષ્માભર્યા વાતાવરણમાં સંબંધોને પુન: જીવિત કર્યા



લોકભારતી યુનિવર્સિટી તથા ભાવનગર જિલ્લા આચાર્યસંઘ સાથે થયેલો શિક્ષણ-સંવાદ













To.

From :

**Registered** *BVR/151/2021-2023, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2023*
**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुदित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।
**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-